# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**સેમેસ્ટર – 2**

**પેપર – MSW - 205**

# ક્ષેત્રકાર્ય અને અહેવાલ લેખન


| | | |
|---|---|---|
| એકમ-1 | શહેરી સ્લમ વિસ્તારનો પરિચય ક્ષેત્રકાર્યના હેતુ અને જરૂરિયાત | 01 |
| એકમ-2 | શહેરી સ્લમ વિસ્તારની સામાજિક શૈક્ષણિક, આરોગ્ય વિષયક અને આર્થિક સ્થિતિનો અભ્યાસ | 09 |
| એકમ-3 | શહેરી સ્લમ વિસ્તાર ની સમસ્યાઓનો અભ્યાસ | 16 |
| એકમ-4 | શહેરી સ્લમ વિસ્તાર માટે કાર્ય કરતી સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ અને યોજનાઓનો પરિચય | 23 |
| એકમ-5 | શહેરી સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય માટે ઉપયોગી સમાજકાર્યની પદ્ધતિ, જ્ઞાન, કુશળતાનો પરિચય | 38 |
| એકમ-6 | શહેરી સ્લમ વિસ્તારના ક્ષેત્રકાર્યનું મૂલ્યાંકન, અહેવાલ લેખન અને જાણવા શીખવા મળેલ બાબત | 48 |

એકમ-1

# શહેરી સ્લમ વિસ્તારનો પરિચય ક્ષેત્રકાર્યના હેતુ અને જરૂરિયાત

-: રૂપરેખા :-


**1.0 ઉદ્દેશો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 શહેરી સ્લમ વિસ્તારનો પરિચય**

**1.3 શહેરી સ્લમ વિસ્તારના ક્ષેત્રકાર્યના હેતુ**

**1.4 શહેરી સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્યની જરૂરિયાત**

**1.5 ઉપસંહાર**

**1.6 તમારી પ્રગતિ ચકાસો**

**1.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**1.8 ચાવીરૂપ શબ્દો**

**1.9 સ્વાધ્યાય લેખન**

**1.10 પ્રવૃત્તિ**

**1.11 કેસ સ્ટડી**

**1.12 સંદર્ભસૂચિ**


## 1.0ઉદ્દેશોઃ-

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ.....*

- *વિદ્યાર્થીઓને શહેરી સ્લમવિસ્તારનો વિસ્તૃતમાં પરિચય પ્રાપ્ત થશે.*
- *વિદ્યાર્થીઓને શહેરી સ્લમવિસ્તારમાં ક્ષેત્રકાર્યના હેતુઓનો વિસ્તૃતમાં ખ્યાલ આવશે.*
- *વિદ્યાર્થીઓને શહેરી સ્લમવિસ્તારમાં ક્ષેત્રકાર્યની જરુરિયાત ભણવા મળશે જે તેઓના વ્યવસાયિક વિકાસમાં ઉપયોગી થશે.*

## 1.1પ્રસ્તાવનાઃ-

*આ એકમમાં વિદ્યાર્થીઓને શહેરી સ્લમ વિસ્તારનો પરિચય આપવામાં આવ્યો છે. શહેરી સ્લમ વિસ્તારની પરિસ્થિતી ખૂબ દયનીય હોય છે. શહેરમાં રોજગારોની શોધમાં ગ્રામીણલોકો સ્થળાંતર કરીને આવે છે. જેઓ શહેરમાં રહેઠાણના આ કારણે ગીચવસ્તી, ગંદકી, લાઈટનો અભાવ, શુદ્ધ પાણીનો અભાવ, ગંદા પાણીના નિકાલની વ્યવસ્થાનો અભાવ, ગરીબી, જેવી અનેક સમસ્યાઓ સાથે જીવન વ્યતીત કરે છે. શહેરી સ્લમ વિસ્તારમાં મહિલાઓ અનેક સમસ્યાથી ઘેરાયેલી હોય છે. આરોગ્ય, પોષણ તેમજ શોષણના અનેક પ્રશ્નો હોય છે. જેની સાથે આખી જીંદગી વ્યતીત કરે છે. બાળકોમાં કુપોષણ, કૂપોષિત, ટી.બી. જેવા રોગોનું વધતું પ્રમાણ, ગંદુપાણી અને દુષિત ખોરાકના કારણે પેટનું રોગપણ*

વધારે થાય છે. ઝાડા ઉલ્ટી, ગીચવસ્તી અને ચૂલા પર ભોજન બનાવવાથી મહિલાઓમાં દમ જેવા રોગોનું પ્રમાણ પણ આ વિસ્તારમાં જોવા મળે છે. શહેરી સ્લમ વિસ્તારના બાળકોના શિક્ષણનું પ્રમાણ પણ ઘણું જ નીચું હોય છે. તેમજ શિક્ષણ અંગે યોગ્ય માર્ગદર્શન ન મળવાથી અદ્ધવચ્ચેથી શાળા છોડી દેતા બાળકોની સંખ્યા વધારે છે.નાની ઉમરમાં ગરીબીના કારણે બાળમજૂરીમાં જોતરાય જાય છે. જેના કારણે તેમનું શોષણ પણ થતું હોય છે. આમ શહેરી સ્લમ વિસ્તારમાં સમાજકાર્યનું એક અગવ્યનું ક્ષેત્ર પણ છે. જ્યારે અનેક સમાજકાર્યની પ્રવતિ કરવાની જરૂર પડે છે. સમાજકાર્ય અભ્યાસમાં ગ્રામીણક્ષેત્રો શહેરી સ્લમ વિસ્તારમાં, વનવાસી વિસ્તાર, દુર્ગમ વિસ્તારમાં કાર્ય કરવા માટે વિદ્યાર્થીઓને અનુભવ જોઈએ જે અભ્યાસ દરમ્યાન વિદ્યાર્થીઓને થવો ખૂબ જરૂરી છે. કહેવાય છે કે સમાજ કાર્યના વિદ્યાર્થી ભલે ને ઊંચી ઈમારતો કે આલીશાન કોલેજ કે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં હોય પરંતુ તેમની નજર તો જરુરિયાત મંદ લોકો સુધી પહોચવી જોઈએ. દુઃખી અને દરિદ્ર વ્યક્તિને જોઈને સમાજકાર્યમાં વિદ્યાર્થીઓમાં સંવેદન શીલતા આવી જોઈએ. શહેરી સ્લમ વિસ્તારમાં શિક્ષણ, આરોગ્ય, પોષણ, સ્વચ્છતા, આર્થિક વિકાસ, વ્યસનમુક્તિ, મહિલા અત્યાચાર અટકાવવા વગેરે જેવી સમસ્યાઓ ઉપર કાર્ય કરવાની જરૂર છે. જે અંગે આ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય દરમ્યાન વિદ્યાર્થી વિસ્તારના પ્રશ્નો અને પરિસ્થિતીથી વાકેફ થાય છે. જે તેઓને ભવિષ્યના એક સમાજકાર્ય કરના ઘડતર માટે ખૂબ જ અગત્યના અનુભવો થાય છે.

## 1.2 શહેરી સ્લમ વિસ્તાર નો પરિચય :-

ભારતમાં સ્લમ વિસ્તારને ઝૂપડપટ્ટીઓના નામથી ઓળખવામાં આવે છે. તેમાં પ્રાદેશિક તફાવતો છે. દિલ્લીમાં સ્લમ વિસ્તારને ઝુગ્ગી-ઝોપડી તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે મુંબઈમાં તેને ઝોપડપટ્ટી અથવા ચાવલો કહેવામા આવે છે. અન્ય શહેરો અને પ્રદેશોની વાત કરીએ તો કાનપુરમાં 'અહતારુ', કોલકાતામાં બુસ્ટીસ, ચેન્નઈમાં ચેરીસ અને બેંગલોરમાં કીર્સ નામથી પણ સ્લમ વિસ્તારને ઓળખવામાં આવે છે.

પરંતુ આમાંના મોટા ભાગના સ્લમ વિસ્તારોમાં ભૌતિક લક્ષણો આવશ્યક પણે સમાન છે. તો સામાન્ય રીતે જર્જરિત અને નબળા માળખાં સાથેના ઝૂપડાઓનું ગ્રુપ છે. જેમાં સામાન્ય અથવા શૌચલાયની સુવિધા નથી, મૂળભૂત સુવિધાઓના અભાવથી પીડાય છે. ડ્રેનેજ માટે અપૂરતી વ્યવસ્થા અને નક્કર અને નકામા અનેક કચરાના નિકાલ માટે અ-પર્યાપ્ત ઓ છે. જેના કારણે સ્લમ વિસ્તાર રહેવાસીઓ માટે હવા પાણીજન્ય રોગોથી વધુ ઘટનાઓ બને છે. મહારાષ્ટ્રમાં 2011ની વસ્તીગણતરી પ્રમાણે 1.18કરોડ લોકો સ્લમ વિસ્તારમાં રહેલા હતા. ત્યારબાદ આંધ્રપ્રદેશમાં લગભગ 1.02કરોડ લોકો સ્લમ વિસ્તારમાં રહે છે. ભારતમાં મેગા સિટી વિસ્તારમાં મોટો સ્લમ વિસ્તાર રહેલો છે.

આમ ટૂંકમાં કહીયે તો ઝૂપડપટ્ટી એ ખૂબ જ વસ્તી ધરાવતો શહેરી રહેણાંક વિસ્તાર છે. જેમાં નબળા અને નીચી ગુણવત્તાના ગીચ હાઉસિંગ એકમોનો સમાવેશ થાય છે. જે ગરીબી સાથે સંકળાયેલા હોય છે, ઝૂપડપટ્ટીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઘણીવાર બગડેલું અથવા અધૂરું હોય છે અને તેમાં મુખ્યત્વે ગરીબ લોકો વસે છે. જોકે ઝૂપડપટ્ટીઓ સામાન્ય રીતે શહેરી વિસ્તારોમાં સ્થિત હોય છે. કેટલાક દેશોમાં તે અન્ય વિસ્તારોમાં પણ જોવા મળે છે. આ વિસ્તારમાં રહેતા લોકોની રહેઠાણની ગુણવતા ઓછી અને નબળી હોય છે. આ ઉપરાંત સ્વ્છતાઓ અભાવ, સ્વચ્છ પાણી પુરવઠો, વિશ્વનીય વીજળી, કાયદાનો અમલ જેવી અન્ય મૂળભૂત સેવાનો અભાવ હોય છે. કાચા મકાનો હોય છે. જે ટેમ્પરરી પ્રકારના જોવા મળે છે. સ્લમ વિસ્તાર મુખ્યત્વે વિકાસશીલ દેશોમાં શહેરી વિસ્તારમાં જોવા મળે છે. વિકસિત દેશોમાં પણ જોવા

*મળે છે. વિશ્વની સૌથી મોટો સ્લમ વિસ્તાર ધરાવતા દેશોમાં કરાચી, પાકિસ્તાન, સોમાલિયા જોવા મળે છે.*

- **શહેરી સ્લમ વિસ્તારની વિભાવના:-**

*ઔદ્યોગીકરણ અને શહેરીકરણના કારણે શહેરી સ્લમ વિસ્તારો અસ્તિત્વમાં આવ્યા છે. ભારતની વસ્તી ગણતરી 2011 મુજબ ભારતની શહેરી વસ્તીના 37.70 કરોડ જેટલી થઈ છે. જે 2001 ની શહેરી વસ્તી વધારો દર્શાવે છે. ઓગષ્ટ 2000 માં નેશનલ કમિશન ફોર એન્ટરપ્રાઈસિસ ઈન દ અનઓર્ગેનાઇઝ્ડ સેક્ટર (એનસીઈયુએસ) દ્વારા બહાર પાડવામાં આવેલા "કંડિશન ઓફ વર્ક એન્ડ પ્રમોશન ઓફ લાઈવલિહૂડ ઈન દ અનઓર્ગેનાઇઝ્ડ સેક્ટર" અંગેના અહેવાલ દર્શાવે છે કે 2004-05 માં ભારતની કુલ કામદાર વ્યક્તિઓ પૈકીની 92 ટકા વ્યક્તિઓએ અનૌપચારિક ક્ષેત્રમાં અનૌપચારિક બિન ખેતી વિષયક ક્ષેત્રનો સમાવેશ થાય છે. અનૌપચારિક ક્ષેત્રના કામદારોમાં શિક્ષણ અને કૌશલ્યો ઓછા હોવાના કારણે ઉભરી રહેલા બજારોમાં ઉપલબ્ધ તકોનો તેઓ ઉપયોગ કરી શકતા નથી. આ બાબત, શહેરી વિસ્તારમાં જીવનનિર્વાહની વધુ સારી તકો મેળવવા માટે કૌશલ્યોનું સ્ટાર ઉંચુ લાવવું વધુ મહત્વનુ છે. તે હકીકત ઉજાગર કરે છે.*

*એન એસ એસ ઓ (નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઇઝેશન)ની કમિટીએ સ્લમની વ્યાખ્યા આપી છે કે "સ્લમ એ ઓછામાં ઓછા 20 ઘરની ઘનિષ્ઠ વસાહતો છે કે જ્યાં ખરાબ રીતે બનેલા મકાનો અસ્થાયી વસાહત, ગીચ વસ્તી મોટા ભાગે સ્વચ્છતાનો અભાવ અને સ્વચ્છ પીવાના પાણીનો અભાવ છે.*

*ભારતની વસ્તી ગણતરી વિભાગ દ્વારા વસ્તી ગણતરી માટે સ્લમને આવી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે કે ઓછામાં ઓછા 300 લોકો અને 60-70 ઘરની ઘનિષ્ઠ વસાહતો કે જેમાં અસ્વસ્થ્ય વાતાવરણમાં ખૂબ જ નજીક-નજીક બાંધવામાં આવેલા નબળા મકાનો કે જ્યાં અપૂરતી માળખાકીય સુવિધાઓ તથા યોગ્ય સ્વચ્છતા અને પીવાના સ્વચ્છ પાણી જેવી સુવિધાનો અભાવ હોય છે.*

- **સ્લમના પ્રકાર:**

1. *નોટીફાઈડ સ્લમ:- સરકાર દ્વારા કોઈપણ કાયદા હેઠળ માન્યતા પ્રાપ્ત કરેલા સ્લમ્સ.*
2. *રેક્ગ્નાઈઝ્ડ સ્લમ્સ:- સરકાર દ્વારા ગણતરીમાં લેવાયેલા સ્લમ્સ જેમાં માન્યતા મળેલી ન પણ હોય.*
3. *આઈડેન્ટી ફાઈડ સ્લમ્સ:- સરકાર દ્વારા યોગ્ય અધિકાર થકી ઓળખવામાં આવેલા સ્લમ્સ.*

- **સ્લમ વિસ્તાર માટે જવાબદાર મુખ્ય પરિબળો:**

1. **ઝડપી શહેરીકરણ:-** *વધુ સારી નોકરીની તકો અને રહેવાની સ્થિતિની શોધમાં ગ્રામીણ વિસ્તારોમાં લોકોનું શહેર તરફ સ્થળાંતર ઝડપથી શહેરીકરણ તરફ દોરી જાય છે અને મોંઘવારીના કારણે શહેરમાં ટેમ્પરરી મકાન બનાવીને રહે છે.*

2. **પરવડે તેવા આવાસનો અભાવ અને ગરીબી:-** *શહેરી વિસ્તારોમાં પરવડે તેવા આવાસની ઉણપને કારણે ઓછી આવક ધરાવતા જૂથો પાસે ઝૂંપડપટ્ટીમાં રહેવા સિવાય કોઈ વિકલ્પ નથી. વધુ ગરીબોનું પ્રમાણ ઝૂંપડી અથવા સ્લમ વિસ્તાર જોવા મળે છે.*

3. **નબળું શહેરી આયોજન:-** *નબળું શાસન અને ભ્રષ્ટાચાર આવાસ નીતિઓ અને શહેરી વિકાસ યોજનાઓમાં અપૂરતા અમલીકરણ તરફ દોરી શકે છે. જે ઝૂંપડપટ્ટીના વિકાસમાં ફાળો આપે*

*છે. અસરકારક ઝૂંપડપટ્ટી પુનઃ વિકાસનીતિઓની ગેરહાજરીને કારણે મુંબઈ અને દિલ્હી જેવા મોટા શહેરોનો સ્લમ વિસ્તાર વધતો જાય છે.*

4. **સ્થળાંતરઃ-** *કુદરતી આફતો અથવા સંઘર્ષો જેવા પરિબળોને લીધે આંતરિક સ્થળાંતર ઝૂંપડપટ્ટીની રચના તરફ ઘેરી જાય છે. ગ્રામીણ વિસ્તારોમાં જમીન ધોવાણ, પૂર અને દૂષકાળ જેવા વધુ પર્યાવરણીય મુદ્દાઓ લોકોને શહેરો તરફ ધકેલે છે. બિહાર અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાંથી સ્થળાંતરનો ઊંચો દર રહે છે. ત્યાના રહેવાસીઓ મેટ્રોપોલિટન શહેરોની ઝૂંપડપટ્ટીમાં રહે છે.*

5. **સામાજિક રાજકીય પરિબળોઃ-** *જાતિ ધર્મ અથવા વંશિયતા પર આધારિત ભેદભાવ અને સામાજિક અસમાનતા ચોક્કસ જૂથોને હોસિયામાં ધકેલી શકે છે. તેઓને પર્યાપ્ત આવાસની પહોંચ મર્યાદિત કરી શકે છે અને તેમને ઝૂપંડપટ્ટીમાં દબાણ કરી શકે છે.*

6. **આર્થિક અસમાનતાઓઃ-** *શહેરી વિસ્તારોમાં ધનવાન અને ગરીબો વચ્ચે વધતી જતા અંતરને કારણે ઓછી આવક ધરાવતા જૂથો માટે પોષણ શ્રમ વિકલ્પોના અભાવ જોવા મળે છે. જે તેમને ઝૂંપડપટ્ટીના વિસ્તારો તરફ ધકેલી દે છે. ભારતમાં આવકની અસમાનતા વધતી જાય છે. જેના કારણે ગરીબ એ વધુ ગરીબ અને મધ્યમવર્ગના લોકો પણ ગરીબી તરફ ધકેલાઈ જાય છે.*

7. **કાનૂની માન્યતાનો અભાવઃ-** *ઝૂંપડપટ્ટીના રહેવાસીઓના અધિકારોની કાનૂની માન્યતાનો અભાવ ઘણીવાર શહેરી આયોજન અને વિકાસમાં આ વિસ્તારોની ઉપેક્ષા તરફ દોરી જાય છે.*

8. **વૈશ્વિકરણઃ-** *એ અસમાન શહેરી વિકાસ તરફ દોરી ગયું છે, જ્યાં અમુક વિસ્તારો અત્યંત વિકસિત બને છે. જ્યારે અન્યની ઉપેક્ષા કરવામાં આવે છે જે સ્લમ વિસ્તારો તરફ લઈ જાય છે.*

## 1.3 શહેરી સ્લમ વિસ્તારનો ક્ષેત્રકાર્યના હેતુ

1. *વિદ્યાર્થીઓને વાસ્તવિક સામાજિક પરિસ્થિતી ઓછી પરિચિત કરવા અને તેમને વ્યવસાયિક સમાજકાર્ય પ્રેક્ટિસ માટે તૈયાર કરવા માટેનો ફીલ્ડવર્કનો સામાન્ય હેતુ છે.*
2. *વિદ્યાર્થીઓ ક્ષેત્રકાર્ય દરમ્યાન સમાજકાર્યના સિદ્ધાંતો, કુશળતાઓ, મૂલ્યો, કાયદાઓ અને યોજનાઓને આત્મસાત કરવા માટેનું એક સાધન છે.*
3. *વિદ્યાર્થીઓ થિયેરિકલ જ્ઞાનને જાણીને સમજી પ્રેક્ટિકલ કાર્ય એટલે કે ક્ષેત્રકાર્ય દરમ્યાન કાર્ય કરતી વખતે અમલમાં મૂકે છે. જેના દ્વારા વિદ્યાર્થીઓનો આત્મ વિશ્વાસ વધે છે.*
4. *ક્ષેત્રકાર્ય દરમ્યાન કરેલ કાર્યોને વિદ્યાર્થી સાથે મૂલવવાનો પ્રયત્ન કરે છે અને થિયેરિકલ સિદ્ધાંતો, પદ્ધતિઓ, કુશળતાઓ અંગે વિદ્યાર્થી વિચારીને મૂલવે છે. જેના દ્વારા થિયરીને વિદ્યાર્થી આત્મસાત કરે છે.*
5. *શહેરી સ્લમ વિસ્તારના રહેઠાણ, પાણી, વીજળી, શિક્ષણ, આરોગ્ય, કાયદો, વ્યસન જેવી પરિસ્થિતિને ક્ષેત્રકાર્ય દરમ્યાન વિદ્યાર્થી જાણે છે, સમજે છે જે તેને વ્યવસાયિક સ્કીલ ડેવલોપ કરવા માટે ખૂબ જ અગત્યનો હેતુ છે.*
6. *વિદ્યાર્થી ક્ષેત્રકાર્ય દરમ્યાન સ્લમ વિસ્તારની સમસ્યાઓથી પરિચિત થશે તેમજ સમસ્યા ઉદ્દભવના કારણો અને નિવારણ માટેના પરિચિત થશે.*
7. *સ્લમના બાળકો, મહિલાઓ અને લોકો માટે સંવેદનશીલ દ્રષ્ટિકોણ કેળવાશે.*

8. સ્લમ વિસ્તારના વિકાસના કાર્યો અંગે જાણકારી પ્રાપ્ત થશે.
9. સ્લમ વિસ્તાર માટે સરકારી યોજનાઓ અને વિકાસના કાર્યો અંગે જાણકારી પ્રાપ્ત થશે.
10. સમાજકાર્યની પદ્ધતિ અને કાર્યોને ધ્યાનમાં લાવવા ઉપયોગી થશે.

## 1.4 શહેરી સ્લમ વિસ્તારમાં કાર્યક્ષેત્રની જરૂરિયાત

વર્તમાન સમયમાં ઝૂંપડપટ્ટી એ શહેરી જીવન સાથે સંકળાયેલી સાચી ઘટના બની ગઈ છે. ખાસ કરીને. મેટ્રીપોલિ શહેરો ઝૂંપડપટ્ટીનો પડકાર, માનવ વસાહતો, વૈશ્વિક અહેવાલ 2003 રજૂ કરે છે. 2001માં 924 મિલિયન લોકો અથવા વિશ્વની શહેરી વસ્તીમાં 31.6ટકા ઝૂંપડપટ્ટીમાં રહેતા અને 554 મિલિયન અથવા વિશ્વના કુલ ઝૂંપડપટ્ટીના 60 ટકા લોકો એશિયામાં રહેતા હતા. બે અબજ લોકો ઝૂપડપટ્ટીમાં રહે છે. 2050 સુધીમાં ત્રણ અજબ લોકો હશે. દરરોજ વિશ્વના શહેરોમાં લગભગ 200000 લોકોનો વધારો થાય છે. (ન્યુવિર્થ 2007) વિશ્વભરમાં ઝૂપડપટ્ટીના વિકાસ થયો હોય છતાં ભારત જેવા વિકાસશીલ દેશોને આ ઘટનાની પ્રતિકૂળ અસર થઈ છે.

ઔદ્યોગીકરણ અને આર્થિક ઉદારીકરણ અને મોટી સંખ્યામાં બહુરાષ્ટ્રીય કંપનીઓ કારણે ભારતમાં ઝડપથી શહેરીકરણ થઈ રહ્યું છે. આનાથી રોજગારની શોધમાં ગ્રામીણથી શહેરી વિસ્તારોમાં સ્થાળાતર કરનારા લોકોને રોજગારની તક મળી છે. શહેરીકરણ પરના રાષ્ટ્રીય આયોગે ભારતમાં શહેરીકરણને એવી પ્રક્રિયા તરીકે વર્ણવ્યું છે કે જેમાં, ગ્રામીણ વિસ્તારમાં કામદારોની વધારાની વસ્તી શહેરી કેન્દ્રોમાં પુનસ્થાપિત થાય છે. જ્યાં બિન કૃષિ નોકરીની તકો ઉપલબ્ધ હોય છે. જો નોકરીની તકો ઉત્પાદક હોય અને લાભદાયક રોજગારી તરફ દોરી જાય તો શહેરીકરણ આર્થિક વિકાસ માટે પ્રેરક બને છે. જો તેમ છતાં શહેરીકરણ એ માત્ર ગ્રામીણ ગરીબીને શહેરી વાતાવરણમાં સ્થળાંતરીત કરવાનો પ્રયાસ છે.

શહેરી સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્યની વિશેષ જરૂરિયાત રહેલી છે. સ્લમ વિસ્તારમાં મહિલાઓ, બાળકો, સ્વચ્છતા, શિક્ષણ, આરોગ્ય, રહેઠાણ, વ્યસન વગેરે મુદ્દાઓ ઉપર વિશેષ કાર્ય કરવામાં આવે છે અને ઉપરોક્ત વિષયો ઉપર કાર્ય કરવાની ખૂબ જ જરૂરિયાત પણ છે.

(1) શહેરી સ્લમ વિસ્તારનો પરિચય મેળવવા માટે શહેરી સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય કરવું ખૂબ જ જરૂરી છે.
(2) શહેરી સ્લમ વિસ્તારની સમસ્યાઓ જાણવા અને સમજવા માટે સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય ખૂબ જ જરૂર છે.
(3) સ્લમ વિસ્તારના લોકો સ્ત્રી, બાળકો,યુવાન,વૃદ્ધ, પુરુષોની આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને આરોગ્ય વિષયક પરિસ્થિતિને જાણવી અને પ્રત્યક્ષ સમજવા માટે શહેરી સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્યની જરૂરિયાત છે.
(4) સ્લમ વિસ્તારમાં રહેતા લોકોના આરોગ્ય અને પર્યાવરણ વિષયક સ્થિત ને પ્રત્યક્ષ જાણવા અને સમજવા સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય જરૂરી છે.
(5) શહેરી સ્લમ વિસ્તારમાં રહેતા લોકોની આર્થિક પરિસ્થિતિ, રોજગારી, વગેરે વિષે માહિતી પ્રાપ્ત થઈ શકે છે.

(6) શહેરી સ્લમ વિસ્તારમાં રહેલા લોકો વ્યસન વિષયક સ્થિતિ અને વ્યસન મુક્તિ માટેના પ્રયત્નો અંગે વિસ્તૃત કાર્ય થઈ શકે છે.

(7) સ્લમ વિસ્તારમાં કાયદાની વ્યવસ્થા ગૂનાહનું પ્રમાણ, બાળમજૂરી, ચોરી જ્યાં ગુના સાથે સંકેળાયેલો લોકોના અપરાધ પાછળના કારણો જાણવા અને સમજ જરૂરી છે.

(8) સ્લમ વિસ્તારમાં સરકારી યોજનાનો અમલ જાણકારી તેમજ યોજનાની પહોચ વગેરે જાણવા અને સમજવા જરૂરી છે.

(9) સમાજકાર્યની પદ્ધતિ, સિદ્ધાંતો, કુશળતા સ્થાનિક સંસાધનોના અમલીકરણ સમાજ દ્વારા કરી શકાય માટે જરૂરી છે.

(10) ગ્રામીણ ક્ષેત્રે કાર્ય કરતાં શહેરી સ્લમ વિસ્તાર ક્ષેત્રકાર્ય એક નવો જ અનુભવ છે. જેમ ગરીબી, બેરોજગારી, ગંદગી, ગુનાહ વગેરે અનેક સમસ્યાઓના નિવારણમાં સ્લમ વિસ્તારમાં વિશેષ કાર્ય કરવાની જરૂર છે.

(11) આજનું બાળક એ આવતી કાલનો નાગરિક દેશના ઘડતરમાં તંદુરસ્ત, શિક્ષિત બાળકની જરૂરિયાત છે. માટે બાળકોના સ્વાસ્થ્ય વિષયક કાર્યક્રમ કરવા અને બાળકો પ્રાથમિક શિક્ષણ નહિ ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચી શકે તેવા પ્રયત્નો કરવા જોઈએ માટે ક્ષેત્રકાર્યની અગત્યની જરૂરિયાત રહેલી છે.

(12) સ્લમ વિસ્તારમાં વ્યકિતગત પ્રશ્નો, જૂથ બનાવવું અને સામુહિક કાર્ય કરવા જોઈએ. મહિલા મંડળ, યુવક મંડળ, યુવતી મંડળ તૈયાર કરવા જોઈએ. આ વિવિધ પ્રવૃત્તિદ્વારા વ્યક્તિગત વિકાસ કરવાની જરૂરિયાત છે.

(13) સ્લમ વિસ્તારના લોકોના પરસ્પરના સંબંધો અને વ્યવહારો જાણવા જરૂરી છે. સમૂહ સંબંધો જાણવા જરૂરી છે.

(14) સ્લમ વિસ્તારમાં પ્રદૂષણની સ્થિતિ અને તેના કારણોનો અભ્યાસ કરવો જરૂરી છે.

## 1.5 ઉપસંહાર :-

આ એકમમાં સ્લમ વિસ્તારનો પરિચય વિસ્તૃતમાં આપવામાં આવ્યો છે. સ્લમ વિસ્તારની હાલત નર્કથી પણ બદતર છે. જ્યાં બાળકો, મહિલાઓની સ્થિતિ દયનીય હોય છે. બાળકોમાં પોષણનો અભાવ, ચેપીરોગોથી ઘેરાયેલા રહે છે. સ્ત્રીઓમાં પણ પોષણની કમી અને અનેક પ્રજા સ્વાસ્થ્યની સમસ્યાઓથી પીડાય છે. જેઓમાં જાગૃત અને સેવાઓની પહોચ વધારવાની ખૂબ જરૂર છે. શિક્ષક વિશેષણ જાગૃતિની જરૂર છે. પર્યાવરણ અને સારા વાતાવરણ વચ્ચે લોકો રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ. રોજગારી અને સ્વાવલંબનના કાર્યોમાં જોડાવા માટે અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યો કરે છે. જે માટે કાર્ય કરવાની ખૂબ જ જરૂર છે. સમાજ કાર્યનો વિદ્યાર્થી વિદ્યાર્થીકાળથી ક્ષેત્રકાર્યની પ્રવૃત્તિ કરતો હોય છે અને સમાજ કાર્યની પ્રવૃત્તિમાં જ રહેતો હોય છે. જે દરમ્યાન વિદ્યાર્થીઓમાં અભ્યાસની સાથે સાથે વ્યવસાયિક રીતે પણ અનેક પડકારોનો સામનો કરવાનું આવે છે. સમાજ કાર્યના વિદ્યાર્થીઓ સ્લમ વિસ્તારમાં કાર્યકર્તા એક આત્મવિશ્વાસથી ભરપૂર નીડર, સમજદાર, સમાજકીય વર્કરનું ઘડતર થાય છે માટે શહેરી સ્લમ વિસ્તારના ક્ષેત્રકાર્યની જરૂર છે.

## 1.6તમારી પ્રગતિ ચકાસો :-

(1) *શહેરી સ્લમ વિસ્તારને કયા નામથી ઓળખવામાં આવે છે.*

(A)*ઝૂગ્ગુ* (C)*ચાવલો*

(B)*ઝોપડા* (D)*ઉપરોક્ત ત્રણેય*

(2) *સ્લમ વિસ્તારમાં ઓછામાં ઓછી કેટલી વસ્તી હોય છે.?*

(A) 300 (C) 200

(B) 400 (D) 600

(3) *સ્લમના કેટલા પ્રકાર છે?*

(A) 2 (C) 4

(B) 3 (D) 8

(4) *નીચેનામાંથી કયું પરિબળ સ્લમ વિસ્તાર માટે જવાબદાર છે.?*

(A)*ઝડપી શહેરીકરણ* (C)*સામાજિક પરિબળો*

(B)*સ્થળાંતર* (D)*ઉપરોક્ત તમામ*

(5) *વિશ્વના કેટલા ટકા લોકો (2021ના વૈશ્વિક અહેવાલ) પ્રમાણે વસાહતમાં રહે છે.*

(A) 40.8 (C) 20.8

(B) 31.6 (D) 21.8

## 1.7તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (D)*ઉપરોક્ત ત્રણેય*

2. (A) 300

3. (B) 3

4. (D)*ઉપરોક્ત તમામ*

5. (B) 31.6

## 1.8ચાવીરૂપ શબ્દો

**સ્લમ** : *ગરીબ, સાધનવિહોણા, ઘરવિહોણા લોકોનો વિસ્તાર જ્યાં તેઓ કાચા, પતરના અથવા ઝૂંપડી જેવા મકાનમાં રહે છે.*

**સ્થળાંતર** : *સ્થળાંતર એટ્લે સ્થાન ફેર જેનો આશય, અન્યત્ર વસવાટ કરવાનો હોય છે.*

**વૈશ્વિકરણ** : *સ્થાનિક અથવા પ્રાદેશિક સંજોગો, વસ્તુઓનું વૈશ્વિક સ્તરે રૂપાંતર થવાની પ્રક્રિયા.*

## 1.9સ્વાધ્યાય લેખન

1) *સ્લમ વિસ્તારનો અર્થ અને વ્યાખ્યા આપો.*

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

................................

2) *સ્લમ વિસ્તારના પ્રકારો જણાવો.*

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

................................

3) *શહેરી સ્લમ વિસ્તારના ક્ષેત્રકાર્યની જરૂરિયાત વર્ણવો.*

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..............................................................................

## 1.10પ્રવૃત્તિ

1. *સ્લમ વિસ્તારની મુલાકાત લઈને તેની પરિસ્થિતિનો ચિતાર મેળવવો.*
2. *સ્લમ વિસ્તારની સમસ્યાઓ જાણીને તેના નિવારણ માટે તમારા વિચારો પ્રદર્શિત કરો.*

## 1.11કેસસ્ટડી

1. *સ્લમ વિસ્તારમાં ગરીબીના કારણો અને ગરીબી હટાવના ઉપાયો સમજાવો.*
2. *સ્લમ વિસ્તારમાં મહિલા અને બાળકો માટેની પ્રવૃત્તિઓ.*

## 1.12 સંદર્ભસૂચિ


1. आहुजा राम – सामाजिक समस्याए, रावत बुक्स वर्ष – २०२४
2. आहुजा राम , मुकेश आरहुजा – समाजशास्त्र 'विवेचना' एवं परिप्रेक्षय रचित पब्लिकेशन
3. पाण्डेय तजस्कर – समाज कार्य – भारत बूक सेन्टर
4. पाण्डेय ओजस्कर - समाज कार्य – भारत बूक सेन्टर

## એકમ-2

## શહેરી સ્લમ વિસ્તારની સામાજિક શૈક્ષણિક, આરોગ્ય વિષયક અને આર્થિક સ્થિતિનો અભ્યાસ

-: રૂપરેખા :-

**2.0 ઉદ્દેશો**

**2.1 પ્રસ્તાવના**

**2.2 શહેરી સ્લમ વિસ્તારનો પરિચય**

**2.3 શહેરી સ્લમ વિસ્તારની સામાજિક સ્થિતિનો અભ્યાસ**

**2.4 શહેરી સ્લમ વિસ્તારની શૈક્ષણિક સ્થિતિ**

**2.5 શહેરી સ્લમ વિસ્તારની આરોગ્ય વિષયક સ્થિતિ**

**2.6 શહેરી સ્લમ વિસ્તારની આર્થિક સ્થિતિ**

**2.7 ઉપસંહાર**

**2.8 તમારી પ્રગતિ ચકાસો**

**2.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**2.10 ચાવીરૂપ શબ્દો**

**2.11 સ્વાધ્યાય લેખન**

**2.12 પ્રવૃત્તિ**

**2.13 કેસ સ્ટડી**

**2.14 સંદર્ભસૂચિ**

### 2.0 ઉદ્દેશો:-

*વિદ્યાર્થી મિત્રો આ એકમના અભ્યાસ બાદ તમે*

- *શહેરી સ્લમ વિસ્તારનો પરિચય મેળવશો.*
- *શહેરી સ્લમ વિસ્તારની સામાજિક, શૈક્ષણિક આરોગ્ય વિષયક સ્થિતિ વિષે માહિતી મેળવશો.*

### 2.1 પ્રસ્તાવના:-

*શહેરો ઝડપી વૃદ્ધિના એન્જિન બની ગયા છે કારણ કે તેઓ ઉચ્ચ ઉત્પાદકતા કેન્દ્રો છે અને સંસાધનોની સરળ એક્સેસ પ્રદાન કરે છે. શહેરીકરણ ઉંચા દરનું પરિણામ અનૌપચારિક વસાહતો અથવા ઝૂંપડાપટ્ટીઓનો ઉદય છે. જ્યાં પર્યાપ્ત રહેવાની જગ્યા, જાહેરસંસાધનો અભાવ, શિક્ષણનો અભાવ, ખરાબ આરોગ્યની સ્થિતિ, ગંદી વસાહત અને વસ્તી જોવા મળે છે. ભારતમાં 22 મિલિયનથી વધુ લોકો ગ્રામીણમાંથી શહેરી વિસ્તારમાં સ્થળાંતર થયા છે. સત્તાવાર અંદાજ દર્શાવે છે કે ભારતમાં ઝૂંપડપટ્ટીમાં રહેવાસીઓની સંખ્યા 1981માં 30 મિલિયનથી વધીને 2001માં 61 મિલિયનથી વધુ થઈ ગઈ હતી ત્યારે યુ.એન હેબિટટ્રેના અહેવાલમાં ભારતમાં ઝૂંપડપટ્ટીમાં રહેવાસીઓની સંખ્યા-100 મિલિયનથી વધુ હોવાનો અંદાજ છે. 2011 માં શહેરી ભારતીય પરિવારો 200 મિલિયન લોકો*

ઝૂંપડપટ્ટીમાં સ્લમ વિસ્તારમાં રહેતા હોવાનું મનાય છે. ભારતમાં આવાસની સમસ્યા એ શહેરી સ્લમ વિસ્તારનું મુખ્ય કારણ છે. જેના પરિણામે શહેરી સ્લમ વિસ્તાર જોવા મળે છે. સાથે સાથે એ પણ સાચે જ માનવું પડશે કે વિશ્વના દરેક મોટા શહેરોમાં વસ્તીનો મોટો ભાગ સ્લમ વિસ્તારમાં રહે છે. ભારતમાં શહેરી સ્લમ તેની સમસ્યાઓ અને નિવારણ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. આ વિસ્તારોની પ્રકૃતિને જુદા-જુદા લોકો અલગ-અલગ રીતે પોતાના મંતવ્યો આપે છે. ઘણા લોકો તેને "નરકીય જીવનના કેન્દ્ર" કહે છે. જ્યારે આસ્કર લેવિસ આવા સ્લમ વિસ્તારો માટે ગરીબી અને પતનની સંસ્કૃતિના નામે ઓળખાય છે. આ વિસ્તારો ભીડભાડથી ભરેલા, દુર્ગંધયુકત, મકાન, નાની ગલીઓ, ચારેય બાજુ ગંદુ વાતાવરણ, નાગરિક સુવિધાઓનો અભાવ, આર્થિક તણાવ, માદક પદાર્થઓના વ્યસન તથા ગુનાહોનું વધુ પ્રમાણ આ વિસ્તારોની સામાન્ય વિશેષતાઓ છે. ઔદ્યોગિક નગરોમાં ઉધઈની જેમ આવા વિસ્તારો વધતાં જાય છે. આ વિસ્તારોમાં માનવીઓ અમાનવીય દશામાં જીવન વ્યતીત કરે છે.

આ એકમમાં શહેરી સ્લમ વિસ્તારની સામાજિક પરિસ્થિતિઓ જોઈએ તો અનેક સામાજિક સમસ્યાઓ જોવા મળે છે જેમાં કુટુંબ વ્યવસ્થા અને લગ્ન વ્યવસ્થામાં મોટા પરિવર્તનો આવેલા નજર સમક્ષ આવે છે. સાથે સાથે સામાજિક રિવાજોમાં પણ પરિવર્તન જોવા મળે છે. સામાજિક અનેક સમસ્યાઓ જોવા મળે છે. જેમકે બાળમજૂરી, બાળગુના, બાળલગ્ન, ગુનાહિત પ્રવુત્તિ, મહિલાઓ સાથે અત્યાચાર, વ્યસનનું ખૂબ જ પ્રમાણે આ વિસ્તારોમાં જોવા મળે છે. જેમાં સરકારી કાયદાનું અમલીકરણ કરવું એક પડકાર છે. જે વિસ્તૃતમાં આ એકમમાં જાણવા મળશે. સાથે સાથે શિક્ષણનું નીચું પ્રમાણ અને મહિલા અને બાળકોમાં આર્થિક કારણો અધ્ધવચે શાળા છોડવાનું પ્રમાણ વધુ જોવા મળે છે. શિક્ષણની ખૂબ જ દયાની પરિસ્થિતિ છે. જે દેશના ભવિષ્ય સાથે જોડાયેલી સમસ્યા છે. આરોગ્ય વિષયક સ્થિતિ પણ ગંદકી અને યોગ્ય સમજના અભાવે ગરીબી, ગંદકી, માંદગી, મુત્યુના ભયમાં ફસાયેલા રહે છે. જેના કારણે મૃત્યુને માંદગીમાં ઓછી કમાઈમાં ઘણી મુશ્કેલીનો સામો કરે છે. આર્થિક પરિસ્થિતિ પણ ખૂબ જ દયાની છે. આર્થિક રોજગારીના સાધનનો અભાવ અને શિક્ષણના અભાવના કારણે આ વિસ્તારના લોકો રોજમદાર, ફેક્ટરીમાં મજૂરી, જ્યાં નાના મજૂરોના કાર્ય કરે છે અને ખૂબ ગરીબીમાં જીવન વ્યતીત કરે છે. આર્થિક રીતે ખૂબ નબળી પરિસ્થિતિ જોવા મળે છે.

## 2.2 શહેરી સ્લમ વિસ્તારનો પરિચય :-

શહેરી સ્લમ વિસ્તારનો પરિચય મેળવવો ખૂબ જ જરૂરી છે. એ. આર. દેસાઈ ના મત મુજબ શહેરી સ્લમ વિસ્તાર નો ખર્ચ સ્પષ્ટ કરતાં જણાવે છે કે સ્લમ વિસ્તાર કોઈ શહેરનો ભાગ હોય છે. જ્યાં નાની મોટી મજૂરી કરતાં લોકો ઓછી આવક ધરાવતા લોકો રહેતા હોય છે. ડૉ. દેસાઈના મતે મોટી સંખ્યામાં, ગરીબી, અસ્વચ્છતા, ગીચતા આ વિસ્તારોની સૌથી મોટી વિશેષતાઓ છે.

મુંબઈ માં કરવામાં આવેલ એક સર્વક્ષણ રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે સ્લમ વિસ્તારો નું તાત્પર્ય એવા વિસ્તારો સાથે છે. જ્યાંના ઘરો અત્યંત ગીચ હોય છે. જ્યાં ગીચતા હોય છે. સ્વચ્છતાંનો અભાવ હોય છે.ઘરો કોઈ પણ આયોજન વગર ના હોય છે.જે કાચા ઝૂપડા જે કોઈપણ સુવિધાઓ વગર ના હોય છે. નિમ્ન પ્રકાર ની સુવિધા વગર અસ્વસ્થ રીતે આ વિસ્તાર માં રહેતા હોય છે.

## 2.3 શહેરી સ્લમ વિસ્તારની સામાજિક સ્થિતિનો અભ્યાસઃ-

*શહેરી સ્લમ વિસ્તારનું સર્જન દૂરદરાજ વિસ્તારમાંથી મજૂરીની શોધમાં આવેલ લોકો રહેઠાણ ન મળતા કાચા મકાન અને ગીચ વસ્તીમાં રહેતા હોય છે. જેના કારણે સામાજિક સ્થિતિ જોઇએ તો ઘણા પ્રશ્નો સ્લમ વિસ્તારમાં જોવા મળે છે. ઔદ્યોગિકરણ અને શહેરીકરણના કારણે ભારતીય કુટુંબ વ્યવસ્થામાં પરિવર્તન આપીને સંયુક્ત કુટુંબમાંથી વિભકત કુટુંબ પ્રથા અસ્તિત્વમાં આવી છે. ગામડાઓ તૂટતાં ગયાં છે અને શહેરો વધુ ગીચ ને ગીચ બનતા ગયા છે. જ્યાં પતિ-પત્ની અને બાળકો રહે છે.જે આ અન-ઓર્ગેનાઈઝ ક્ષેત્રમાં કાર્ય કરે છે. જ્યાં તેમને શોષણનો સામનો કરવો પડે છે. સાથે સાથે સામાજિક જ્ઞાતિ, જાતિ , રીતિ-રિવાજો બધામાં પરિવર્તન જોઈ શકાય છે. સ્લમમાં રહેતા લોકો ધીરે-ધીરે એ વિસ્તારને જ પોતાની દુનિયા અને વતન માની સ્થાઈ થઈ જાય છે. જેના કારણે તેઓની મૂળ ભાષા, પહેરવેશ વગેરેમાં પણ પરિવર્તન જોવા મળે છે. સ્લમ વિસ્તાર માં ગરીબી, બેરોજગારી ના કારણે સામાજિક અનેક સમસ્યાઓ જોવા મળે છે. જેવી કે બાળમજૂરી, બાળલગ્ન, બાળગુનાખોરી, ભિક્ષાવૃતિ, વેશ્યાવ્યવસાય જેવી સમસ્યાઓ વિસ્તરેલી જોવા મળે છે. વિદ્યાર્થીઓ એ સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ કરવા માટે નીચે મુદાઓ સ્લમ વિસ્તારમાં જઇને લોકો સાથે મુલાકાત કરવી. વાતચીત કરવી લોકસંપર્ક કરતાં સામાજિક પરિસ્થિતિનો વાસ્તવિક ખ્યાલ મેળવવો જોઈએ.*

*સામાજિક સ્થિતિના અભ્યાસ માટે ના જરૂરી મુદાઓ જે અંગે સ્લમ વિસ્તારની માહિતી એકત્રિત કરીને સમજવી.*

1. **કુટુંબ વ્યવસ્થા** - *કુટુંબના પ્રકાર, કુટુંબના સભ્યો ની સંખ્યા, વ્યવસાય, જ્ઞાતિ જાતિ, ધર્મ વગેરે માહિતી મેળવવી.*
2. **લગ્ન વિષયક માહિતી** - *લગન વ્યવસ્થા, લગ્ન ના પ્રકાર, લગ્ન સમય ના રિવાજ, દહેજ પ્રથા, બાળલગ્ન પ્રથા વગેરે અંગે માહિતી મેળવી શકાય.*
3. **સામાજિક રીત રિવાજો** - *બાળકના જન્મ સમયના રીત રિવાજ, વ્યકતિના મુત્યુ સમયના રિવાજ, લગ્ન સમયના રીત રિવાજો, સામાજિક કુરિવાજો, દહેજપ્રથા, બાળલગ્ન અને તેની પાછળના કારણો જાણવા.*
4. **સામાજિક સમસ્યાઓ –** *બાળમજૂરી, નશાખોરી, દેહ વ્યપાર, ચોરી, લૂંટફાટ વગેરે જેવી સામાજિક સમસ્યાઓ સામે આવે છે.*

## 2.4 શહેરી સ્લમ વિસ્તારની શૈક્ષણિક સ્થિતિનો અભ્યાસ :-

*શિક્ષણ દ્વારા જ વ્યક્તિમાં પ્રગતિ અને વિકાસ કરવો સક્ષમ બને છે. અહી શૈક્ષણિક સ્થિતિનો સંબંધ ઔપચારિક શિક્ષણ સાથે રહેલો છે. સામાજિક કાર્યકર તરીકે સ્લમ વિસ્તારના લોકોની શૈક્ષણિક સ્થિતિનો અભ્યાસ કરવાનો છે. શિક્ષણ એ વ્યક્તિ જુથ અને સમુદાયને સવાર્ગી રીતે વિકસવા અને સમાજમાં નાગરિક સુસાશન લાવવામાં મદદરૂપ બને છે. સ્લમ વિસ્તારમાં ગરીબ, પીડિત, બેરોજગાર લોકોનું પ્રમાણ વધારે હોય છે. તેઓ માટે પોતાની પ્રાથમિક જરૂરિયાત પૂરી કરવા માટે પણ ખૂબ જ પ્રયત્ન કરવો પડે છે. રોટી, કપડાં, મકાન, જેવી પ્રાથમિક જરૂરિયાત પણ પૂર્ણ કરી શકતા નથી. આ ઉપરાંત શિક્ષણ ની વાત કરીએ તો અપૂર્ણ સગવડો, શિક્ષણનું મહત્વ ને સમજતા નથી.*

આર્થિક તંગી બાળપણ માં જ બાળકોને મજૂરીમાં ધકેલી દે છે. જેથી બાળમજૂરીનું પ્રમાણ ખૂબ વધારે છે. જે ઉમર બાળકોની રમવાની અને શિક્ષણ મેળવવાની છે એ ઉમરના બાળકો સ્લમ વિસ્તાર ના મજૂરીમાં ધકેલાઈ જાય છે. જ્યાં તેમનું શોષણ થતું હોય છે. વધુ કામ અને ઓછા દામ આપવાની પ્રથા છે. બે ટંકનું ભોજન અને સ્વચ્છ વાતાવરણ પણ નથી મળતું. બાળકોને ઘણી વખત ગુનાહખોરીમાં ધકેલી દેવામાં આવે છે. વ્યસન, ચોરી, ગુનાહના ચક્રમાથી બહાર જ નથી નીકળી શકતા અને મોટા થતાં એક મોટા ગુનેહગાર તરીકે ગુનાહિત પ્રવૃત્તિ કરે છે. આપણાં દેશમાં બાળકો માટે અનેક છાત્રાલય, અનેક શાળાઓ, મધ્યાન ભોજન, સ્કોલરશિપ જેવી યોજના હોવા છતાં શિક્ષણની માહિતીના અભાવ ના કારણે શિક્ષણથી વંચિત રહે છે. ખાસકરીને બહેનોના તો નાનપણમાં લગ્ન અને ઘરકામ અને નાના બાળકોની સંભાળ રાખી માતા-પિતા મજૂરી કરવા જતાં હોય છે. ઘણી વખત ઘરઘાટી તરીકે દીકરીઓ ને મોકલવામાં આવે છે. જ્યાં તેનું ઘણું શોષણ થતું હોય છે. વિદ્યાર્થી મિત્રો તમે જે સ્લમ વિસ્તારમાં કાર્ય કરો છો. ત્યાં શિક્ષણ ની પરિસ્થિતિ જાણવા માટે નીચેના મુદાઓનો અભ્યાસ કરો:

- શાળા, આંગણવાડી
- સ્લમ વિસ્તારની શૈક્ષણિક સંસ્થાઓ અને તેની સ્થિતિ, સ્ટાફ, મકાન, બાળકોની સંખ્યા, કેટલા ધોરણ સુધી છે તેનો અભ્યાસ કરવો, શાળાના સાધનો, બેન્ચ, રમતગમતના સાધનો, સંગીતના સાધનો વગેરે વિશે માહિતી મેળવવી.
- શાળા ની અભ્યાસ પદ્ધતિ જાણવી.
- શિક્ષકો ના સ્લમ વિસ્તારના બાળકો સાથેનો વ્યવહાર જાણવો.
- શાળા માં સતત ડ્રોપઆઉટ, બાળકોના ઘરની મુલાકાત લેવી અને શાળામાં આવતા કરવા
- માધ્યમિક શિક્ષણ, ટેક્નિકલ શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ માટે સારી શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થી નું નામાંકન કરાવવું. સંસ્થાઓના પરિચય, જોડાણ, મુલાકાત કરાવવી.
- જે વિદ્યાર્થી શિક્ષણ મેળવવા માંગે છે. તેના માટે યોજના સ્કોલરશીપ વગેરે આયોજન કરવાનું વિચારવું.
- સ્લમ વિસ્તારમાં ટ્યુશન વર્ગ, કોચિંગ સંસ્થાઓ અને દ્વારા શરૂ કરાવવા જેવી પ્રવૃતિ કરી શકાય છે.
- શિક્ષણમાં રસ વધે તેવા સાંસ્કૃતિક કાર્યક્રમો, શિક્ષણ ના સાક્ષરતા વર્ગ, સ્પર્ધાઓ, સાથે બેઠક વગેરે જેવુ આયોજન કરવું જોઈએ.

## 2.5 શહેરી સ્લમ વિસ્તારની આરોગ્ય વિષયક સ્થિતિ:-

સ્લમ વિસ્તારમા રહેતા લોકો નીચું આરોગ્યપ્રદ જીવન જીવતા જોવા મળે છે. ગંદી, ગીચ વસ્તી, આરોગ્ય સેવાઓની પહોચના અભાવના કારણે, આરોગ્ય અને પોષણ વિષયક અનેક રોગોના વિષયકમાં ફસાયેલા રહે છે. મહિલાઓમાં કુપોષણ, બાળકોમાં કુપોષણ, ચેપીરોગો, દૂષિત ખોરાક અને પાણીથી થતાં રોગો, ટી.બી., કોલેરા, મલેરીયા, કમળો, ટાઈફોડ અને આ ઉપરાંત કેન્સર, એઇડસ, જેવા રોગોનું પ્રમાણ પણ વધુ જોવા મળે છે. સ્લમ વિસ્તારમાં સ્વછતાના અભાવના કારણે આરોગ્યનું સ્તર ખૂબ જ નીચું જોવા મળે છે. ચામડી ના રોગોનું પ્રમાણ પણ ખૂબ જ વધારે છે. આઝાદી ના 75 વર્ષ પછી પણ લોકોને આરોગ્ય અને પોષણના અભાવના કારણે માંદગી અને મૃત્યુ તરફ ધકેલાતા જોવા મળે છે. શિક્ષણ નો અભાવ અને ગરીબી પૂરતી સુવિધાનો અભાવ લોકોના નીચા આરોગ્ય માટે જવાબદાર છે. બાળકોમાં કુપોષણ, ચેપીરોગોનું પ્રમાણ વધારે છે. માતાઓ અને મહિલાઓમાં લોહતત્વની ખામી,

જાતિય રોગો અને ઓછું વજન અને અનેક બીમારીથી ઘેરાયેલી જોવા મળે છે. સ્લમ વિસ્તારમાં ફીલ્ડવર્ક દરમ્યાન વિધાર્થીઓએ સ્લમ વિસ્તારની નીચેની પરિસ્થિતી અંગે માહિતગાર થવું જરૂરી છે. આરોગ્યની સ્થિતિનો અભ્યાસ કરી તેમાં સુધારા માટે એક સમાજ કાર્ય કરે પ્રયત્નશીલ રહેવું જરૂરી છે.

- સ્લમ વિસ્તારના મહિલા, બાળકો, યુવાનો અને વૃદ્ધોની આરોગ્યની સ્થિતિ જાણવી.
- સ્લમ વિસ્તારમાં થતાં રોગો વિશે માહિતી મેળવવી.
- સ્લમ વિસ્તારના બાળકોના આરોગ્ય, પોષણ, રસીકરણ, માંદગીની પરિસ્થિતિ જાણવી.
- સ્લમ વિસ્તારમાં મહિલા, કિશોરીઓની આરોગ્ય વિષયક સ્થિતિ જાણવી અને સમજવી.
- સ્લમ વિસ્તાર ના લોકોમાં આરોગ્ય અને સ્વાસ્થય માટે સારવાર ની પદ્ધતિ જાણવી.
- બાળમૃત્યુ, માતા મૃત્યુની પરિસ્થિતી જાણવી અને સમજવી.
- સરકારી આરોગ્ય સેવાઓ, સંસ્થાઓ અને આરોગ્ય માટેની યોજના અંગે જાગૃતતા સમજવી.
- સરકારી આરોગ્ય સેવાઓની ઉપલબ્ધિ અને ગુણવતા જાણવી.
- સ્લમ વિસ્તારમાં સરકારી આરોગ્ય સંસ્થા સ્વૈચ્છીક સંસ્થા સાથે કરી મહિલા, કિશોરી, બાળકો માટેના કેમ્પનું આયોજન કરવું.

## 2.6શહેરી સ્લમ વિસ્તારની આર્થિક સ્થિતિઃ-

શહેરી સ્લમ વિસ્તારની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી હોય છે. ગામડાઓમાંથી શહેર તરફ સ્થળાંતર કરીને આવે છે. રોજગારીની શોધમાં તેઓ છૂટક મજૂરી, ફેરિયા અને અમુક મજૂરીના કાર્ય કરે છે. શિક્ષણ અને કુશળતાના અભાવના લીધે તેઓ કાર્ય કરી શકતા નથી. માથાદીક આવક અને કામગીરીમાં શોષણ, શ્રમ અને રીસ્ક વધુ હોય છે. માંડ  આવકમાં પોતાનું બેટંકનું ભોજન કરી શકે છે. માટે જ એ સ્લમ વિસ્તારમાં રહે છે. બચત, વિમો, સરકારી યોજનામાં પહોચનો અભાવ જોવા મળે છે. જેના કારણે મોંઘવારીમાં ગરીબ વ્યક્તિ વચ્ચે પીસાતો જ જાય છે. ગરીબ વધુ ગરીબ બનતો જાય છે અને અમીર વ્યક્તિ વધુ અમીર બનતો જાય છે. ગરીબ વ્યક્તિ આર્થિક નબળી સ્થિતિના કારણે પોતાની પ્રાથમિક જરૂરિયાત પણ સંતોષી શકતો નથી અને આર્થિક નબળી પરિસ્થિતી માં પોતાના બાળકોને નાનપણથી જ મજૂરી માં જોતરી દે છે. જેના કારણે બાળમજૂરીનું દૂષણ પણ વધે છે. ફેક્ટરી, હીરાના કારખાના, કેમિકલના કારખાનામાં કામ કરતાં જોવા મળે છે. જેમાં આખો દિવસ કામ કરે ત્યારે  મહિને માંડ 9 થી 10 હજાર રૂપિયા મળે છે. જેમાં માંડ ગુજરાન ચલાવે છે. મોટાભાગના લોકો સ્લમ વિસ્તારમાં ગરીબી રેખાની નીચે જીવતા હોય છે. સ્લમ વિસ્તારમાં ફિલ્ડવર્ક દરમ્યાન લોકોની આર્થિક સ્થિતિ નો અભ્યાસ કરવો ખૂબ જ જરૂરી છે.

- સ્લમ વિસ્તારમાં લોકોના આવકના સ્ત્રોત ક્યાં છે.
- સ્લમ વિસ્તારના લોકોની આર્થિક સ્થિતિ કેવી છે.
- સ્લમ વિસ્તારના લોકોના વ્યવસાય અંગે અભ્યાસ કરવો.
- સ્લમ વિસ્તારના લોકોની આવક, ખર્ચ, બચત, વીમો, દેવું વગેરે બાબતોનો અભ્યાસ કરવો.
- સ્લમ વિસ્તારના લોકો માટે કૌશલ્ય વર્તન, ટ્રેનીંગ કાર્યક્રમો કરવા.
- મહિલા મંડળની મહિલાઓ માટે  બચત મંડળની શરૂઆત કરવી.
- શ્રમ કાર્ડ કઢાવવું.
- નાના વ્યવસાયો કરતાં થાય તે માટે માર્ગદર્શન આપવું.

## 2.7 ઉપસંહારઃ-

*પ્રસ્તુત એકમમાં સ્લમ વિસ્તારની સામાજિક, શૈક્ષણિક, આરોગ્ય વિષયક અને આર્થિક પરિસ્થિતીનો ખ્યાલ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. જેના દ્વારા સમાજ કાર્યના વિદ્યાર્થીઓને સ્લમની પરિસ્થિતિનો વિસ્તૃતમાં ખ્યાલ આવે છે. વિધાર્થીઓ સ્લમ વિસ્તારમાં ક્ષેત્ર કાર્ય માટે જાય છે. ત્યારે સ્લમ વિસ્તારના પ્રશ્નો અને સમસ્યાઓને સમજી શકે અને સ્લમ વિસ્તારના લોકોની પરિસ્થિતિ જાણી શકે છે. વિદ્યાર્થીઓને સ્લમ વિસ્તારમાં કાર્ય કરવા માટેની એક ડાયરેકશન મળે છે. કાર્ય કર્તા પહેલાં તે આ અંગે થોડી સમજ લઈને જાય છે. જેથી વિસ્તાર અને લોકોનો તેમને સામાન્ય ખ્યાલ રહે છે. સમાજ કાર્ય નું કાર્ય એ એક ચેલેજિંગ કાર્ય છે. જે કરવા માટે વિદ્યાર્થીઆ માં તત્પરતા અને દ્રઢનિષ્ઠા હોવી જરૂરી છે. ધીરજ અને કુનેહ પણ એટલા જ જરૂરી છે.*

## 2.8 તમારી પ્રગતિ ચકાસોઃ-

(1) *સ્લમ વિસ્તારની રચનાનું મુખ્ય કારણ કયું છે.*

(A) *સ્થળાંતર* (C) *વસ્તીગીચતા*

(B) *ગરીબી* (D) *ઉપરોક્ત તમામ*

(2) *સ્લમ વિસ્તારના લોકોની સામાજિક સમસ્યા કઈ કઈ છે.*

(A) *બાળમજૂરી* (C) *ગુનાહો*

(B) *ભીક્ષાવૃતિ* (D) *ઉપરોક્ત તમામ*

(3) *સ્લમ વિસ્તારમાં લોકોની નીચી આર્થિક પરિસ્થિતિના કારણો કયાં છે.*

(A) *વસ્તીગીચતા* (C) *કુશળતાનો અભાવ*

(B) *ગરીબી* (D) *ઉપરોક્ત તમામ*

(4)*સ્લમ વિસ્તારના લોકોના આજીવિકાના સ્ત્રોત કયાં છે.*

(A) *છૂટક મજૂરી* (C) *ઘરઘાટી*

(B) *ફેરિયા* (D) *ઉપરોક્ત તમામ*

(5) *સ્લમ વિસ્તારમાં લોકોની નીચી આરોગ્ય ની સ્થિતિ માટે ક્યાં પરિબળો જવાબદાર છે .*

(A)*ભરવરતા* (C) *ગંદા વસવાટ*

(B)*જાગૃતિનો અભાવ* (D) *આરોગ્ય સેવાઓનો અભાવ*

## 2.9તમારી પ્રગતિ ચકાસોના જવાબઃ-

1 (A) *સ્થળાંતર*
2 (D) *ઉપરોક્ત તમામ*
3 (D) *ઉપરોક્ત તમામ*
4 (D) *ઉપરોક્ત તમામ*
5 (C) *ગંદા વસવાટ*

## 2.10 ચાવીરૂપ શબ્દો

**બાળમજૂરી** : 14 *વર્ષથી નીચેના બાળકોને બાળમજૂર કહેવામા આવે છે.*

**ગુના** : *અપરાધ*

**સ્થળાંતર** : *એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં જવું.*

## 2.11 સ્વાધ્યાય લેખનઃ-

(1) *સ્લમ વિસ્તારમાં લોકોની નીચી આર્થિક પરિસ્થિતિ માટેના કારણો અને આર્થિક પરિસ્થિતિ સુધારવા માટેના સૂચનો જણાવો.*

(2) *સ્લમ વિસ્તારના લોકોની આરોગ્ય વિષયક સ્થિતિને સુધારવા માટે આપનાં સૂચનો જણાવો.*

## 2.12 પ્રવૃતિ :-

(1) *સ્લમ વિસ્તારની સામાજિક સ્થિતિ એક અભ્યાસ.*

(2) *સ્લમ વિસ્તારમાં બાળકોમાં જોવા મળતા રોગો એક અભ્યાસ.*

## 2.13 કેસસ્ટડીઃ-

(1) *સ્લમ વિસ્તારની મહિલાઓની આરોગ્ય વિષયક અને સામાજિક સ્થિતિ નો અભ્યાસ કરી અહેવાલ લખવો.*

(2) *સ્લમ વિસ્તાર માટે સરકાર ની યોજના નો વિસ્તૃત માં અભ્યાસ કરવો.*

## 2.14સંદર્ભસૂચિ-


(1) आहुजा राम – सामाजिक समस्याए, रावत बुक्स वर्ष – २०२४

(2) आहुजा राम , मुकेश आरहुजा – समाजशास्त्र 'विवेचना' एवं परिप्रेक्षय रचित पब्लिकेशन

(3) पाण्डेय तजस्कर – समाज कार्य – भारत बूक सेन्टर

(4) पाण्डेय ओजस्कर - समाज कार्य – भारत बूक सेन्टर

## એકમ-3 | શહેરી સ્લમ વિસ્તાર ની સમસ્યાઓનો અભ્યાસ

-: રૂપરેખા :-

**3.0 ઉદ્દેશો**

**3.1 પ્રસ્તાવના**

**3.2 શહેરી સ્લમ વિસ્તારની સમસ્યાઓનો અભ્યાસ**

**3.3 શહેરી સ્લમ વિસ્તારની સમસ્યાઓના નિવારણ માટેના ઉપાયો**

**3.4 ઉપસંહાર**

**3.5 તમારી પ્રગતિ ચકાસો**

**3.6 તમારી પ્રગતિ ચકાસો ના જવાબ**

**3.7 ચાવીરૂપ શબ્દો**

**3.8 સ્વાધ્યાય લેખન**

**3.9 પ્રવૃતિ**

**3.10 કેસ સ્ટ્રડી**

**3.11 સંદર્ભસૂચિ**

### 3.0 ઉદ્દેશોઃ-

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ.....*

- *પ્રસ્તૃત એકમ માં સ્લમ વિસ્તારની સમસ્યાઓ અંગેની જાણકારી વિદ્યાર્થીઓને પ્રાપ્ત થશે.*
- *સ્લમ વિસ્તારની સમસ્યાઓના અભ્યાસ માટે જરૂરી માળખા વિશે વિદ્યાર્થીઓને જાણકારી પ્રાપ્ત થશે.*
- *આ એકમ ના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને સ્લમ વિસ્તારની સમસ્યા નિવારણ માટેના ઉપાયો અંગે વિસ્તૃતમાં જાણકારી પ્રાપ્ત થશે.*

### 3.1 પ્રસ્તાવનાઃ-

*બીજા વિશ્વયુદ્ધ પછી આ ત્રીજી દુનિયાને જે દેશોએ સામ્રાજ્યવાદથી મુક્તિ મેળવી અને ઔદ્યોગિક વિકાસનો આરંભ કરાયો. ત્યાં ઝડપથી સ્લમ વિસ્તારો અસ્તિત્વમાં આવ્યા છે. આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠના ભારતમાં સ્લમ વિસ્તારમાંનો અભ્યાસ કર્યા પછી એ તારણ પર આવ્યા છે કે સ્લમ વિસ્તારના લોકો અનેક મુશ્કેલીઓમાથી પસાર થાય છે. અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. જેવી કે ગરીબી, બેકારી, ભૂખમરો, ભૌતિક સુવિધાઓ, નૈતિક પતન, વૈયક્તિક વિઘટન, સામાજિક અને મનોવૈજ્ઞાનિક વિઘટન જેવી અનેક સમસ્યાઓનો સ્લમ વિસ્તારમાં લોકો કરી રહ્યા છે. આંકડાકીય માહિતી આપણને દર્શાવે છે કે ભારતમાં રહેતા નાગરિકોમાં દર છઠો વ્યક્તિ સ્લમ વિસ્તારમાં રહેવા માટે મજબૂર બને છે. જે માણસના રહેવા યોગ્ય તો નથી જ અહીં રહેવાવાળા શહેર માં નર્ક ની જેમ જીવન વ્યતીત કરે છે.*

*આંકડાકીય માહિતી દર્શાવે છે કે આંધ્રપ્રદેશમાં રહેતા ઘરમાથી દર ત્રીજો શહેરી પરિવાર સ્લમ વિસ્તારમાં રહેવા માટે મજબૂર બને છે. ઓડીસામાં રહેતા દસ વ્યકિતઓમાથી નવ વ્યક્તિઓના ઘરમાં પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા નથી. અથવા ખુલ્લી ટેમ્પરરી ગટરો છે. ભારતમાં 65% શહેરોમાં સ્લમ વિસ્તાર આવેલા છે. આઝાદી ના 75 વર્ષ પછી પણ 35% લોકોના ઘરોમાં પીવાના શુદ્ધપાણીની કમી જોવા મળે છે. મોટાભાગના વિસ્તારોમાં ગંદા પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા નથી. આમ અનેક અભ્યાસો ઉપરથી જાણવા મળે છે કે શહેરી સ્લમ વિસ્તારોમાં અનેક સમસ્યાઓ પ્રર્વતે છે. આ એકમમાં સ્લમ વિસ્તારની વિવિધ સમસ્યાઓનો અભ્યાસ કરવાના છીએ. જેથી વિધાર્થીઓને ક્ષેત્રકાર્ય દરમ્યાન આ સમસ્યાઓને નજીકથી સમજી શકે અને સમસ્યાના નિવારણ માટે પોતાનું યોગદાન આપી શકે.*

## 3.2 શહેરી સ્લમ વિસ્તારની સમસ્યાઓનો અભ્યાસઃ-

*શહેરી સ્લમ વિસ્તારની રહેઠાણ ગરીબી, કાયદો, વ્યસન, આરોગ્ય, પોષણ, ગંદકી જેવી અનેક સમસ્યાઓ છે. જે જાણવી અને સમજવી ખૂબ જરૂરી છે. શહેરી સ્લમ વિસ્તારમાં મહિલાઓ, બાળકો, યુવાનો, વૃદ્ધો સાથે સમાજકાર્યની અનેક પ્રવૃતિ કરીને તેમના જીવનમાં પરિવર્તન લાવી શકાય છે. શહેરી સ્લમ વિસ્તારની સમસ્યાઓને જાણવી અને સમજવી ખૂબ જ જરૂરી છે.*

1. **ગરીબીઃ-***સ્લમ વિસ્તારમાં રહેતા લોકો ઊંચી વસ્તી ગીચતા દ્વારા વર્ગીકૃત કરવામાં આવે છે. જેના પરિણામે રહેવાની જગ્યાઓ ખેંચાણ અને અપૂરતી હોય છે. આનાથી ગોપનીયતાનો અભાવ, તનાવમાં વધારો તેમજ સ્વચ્છતા જાળવવામાં મુશ્કેલી ઊભી થાય છે. ઘરો ઘણીવાર કામચલાઉ સામગ્રીમાંથી કાચા ઘરો બનાવવામાં આવે છે. જેમાં ટકાઉપણું અને સલામતીનો અભાવ જોવા મળે છે.*

2. **પાયાની સુવિધાઓનો અભાવઃ-** *ઘણી ઝૂંપડપટ્ટીઓમાં સ્વચ્છ પીવાનું પાણી, સ્વચ્છતા અને વિશ્વસનીય વીજળી જેવી આવશ્યક સેવાઓની મર્યાદિત પહોંચ છે. આ દૂષિત પાણી અને નબળી સ્વચ્છતાને કારણે આરોગ્યના જોખમો તરફ દોરી જાય છે. શૌચાલયોની અછત રહેવાસીઓને ખુલ્લી જગ્યાઓ અથવા વધુ ગીચ જાહેર સુવિધાઓનો ઉપયોગ કરવા દબાણ કરે છે. જે આરોગ્ય અને ગૌરવની ચિંતાઓને વધારે છે.*

3. **સ્વાસ્થ્ય સમસ્યાઓઃ-** *ઝૂંપડપટ્ટીની સ્થિતિ જેમાં નબળી સ્વચ્છતા, અપૂરતું પોષણ અને ગીચ વસ્તી જોવા મળે છે. ક્ષય અને કોલેરા જેવા ચેપી રોગોના ફેલાવામાં ફાળો આપે છે. આરોગ્ય સંભાળની મર્યાદિત પહોંચ આ સમસ્યાઓને વધારે છે.*

4. **ગુણવત્તાયુક્ત શિક્ષણ અને શિક્ષણનો અભાવઃ-** *ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવામાં પડકારોનો સામનો કરવો પડે છે. આ વિસ્તારોમાં ઓછા સંસાધનોની વચ્ચે ઓછી સુવિધાઓ વચ્ચે સ્લમના બાળકો શિક્ષણ મેળવે છે. એ પણ માત્ર પ્રાથમિક શિક્ષણ સુધી અભ્યાસ કરે છે. માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સુધી અભ્યાસમાં તો ખૂબ જ ઓછા બાળકો જાય છે. આ ઉપરાંત યોગ્ય માર્ગદર્શનનો અભાવ જોવા મળે છે. જેના કારણે સરકારી છાત્રાલયોમાં અભ્યાસ કરતાં નથી અને ગરીબી અને બાળમજૂરી જેવી સમસ્યાના કારણે અદ્ધવચ્ચે શાળા છોડી દેવા બાળકોની સંખ્યા વધી જાય છે. સ્લમવિસ્તારના બાળકોને યોગ્ય શિક્ષણના અભાવના કારણે મજૂરી કરવા જેવી પ્રવૃત્તિમાં જોડાવું પડે છે.*

5. **બેરોજગારીઃ-** *સ્લમ વિસ્તારના લોકો છૂટક મજૂરી, ફેરયા, લારી, કારખાનામાં મજૂરી જેવા ક્ષેત્રોમાં કામ કરે છે. યોગ્ય શિક્ષણ અને કુશળતાઓ ન હોવાના કારણે તે ટેમ્પરરી પ્રકારની હોય છે જેમાં જોબ સેફ્ટી કે અન્ય કોઈ લાભ હોતા નથી. ઓછા વેતનમાં ખૂબ મજૂરી કરવી પડે છે. જેના કારણે બેરોજગારી તેમજ ગરીબી જેવી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આ લોકોને અસ્થિર અને ઓછા પગારવાળી નોકરીઓ પ્રદાન કરે છે. નોકરીની સુરક્ષા અને અયોગ્ય સંભાળ અને પેન્શન જેવા લાભોના અભાવને કારણે તેઓની આર્થિક પરિસ્થિતિ દિવસેને દિવસે નબળી થતી જાય છે.*

6. **પ્રદૂષણની સમસ્યાઃ-** *ઝૂંપડપટ્ટીમાં યોગ્ય કચરો, વ્યવસ્થાપન પ્રણાલીનો અભાવ, નજીકના જળાશયો અને જમીનના પ્રદૂષણ જેવા પર્યાવરણીય સમસ્યાઓ તરફ દોરી જાય છે. આ માત્ર પર્યાવરણને જ નુકશાન પહોંચાડતું નથી. પરંતુ રહેવાસીઓને વ્યાપક સમુદાય માટે સ્વાસ્થ્ય જોખમ પણ ઊભું કરે છે. ખુલ્લી ગટરો, કચરાના ઢગલા, માખી, મચ્છરનો ઉપદ્રવ, ગીચવસ્તીના કારણે પર્યાવરણના અનેક પ્રશ્નો ઉભા થાય છે.*

7. **સામાજિક કલંક અને ભેદભાવઃ-** *ઝૂંપડપટ્ટીના રહેવાસીઓ ઘણીવાર સામાજિક કલંકનો સામનો કરે છે. જે સેવાઓનો અભાવ સેવાઓ સુધીના પહોંચનો અભાવ હોવાના કારણે દમન અને શોષણ જેવી પ્રવૃત્તિ વધુ થાય છે. જે વ્યક્તિઓના આત્મરક્ષણ અને આત્મવિશ્વાસની કમી જોવા મળે છે. સામાજિક બદીઓ, જ્ઞાતિવાદ, ભેદભાવ યુક્ત જીવન જીવે છે. જેના કારણે ઘણી બધી વખત શોષણ જીવન જીવે છે. ભેદભાવ યુકત જીવન સામાજિક બહિષ્કાર તરફ દોરી જાય છે અને ગરીબીના ચક્રને કાયમી બનાવી શકે છે.*

8. **કાનૂની અને નીતિ પડકારોઃ-** *ઘણી ઝૂંપડપટ્ટીઓ કાનૂની પરવાનગી વિના જમીન પર બાંધવામાં આવે છે. જે સરકાર માટે પાયાની સેવાઓ પૂરી પાડવા અથવા નિયમોનો અમલ કરવા મુશ્કેલ બનાવે છે. આ કાનૂની સ્થિતિ પણ રહેવાસીઓને બહાર કાઢવા અને વિસ્થાપન માટે સંવેદનશીલ બનાવે છે.*

9. **મહિલાઓ અને આરોગ્ય સામે પડકારોઃ-** *ઝૂંપડપટ્ટીમાં રહેતી મહિલાઓની આરોગ્ય સંભાવના મર્યાદિત પહોંચ ખાસ કરીને પ્રજન સ્વાસ્થ્ય સેવાઓ અને હિંસા પ્રત્યે સંવેદનશીલતા સહિત ચોક્કસ પડકારોનો સામનો કરવો પડે છે. સંસ્કૃતિઅને સામાજિક ધોરણો ઘણીવાર તેમની ગતિશીલતા અને શિક્ષણ અને રોજગારની તકોની પહોંચને પ્રતિબંધિત કરે છે.*

*આર્થિક મુશ્કેલીઓ ઘણીવાર પરિવારોને તેમના બાળકોને કામ પર મોકલવા માટે મજબૂર કરે છે. તેઓને શિક્ષણથી વંચિત રાખે છે અને જોખમી પરિસ્થિતિઓમાં તેમને ખુલ્લા પાડે છે. ગારમેન્ટ મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રોમાં બાળમજૂરી પ્રચલિત છે. જ્યાં બાળકો ન્યૂનતમ વેતન માટે લાંબા કલાકો કામ કરે છે. શહેરી સ્લમ વિસ્તારની સમસ્યા જાણવા માટે તેનો ઊંડાણપૂર્વક અભ્યાસ જરૂરી છે. જે નીચેની પદ્ધતિ દ્વારા કરી શકાય છે.*

1. **સહભાગી સ્લમ વિસ્તારની ચકાસણીની પદ્ધતિઃ** *આ પદ્ધતિમાં સ્લમ વિસ્તારમાં જઈને લોકોને મળવું, તેમની દિનચર્યા જાણવી, સમયરેખા બનાવવી, ઋતુચક્ર બનાવવું, ગુણાંકન અને અગ્રતાક્રમ આપવો, ગોલરેખા આકૃતિ કરવી અને સહભાગી નકશા બનાવવા જેના દ્વારા સ્લમ વિસ્તારનો ઊંડાણપૂર્વક ખ્યાલ આવે છે.*

2. **સર્વેક્ષણ:** *એક પ્રશ્નો પત્રક બનાવી સ્લમ વિસ્તારના લોકોની પ્રાથમિક માહિતી તેમજ આર્થિક સામાજિક માહિતી પ્રાપ્ત થાય છે. જેના આધારે આંકડાકીય માહિતી અને વિસ્તારનો ઉંડાણપૂર્વક પરિચય થાય છે.*
3. **નિરીક્ષણ:** *સ્લમ વિસ્તારમાં પદચલન કરી નિરીક્ષણ દ્વારા આરોગ્ય વિષયક પરિસ્થિતિ, પર્યાવરણ વ્યસન, આર્થિક પરિસ્થિતિ જેવી માહિતી ઉંડાણપૂર્વક પ્રાપ્ત થાય છે.*
4. **મુલાકાત:** *લોકોને મળીને તેમની મુલાકાત લઈને સ્લમ વિસ્તારનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવે છે. લોકોને મળીને તેમની પરિસ્થિતિ જાણી શકાય છે.*

## 3.3શહેરી સ્લમ વિસ્તારની સમસ્યાઓના નિવારણ માટેના ઉપાયો

*ઘણા અનુમાનો પ્રમાણે ભારતમાં અન્ય શહેરોમાં અત્યારે લગભગ 4.5કરોડ વ્યક્તિ સ્લમ વિસ્તારમાં રહે છે. મોટા શહેરોમાં અને નગરોમાં ફૂટપાથો ઉપર રહેતા લોકોની સંખ્યા લગભગ 1કરોડ થી વધુ છે. તેનાથી વધુ સંખ્યા સ્લમ વિસ્તારમાં છે જે તૂટેલા ફૂટેલા મકાનમાં રહે છે. તેમને રહેઠાણ આપવા માટે તેમજ સુધાર માટે સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવે છે. જે નીચે મુજબ છે.*

1. **રાષ્ટ્રીય આવાસ નિધિ:** *સન્ 1994માં ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય આવાસ નિધિનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય ઉદેશ્ય મકાન વિહોણા લોકો છે તેમને મકાન આપવાનો છે. આવાસીય જે દશા છે તેમાં સુધાર કરવાનો મુખ્ય હેતુ છે.*

2. **રાષ્ટ્રીય શહેરી આવાસ યોજના:** *વર્ષ 2007માં એક મોટા પ્રમાણમા થયેલા સર્વેક્ષણ દ્વારા એ ખ્યાલ આવ્યો છે કે મોટા શહેરોમાં 24.7લાખ આવાસોની કમી છે. શહેરી વિસ્તારમાં પીવાનું પાણી, પાણીના નિકાલની વ્યવસ્થા, સફાઈની સુવિધાઓ, વીજળી તથા કચરાના નિકાલની વ્યવસ્થા શહેરના સ્લમ વિસ્તારમાં વધારે છે. આ યોજના અંતર્ગત શહેરી ગરીબ વસ્તીઓ, સ્લમ વિસ્તારમાં સુવિધાઓ આપવામાં આવે છે.*

3. **જવાહરલાલ નેહરૂ રાષ્ટ્રીય નવીનીકરણ અભિયાન:** *ભારતની નગરીય સંરચના વિશ્વની બીજી સૌથી મોટી નગરીય સંરચના છે. જેને ધ્યાનમાં રાખતા 2005માં ભારતમાં આ અભિયાન એવા ઉદેશ્ય સાથે શરૂ કરવામાં આવેલ છે કે નગરમાં દરેક વિસ્તારમાં ગરીબ લોકોને રહેવા માટે મકાન અને ભૌતિક સુવિધાઓ મળી રહે તેવા પ્રયત્ન કરવામાં આવે છે.*

4. **શહેરી ભૂમિ સીમાનો કાયદો:** *શહેરની ગરીબી સ્લમ વિસ્તારના લોકોને મકાન બનાવવા માટે જમીન આપવાના ઉદેશ્યથી આ કાનૂન બનાવવામાં આવી છે. જેનો ઉદેશ્ય નગરની નિર્ધારિત સીમા નક્કી કરીને ગરીબ લોકોને જમીન મકાન આપવા માટેનો ઉદેશ્ય છે.*

5. **વાલ્મીકિ આંબેડકર આવાસ યોજના:** *આ યોજના વર્ષ 2001માં કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવી છે. આ યોજનાનો ઉદેશ્ય શહેરમાં રહેતા ગરીબ લોકોના રહેઠાણની વ્યવસ્થા કરવી અને તેઓની રહેઠાણની સ્થિતિમાં સુધારો કરવાનો મુખ્ય ઉદેશ્ય છે.*

## 3.4 ઉપસંહાર

*આ એકમમાં શહેરી સ્લમ વિસ્તારની સમસ્યાઓ અભ્યાસ એ વિષયની વિગતે ચર્ચા કરવામાં આવી છે. એક વ્યવસાયિક સમાજ કાર્યકરે સમાજની દરેક સમસ્યાને જાણવી અને સમજવી જરૂરી છે.*

નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં કાર્ય કરતી વખતે કાર્યકર્તા શહેરના સ્લમ વિસ્તારમાં કાર્ય કરે છે. જ્યાં આરોગ્ય, પોષણ, સ્વાયલંબન, સ્વચ્છતા જેવા કાર્યક્રમ કરવામાં આવે છે અને માર્ગદર્શન આપવામાં આવે છે. આ એકમમાં શહેરી સ્લમ વિસ્તારની જાણકારી મેળવવી ખૂબ જ જરૂરી છે. સ્લમ વિસ્તારમાં કાર્ય કરતી વખતે સ્લમ વિસ્તારની વિગતે માહિતી મેળવવી જરૂરી છે. સ્લમ વિસ્તારના રહેઠાણો, સુવિધાઓ, શાળા, આરોગ્યકેન્દ્ર, સસ્તા અનાજની દુકાન, શિક્ષણનું પ્રમાણ આરોગ્યની સ્થિતિ, રોજગારી વગેરે અંગો જાણકારી મેળવવી ખૂબ જ જરૂરી છે. જ્યાં સમસ્યા હોય છે ત્યાં સમાજકાર્ય આવે છે માટે સમાજકાર્યનો ઉદેશ્ય સમસ્યા નિવારણનો હોય છે. એ માટે સૌથી પહેલા સમસ્યાને જાણવી પડે છે. સમજવી પડે છે. સમસ્યા ઉદ્દભવવાના કારણો જાણી શકીએ તોજ સમસ્યાના નિવારણ માટેના ઉપાયો વિચારી શકીએ, માટે પ્રસ્તુત એકમમાં સ્લમ વિસ્તારની સમસ્યા અને સ્લમ વિસ્તારની સમસ્યા નિવારણ માટેના કાર્યક્રમો આપવામાં આવ્યા છે. જે સ્લમમાં ક્ષેત્રકાર્ય દરમ્યાન વિદ્યાર્થીઓને ઉપયોગી થશે.

## 3.5 તમારી પ્રગતિ ચકાસો

1.ભારતના કેટલા ટકા શહેરોમાં સ્લમ વિસ્તાર આવેલા છે.

(A) 65% (C) 60%
(B) 62% (D) 55%

2.શહેરી સ્લમ વિસ્તાર ની મુખ્ય સમસ્યા જણાવો.

(A)ગરીબી (C)સ્વાસ્થ્ય સમસ્યા
(B)પાયાની સુવિધા નો અભાવ (D)ઉપરોક્ત તમામ

3.શહેરી સ્લમ વિસ્તાર નો અભ્યાસ કરવા કઈ પદ્ધતિ અસરકારક છે.

(A)સહભાગી ચકાસણી (C)નિરીક્ષણ પદ્ધતિ
(C)સર્વેક્ષણ પદ્ધતિ (D)ઉપરોક્ત તમામ

4.સ્લમ વિસ્તાર માટે સરકાર ના ક્યા વિભાગ સંલગ્ન છે.

(A)શહેરી વિકાસ (ઓડા) (C)ગ્રામવિકાસ
(B)નગરપાલિકા (D)ઉપરોક્ત તમામ

5.રાષ્ટ્રીય આવાસ નિધિની શરૂઆત કઈ સાલમાં થઈ હતી.

(A) 1994 (C) 1996
(B) 1995 (D) 2000

## 3.6 તમારી પ્રગતિ ચકાસો ના જવાબ:-

1 (A) 65%

2 (D)ઉપરોક્ત તમામ

3 (A)સહભાગી ચકાસણી

4 (A)શહેરી વિકાસ (ઔડા)

5 (A) 1994

## 3.7 ચાવીરૂપ શબ્દોઃ-

**ગરીબી** : *ગરીબી એક એવી સ્થિતિ છે જેમાં વ્યક્તિ પાસે મૂળભૂત જીવન ધોરણ માટે નાણાકીય સંસાધનો અને આવશ્યક વસ્તુનો અભાવ.*

**બેકારી** : *વ્યક્તિ પાસે કામ કરવાની શક્તિ હોય અને કામ કરવાની,ઈચ્છા હોય, પરંતુ પ્રવર્તમાન વેતનના દર પ્રમાણે કામ ન મળતું હોય ત્યારે તેને બેકારી કહેવાય.*

**પ્રદૂષણ** : *કુદરતી વાતાવરણમાં દૂષિત પદાર્થોનો પ્રવેશ.*

## 3.8સ્વાધ્યાય લેખનઃ-

**1.** *સ્લમ વિસ્તાર ના લોકોની સમસ્યાઓ તમારા શબ્દોમાં વર્ણવો.*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**2.** *સ્લમ વિસ્તાર માટેની યોજનાઓ જણાવો.*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 3.9 પ્રવૃતિઃ-

1. *સ્લમ વિસ્તારમાં ફિલ્ડવર્ક દરમ્યાન ત્યાંના લોકોની સામાજીક સ્થિતિનો અભ્યાસ કરો અને સામાજીક સમસ્યા જાણો.*
2. *સ્લમ વિસ્તારના લોકોની આરોગ્ય વિષયક સમસ્યાઓ જાણો અને નિવારણ માટેના ઉપાયો વર્ણવો.*

## 3.10કેસ સ્ટ્ડીઃ-

1. *સ્લમ વિસ્તારમાં મહિલાઓ અને બાળકોની સમસ્યાઓને જાણીને તેના નિવારણ માટેના ઉપાયો વર્ણવો.*
2. *સ્લમ વિસ્તારમાં રહેતા લોકોની આર્થિક પરિસ્થિતિ જાણી તેઓની નબળી આર્થિક પરિસ્થિતિ પાછળના કારણો વર્ણવો.*

## 3.11સંદર્ભસૂચિ-


1. आहुजा राम – सामाजिक समस्याए, रावत बुक्स वर्ष – २०२४
2. आहुजा राम , मुकेश आरहुजा – समाजशास्त्र 'विवेचना' एवं परिप्रेक्षय रचित पब्लिकेशन
3. पाण्डेय तजस्कर – समाज कार्य – भारत बूक सेन्टर
4. पाण्डेय ओजस्कर - समाज कार्य – भारत बूक सेन्टर

એકમ-4

# શહેરી સ્લમ વિસ્તાર માટે કાર્ય કરતી સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ અને યોજનાઓનો પરિચય

-: રૂપરેખા :-


**4.0.** ઉદ્દેશો

**4.1.** પ્રસ્તાવના

**4.2.** શહેરી સ્લમ વિસ્તાર માટે કાર્ય કરતી સરકારી સંસ્થાઓ

**4.3.** શહેરી સ્લમ વિસ્તાર માટે કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ

**4.4.** શહેરી સ્લમ વિસ્તાર માટે કલ્યાણકારી યોજનાઓનો પરિચય

**4.5.** સારાંશ

**4.6.** તમારી પ્રગતિ ચકાસો

**4.7.** ચાવીરૂપ શબ્દો

**4.8.** સંદર્ભ સૂચિ

**4.9.** તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 4.0 ઉદ્દેશો

*વિદ્યાર્થીમિત્રો આ એકમને સમજ્યા બાદ તમે,*

- *શહેરી સ્લમ વિસ્તાર માટે કાર્ય કરતી સરકારી સંસ્થાઓ વિશે માહિતી મેળવી શકશો.*
- *શહેરી સ્લમ વિસ્તાર માટે કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓની સમજૂતી મેળવશો.*
- *શહેરી સ્લમ વિસ્તાર માટે કલ્યાણકારી યોજનાઓનો પરિચય જાણી શકશો.*

## 4.1 પ્રસ્તાવના

*શહેરી વિસ્તારોમાં ગરીબ વર્ગ અને સ્લમ વિસ્તારમાં રહેતા લોકો માટે સરકાર અને વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ વિસ્તારોમાં રહેવાસીઓ મૂળભૂત સવલતોથી વંચિત હોય છે. જેમ કે સ્વચ્છ પાણી, આરોગ્ય સેવાઓ, શિક્ષણ અને જીવનના મૂળભૂત માનવઅધિકારો. આના પરિણામે, શહેરી ગરીબી, બેરોજગારી અને સામાજિક અસમાનતા જેવા મુદ્દાઓ ઊભા થાય છે, જેનું નિરાકરણ લાવવા માટે સરકારી તેમજ નોન-ગવર્નમેન્ટલ ઑર્ગેનાઈઝેશન્સ* (NGOs)*અડીખમ પ્રયત્નો કરી રહી છે.*

*સરકારી સ્તરે અનેક યોજનાઓ અમલમાં છે, જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના મુખ્ય છે, જેનાથી શહેરી ગરીબ વર્ગને સસ્તું મકાન પૂરું પાડવાની તક મળે છે. આ ઉપરાંત સ્વચ્છ ભારત મિશન જેવી યોજનાઓ ગંદકી દૂર કરી અને સુવ્યવસ્થિત ગટર વ્યવસ્થા સ્થાપિત કરવામાં મદદરૂપ થાય છે. આ કામગીરી દ્વારા શહેરી સ્લમ વિસ્તારના લોકોના આરોગ્ય અને સુખાકારીમાં સુધારો લાવવા પ્રયત્નશીલ છે.*

*સ્વૈચ્છિક સંસ્થાઓ, જેમ કે સેવ ધ ચિલ્ડ્રન, સ્પાર્ક, અને સલામ બાલક ટ્રસ્ટ, શહેરી ગરીબોને શિક્ષણ, આરોગ્ય અને જીવન નિર્વાહ માટેના પુરવઠા પૂરા પાડે છે. આવી સંસ્થાઓ નોકરીના તકો, કૌશલ્ય વિકસાવવાની તાલીમ અને જીવનના ધોરણમાં સુધારો લાવવા માટે પ્રયત્નશીલ છે. તેઓ લોકોને પોતાના અધિકારો અને જાતિય સમાનતાની સમજણ અપાવે છે, જેથી સમાજમાં માનવ હક્કો અને સામાજિક ન્યાય કેળવાય. આ સ્લમ વિસ્તારોમાં સંસ્થાઓ દ્વારા નાની-મોટી ઝૂંપડપટ્ટીઓમાં બાળકોને ફ્રી શિક્ષણ તથા પોષણ પ્રાપ્ત થાય તે માટેના પ્રોજેક્ટ્સ ચલાવવામાં આવે છે. આ ઉપરાંત, મહિલાઓને આત્મનિર્ભર બનવામાં મદદ કરવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી નાના ઉદ્યોગો ચલાવવાના માર્ગદર્શનો પણ આપવામાં આવે છે. સામાન્ય રીતે, આ સંસ્થાઓ સરકારની સહાયથી કે તો વ્યક્તિગત દાનમાંથી સંસાધનો એકત્ર કરે છે અને તેના આધારે પ્રોજેક્ટ્સ અને સેવાઓની રચના કરે છે. આ સેવાઓના માધ્યમથી લોકોમાં સશક્તિકરણનો ભાવ જાગે છે, જેનાથી તેઓ સ્વાવલંબન તરફ વળે છે. આ રીતે, સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓએ શહેરી સ્લમ વિસ્તારોના પરિવર્તનમાં અગત્યનો ફાળો આપ્યો છે.*

## 4.2 શહેરી સ્લમ વિસ્તાર માટે કાર્ય કરતી સરકારી સંસ્થાઓ

*શહેરી સ્લમ વિસ્તારોના રહેવાસીઓને સતત અનેક પડકારોનો સામનો કરવો પડે છે. આ વિસ્તારોમાં રહેનાર લોકો મુખ્યત્વે નબળા આર્થિક અને સામાજિક પરિસ્થિતિઓમાં જીવન વિતાવે છે, જ્યાં રોજિંદા જીવનમાં આરોગ્ય, શિક્ષણ, સ્વચ્છતા અને રોજગારીની અછત જેવા મુદ્દાઓ સ્પષ્ટપણે જોવા મળે છે. આ બધી મુશ્કેલીઓની વચ્ચે સરકારી સંસ્થાઓ શહેરી સ્લમ વિસ્તારો માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને પ્રોગ્રામ્સ દ્વારા સેવાઓ પ્રદાન કરે છે, જેમાં આરોગ્ય સેવાઓ, સ્વચ્છતા સુધારણા, બાળકો માટે શિક્ષણની સુવિધાઓ અને મહિલાઓ માટે આત્મનિર્ભરતા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. આ સંસ્થાઓ શહેરી ગરીબી દૂર કરવા અને નાગરિકોને શહેરી સુવિધાઓથી સુનિશ્ચિત કરવા મક્કમ છે.*

1. **રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (National Urban Livelihood Mission - NULM):** NULM*નું લક્ષ્ય શહેરી ગરીબો છે, જેમાં શહેરી બેઘર, શેરી વિક્રેતાઓ, મહિલાઓ, લઘુમતીઓ અને અપંગો જેવા વંચિત જૂથો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.* NULM*મૂળભૂત બચત ખાતા ખોલવા, નાણાકીય સાક્ષરતાની સુવિધા, ક્રેડિટ અને વીમાની ઍક્સેસ અને રેમિટન્સની સુધારેલી સુવિધાઓ દ્વારા શહેરી ગરીબોના નાણાકીય સમાવેશ પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.* NULM *ના મુખ્ય ઉદ્દેશ્યો નીચે મુજબ છેઃ-*

(i) *કૌશલ્ય તાલીમ અને પ્લેસમેન્ટ દ્વારા રોજગાર*(Employment through Skills Training and Placement - EST&P)

(ii) *સ્વ રોજગાર કાર્યક્રમ*(Self Employment Programme - SEP)

(iii) *શહેરી ઘરવિહોણા માટે આશ્રયસ્થાનોની યોજનાઓ* (Schemes of Shelters for Urban Homeless)

(iv) *શહેરી શેરી વિક્રેતાઓને સમર્થન* (Support to Urban Street Vendors)

(v) *નવીન અને વિશેષ પ્રોજેક્ટ્સ* (Innovative & Special Projects)

*આમ, નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન* (NULM)*ભારતીય સરકારની મહત્ત્વાકાંક્ષી યોજનાઓમાંની એક છે, જેનો ઉદ્દેશ્ય નગરોમાં વસતા ગરીબ અને પછાત વર્ગના લોકોના જીવનસ્તરનું સુધારણ કરવાનો છે. આ યોજના અંતર્ગત વ્યક્તિઓને સ્વરોજગાર, હુન્નર વિકાસ અને સંગઠન દ્વારા આત્મનિર્ભરતા પ્રદાન કરવામાં આવે છે. આ મિશનનું મુખ્ય માળખું એવા લોકોને પણ આર્થિક સહાય પ્રદાન કરે છે, જેમણે વિવિધ સમાજ સેવક સંગઠનો અને સહકારી મંડળો સાથે જોડાઈને તેમની કૌશલ્યતામાં વધારો કર્યો છે.* NULM *નગરોમાં વસતા ગરીબ પરિવારોને આવકના સ્ત્રોતો ઊભા કરવા માટે, મજબૂત સામૂહિકતાનું મહત્વ સૂચિત કરે છે.*

2. **રાષ્ટ્રીય ઝૂંપડપટ્ટી વિકાસ કાર્યક્રમ (National Slum Development Programme - NSDP):** NSDP*કેન્દ્રીય પ્રાયોજિત યોજના શહેરી ઝૂંપડપટ્ટીના વિકાસ માટે રાજ્યોને વધારાની કેન્દ્રીય સહાય પૂરી પાડે છે. વર્ષ* 1996-97*માં શહેરી સ્થાનિક સંસ્થા* (Urban Local Body – ULB)*હેઠળના ઝૂંપડપટ્ટી વિસ્તારોના સર્વાંગી વિકાસના ઉદ્દેશ્ય સાથે આશ્રય, પાણી પુરવઠો, આરોગ્યસંભાળ, સ્વચ્છતા, શિક્ષણ અને રસ્તાઓ વગેરેના નિર્માણ દ્વારા જોડાણ જેવી પાયાની સુવિધાઓ પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે રજૂ કરવામાં આવી હતી. આમ, નેશનલ સ્લમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ* (NSDP)*એ નગરોમાં વસતા ગરીબોના જીવન મૂલ્ય પરિસ્થિતિઓમાં સુધારો લાવવા માટે બનાવેલ એક વિશેષ યોજના છે. આ યોજના દ્વારા નગરના કચરા વિસ્તારોમાં રહેતા લોકોને આવાસ, પાણી, અને સ્વચ્છતા જેવી મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.* NSDP*અંતર્ગત, રાજ્ય સરકારો અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ નગરોના બસ્તીઓમાં પાઈપ લાઈન દ્વારા પાણી, ગટરના માળખા અને અન્ય જરૂરી સુવિધાઓને સ્થિર કરવા માટે કામ કરે છે, જેથી લોકોની જીંદગીમાં સુધારણા થઈ શકે.*

3. **વાલ્મીકિ આંબેડકર મલિના બસ્તી આવાસ યોજના (Valmiki Ambedkar Malina Basti Awas Yojana - VAMBAY):** *વાલ્મીકિ આંબેડકર આવાસ યોજના* (VAMBAY) 2*ડિસેમ્બર,* 2001 *ના રોજ વડા પ્રધાન દ્વારા શરૂ કરવામાં આવી હતી, જેમાં ગરીબી રેખા નીચે જીવતા શહેરી ઝૂંપડપટ્ટીના રહેવાસીઓને રહેવા માટેના એકમો અને સામુદાયિક શૌચાલયની સુવિધા પૂરી પાડીને તેમની સ્થિતિ સુધારવાના હેતુથી કરવામાં આવી હતી. યોજનાની કિંમત કેન્દ્ર અને રાજ્યો વચ્ચે* 50:50*ના આધારે વહેંચવામાં આવે છે. અત્યાર સુધીમાં રૂ.* 590.00*કરોડ ફાળવવામાં આવ્યા છે અને* 2,13,066*નિવાસ એકમો તેમજ* 28,753*શૌચાલય બેઠકો મંજૂર કરવામાં આવી છે. આમ, વાલ્મીકિ આંબેડકર મલિના બસ્તી આવાસ યોજના* (VAMBAY)*એવા લોકો માટે છે, જે નગરોના કચરા વિસ્તારોમાં રહે છે અને પોતાના ઘરે શ્રમ અથવા નાની હસ્તકલા પર આધાર રાખી પોતાનું જીવન ગુજારતા હોય છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોના રહેઠાણમાં સુધારો લાવવા અને તેમની માટે આરોગ્ય અને સ્વચ્છતા સુવિધાઓ પૂરી પાડવાનો છે.* VAMBAY *અંતર્ગત લોકોને સસ્તા દરે મકાન અથવા અસ્થાયી આવાસ પ્રદાન કરવામાં આવે છે, જેથી તેઓ સરળ જીવન ગુજારી શકે.*

4. **રાજીવ આવાસ યોજના (RAY):** *રાજીવ આવાસ યોજના એ દેશભરના શહેરોમાં ઝૂંપડપટ્ટી વિસ્તારોના પુનઃવિકાસ માટેની એક મહત્વાકાંક્ષી યોજના છે. રાજીવ આવાસ યોજના* (RAY)*સમાવિષ્ટ અને સમાન શહેરો સાથે "ઝૂંપડપટ્ટી મુક્ત ભારત" ની કલ્પના કરે છે. જેમાં દરેક નાગરિકને મૂળભૂત નાગરિક માળખાકીય સુવિધાઓ, સામાજિક સુવિધાઓ અને યોગ્ય આશ્રય મળે*

*છે. RAY નો મુખ્ય ઉદ્દેશ ઝૂંપડપટ્ટી વિસ્તારોને મૂળભૂત સુવિધાઓ સાથે પૂર્વવત કરવા અને ત્યાંના લોકોના જીવનસ્તરને સુધારવા માટે છે. તમામ હાલની ઝૂંપડપટ્ટીઓ, સૂચિત અથવા બિન-સૂચિત (સ્વીકૃત અને ઓળખાયેલ સહિત)ને ઔપચારિક પ્રણાલીમાં લાવવી અને તેમને બાકીના શહેર માટે ઉપલબ્ધ પાયાની સુવિધાઓનો લાભ લેવા સક્ષમ બનાવવી; શહેરી ગરીબો માટે પરવડે તેવા હાઉસિંગ સ્ટોકનું આયોજન કરીને અને તેની સુવિધા માટે જરૂરી નીતિગત ફેરફારોની શરૂઆત કરીને ઝૂંપડપટ્ટીના નિર્માણ પાછળ રહેલી ઔપચારિક વ્યવસ્થાની નિષ્ફળતાઓનું નિવારણ કરવું – વગેરે આ યોજનાનું મિશન છે. આ યોજનાનો અમલ વિવિધ રાજ્યો અને શહેરોની સ્થિતિને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે, જેમાં અનિયમિત વસાહત અને મકાનમાલિકી, ગટર, વીજળી અને પાણી જેવી સેવાઓને ઉચ્ચ પ્રાધાન્ય આપવામાં આવે છે.*

5. **પ્રધાનમંત્રી આવાસ યોજના – શહેરી (PMAY-U):** *કેન્દ્રીય મંત્રીમંડળે 31મી ડિસેમ્બર 2024 સુધી પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી (PMAY-U) ચાલુ રાખવા માટે આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA)ની દરખાસ્તને મંજૂરી આપી છે. જેમાં નાણાકીય સહાય ચૂકવાય છે. આ યોજના મકાન વિહોણા લોકો માટે ઘરની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં વસવાટ કરતા લોકોને તેમના પોતાના ઘર માટે સહાય આપવામાં આવે છે. ઝૂંપડપટ્ટી વિસ્તારોને સુધારવા અને ત્યાં રહેવાસીઓને મકાનની સુવિધા પૂરી પાડવા માટે કામ કરવામાં આવે છે.*

6. **ઝૂંપડપટ્ટી પુર્નઃવસવાટ સત્તામંડળ (Slum Rehabilitation Authority - SRA):** *મહારાષ્ટ્ર સરકારે સંસાધન તરીકે જમીનનો ઉપયોગ કરવાની નવીન વિભાવના રજૂ કરીને અને ઝૂંપડપટ્ટીના ક્રોસ-સબસિડાઈઝેશન માટે ખુલ્લા બજારમાં વેચાણ માટે ટેનામેન્ટના સ્વરૂપમાં પ્રોત્સાહક ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ (FSI)ની મંજૂરી આપીને વ્યાપક ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજના શરૂ કરી છે. પુનર્વસન ટેનામેન્ટ્સ જે ઝૂંપડપટ્ટીમાં રહેવાસીઓને મફતમાં આપવાના છે. એસઆરએનો પ્રયાસ છે કે સહકારી મંડળીઓની રચના, ઝૂંપડપટ્ટીમાં રહેવાસીઓની લાયકાતનું પ્રમાણપત્ર, બિનજરૂરી શિક્ષાત્મક પગલાં લેવા જેવા પ્રોજેક્ટ માટે જરૂરી તમામ પ્રકારની મંજૂરીઓ માટે સિંગલ વિન્ડો ક્લિયરન્સ પ્રદાન કરીને ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજનાઓ અમલમાં મૂકવી. યોજનામાં અવરોધ ઉભો કરનાર ઝૂંપડપટ્ટીમાં ભાગ ન લેનારાઓ પર શિક્ષાત્મક પગલાં લેવા, ઝૂંપડપટ્ટીની જમીનો પર સર્વે અને માપણી, મકાન પરવાનગીઓ, પુનર્વસન પ્લોટ અને મફત વેચાણના પ્લોટની ભાડાપટ્ટે આપવા અને પ્રોપર્ટી કાર્ડ (પીઆર કાર્ડ) અપડેટ કરવા વગેરે જેવી જવાબદારીઓ સંકળાયેલ છે.*

*આમ, સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (SRA)મુંબઈના કચરા વિસ્તારોમાં રહેતા લોકોને પુનઃ સ્થાપિત કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. SRAનો મુખ્ય ઉદ્દેશ્ય એવો છે કે નગરમાં રહેલા ગંદા વિસ્તારોનું નવનિર્માણ કરવું અને રહેવાસીઓને યોગ્ય સ્થાયી રહેઠાણ પ્રદાન કરવું. આ યોજના અંતર્ગત સ્લમ બસ્તીઓને વ્યવસ્થિત આવાસોમાં બદલીને લોકોને આરામદાયક અને સ્વસ્થ આકર્ષક નિવાસ પ્રદાન કરવામાં આવે છે, જેમાં ઘરેલુ અને આરોગ્ય સંબંધી સુવિધાઓ ઉપલબ્ધ થાય છે.*

## 7. નવીકરણ અને શહેરી પરિવર્તન માટે અટલ મિશન (Atal Mission for Rejuvenation and Urban Transformation – AMRUT)

*ભારત સરકારે તમામ ખાસ કરીને ગરીબો અને વંચિત લોકો માટે જીવનની ગુણવત્તા સુધારવા માટે પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, શહેરી પરિવહન, ઉદ્યાનો જેવી મૂળભૂત નાગરિક સુવિધાઓ પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે અટલ મિશન ફોર રિજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન* (AMRUT)*શરૂ કર્યું છે. મિશનનું ધ્યાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ પર છે જે નાગરિકોને વધુ સારી સેવાઓની જોગવાઈ સાથે સીધો સંબંધ ધરાવે છે.* "AMRUT"*મિશનનો હેતુ* (i)*દરેક ઘરને ખાતરીપૂર્વકના પાણીના પુરવઠા અને સીવરેજ કનેક્શન સાથેના નળની સુલભતા સુનિશ્ચિત કરવાનો છે* (ii)*હરિયાળી અને સારી રીતે જાળવવામાં આવેલી ખુલ્લી જગ્યાઓ વિકસાવીને શહેરોની સુવિધાના મૂલ્યમાં વધારો થાય છે. દા.ત. ઉદ્યાનો અને* (iii)*જાહેર પરિવહન પર સ્વિચ કરીને અથવા નોન-મોટરાઈઝ્ડ ટ્રાન્સપોર્ટ માટે સુવિધાઓનું નિર્માણ કરીને પ્રદૂષણ ઘટાડે છે. દા.ત. ચાલવું અને સાયકલ ચલાવવું.*

*અમૃત મિશન એ મુખ્યત્વે ઝૂંપડપટ્ટી વિસ્તારોના પુરવઠા વ્યવસ્થાને સુધારવા માટે રચાયેલ છે. મુખ્ય પ્રોજેક્ટ ઘટકો પાણી પુરવઠા વ્યવસ્થા, ગટર વ્યવસ્થા, સેપ્ટેજ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ, અર્બન ટ્રાન્સપોર્ટ, ગ્રીન સ્પેસ અને પાર્ક્સ, રિફોર્મ્સ મેનેજમેન્ટ અને સપોર્ટ, ક્ષમતા નિર્માણ વગેરે સુવિધા જેવા મુદ્દાઓ પર ધ્યાન આપવામાં આવે છે. મિશનમાં પાણી પુરવઠા અને સીવરેજ સેવાઓના સાર્વત્રિક કવરેજનો પ્રથમ ચાર્જ છે. બાળકો અને વૃદ્ધોને અનુકૂળ સુવિધાઓ ધરાવતા ઉદ્યાનોના વિકાસ માટે પ્રોજેક્ટ ખર્ચના મહત્તમ* 2.5%*ફાળવણી છે. આ મિશન* 500 *શહેરોને આવરી લે છે. જેમાં સૂચિત નગરપાલિકાઓ સાથે એક લાખથી વધુ વસ્તી ધરાવતા તમામ શહેરો અને નગરોનો સમાવેશ થાય છે. અમૃત મિશન દ્વારા આશા છે કે શહેરોમાં જરૂરી સુવિધાઓ પૂરી પાડીને ઝૂંપડપટ્ટી વિસ્તારોના લોકોના જીવનને સરળ બનાવવામાં મદદ મળશે.*

- **આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય (Ministry of Housing and Urban Affairs) :-**

*આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય* (Ministry of Housing and Urban Affairs),*'બધા માટે આવાસ'* (Housing for All)*ના વિઝન હેઠળ,* 25.06.2015*થી પ્રધાનમંત્રી આવાસ યોજના - શહેરી* (PMAY-U)*હેઠળ કેન્દ્રીય સહાય પૂરી પાડીને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રયાસોને પૂરક બનાવી રહ્યું છે. ઝૂંપડપટ્ટીના રહેવાસીઓ સહિત તમામ પાત્ર લાભાર્થીઓ માટે મકાનો. આ યોજના ચાર વર્ટિકલ એટલે કે, બેનિફિશરી લેડ કન્સ્ટ્રક્શન* (BLC),*એફોર્ડેબલ હાઉસિંગ ઈન પાર્ટનરશિપ* (AHP),*ઈન-સીટુ સ્લમ રિડેવલપમેન્ટ* (ISSR)*અને ક્રેડિટ લિંક્ડ સબસિડી સ્કીમ* (CLSS)*દ્વારા અમલમાં મૂકવામાં આવે છે.* 20.11.2023 *સુધીમાં, ઝૂંપડપટ્ટીના રહેવાસીઓ સહિત પાત્ર પરિવારો માટે* 1.18*કરોડથી વધુ મકાનો મંજૂર કરવામાં આવ્યા છે. તેમાંથી,* 78.15*લાખ પૂર્ણ કરીને લાભાર્થીઓને પહોંચાડવામાં આવ્યા છે અને બાકીના બાંધકામ/ગ્રાઉન્ડિંગના વિવિધ તબક્કામાં છે.* 1.18*કરોડમાંથી,* PMAY-U*ના* BLC/AHP/ISSR*વર્ટિકલ્સ હેઠળના* 20.64*લાખ મકાનો ઝૂંપડપટ્ટીમાં રહેવાસીઓ માટે મંજૂર કરવામાં આવ્યા છે.* PMAY-U*ઉપરાંત, આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય વિવિધ મિશન, જેમ કે અટલ મિશન ફોર રિજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન* 2.0 (AMRUT 2.0) *અને સ્વચ્છ દ્વારા શહેરી ગરીબો સહિત શહેરી ગરીબો માટે પાયાની નાગરિક સુવિધાઓ પૂરી પાડવાના રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રયાસોને પૂરક બનાવે છે. ભારત મિશન - સમગ્ર દેશમાં શહેરી* 2.0

(SBM-U 2.0).*રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન હેઠળ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય ઝૂંપડપટ્ટી વિસ્તારો સહિત તમામ નાગરિકોને પરવડે તેવી આરોગ્યસંભાળ પૂરી પાડવા માટે આરોગ્યસંભાળ પ્રણાલીને મજબૂત કરવા માટે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને નાણાકીય અને તકનીકી સહાય પૂરી પાડે છે. આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના* (AB-PMJAY)*હેઠળ, ઝૂંપડપટ્ટીના રહેવાસીઓ સહિત તમામ પાત્ર પરિવારોને પ્રતિ વર્ષ ₹5લાખસુધીનું આરોગ્યકવરેજ પ્રદાન કરવામાં આવે છે. વધુમાં, ઝૂંપડપટ્ટી સહિત લોકોના ઘરની નજીક મફત અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળ પૂરી પાડવા માટે આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો* (HWCs)*સ્થાપવા માટે રાજ્યો/કેન્દ્રશાસિતપ્રદેશોને સમર્થન પૂરું પાડવામાં આવે છે. વધુમાં, કેન્દ્ર સરકાર સૌભાગ્ય - પ્રધાન મંત્રી સહજ વીજળી હર ઘર યોજના, પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના* (PMUY), UJALA*અને દેશની ઝૂંપડપટ્ટીમાં શિક્ષણ પરની યોજનાઓ અમલમાં મૂકી રહી છે.*

*શહેરી સ્લમ વિસ્તારોમાં સરકારી સંસ્થાઓની કામગીરીનો મુખ્ય લક્ષ્ય સામાન્ય જીવનસાધનોથી વંચિત નાગરિકોને પુરાવા, ઓળખપત્રો, તેમજ અન્ય આવશ્યક દસ્તાવેજો ઉપલબ્ધ કરાવવા સહાયરૂપ થવાનો પણ હોય છે, જેથી તેઓ વિવિધ સરકારી યોજનાઓનો લાભ લઈ શકે.આ રીતે, શહેરી સ્લમ વિસ્તારમાં કાર્ય કરતી સરકારી સંસ્થાઓ એક મહત્વપૂર્ણ સેતુનું કાર્ય કરી રહી છે, જે ગરીબી દૂર કરવાના મક્કમ હેતુ સાથે લોકોને સારી શહેરી સુવિધાઓ તરફ દોરી જાય છે.*

## 4.3 શહેરી સ્લમ વિસ્તાર માટે કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ

*ઝડપથી વધી રહેલા શહેરીકરણના પરિણામે સ્લમ વિસ્તારોમાં રહેતી વસ્તી માટે જીવનના મૂળભૂત સાધનો અને સગવડતાઓનો અભાવ ચરમસીમાએ છે. આવી સ્થિતિમાં લોકોની જીવનની ગુણવત્તા સુધારવા, તેમના માટે આધુનિકતાની સમાન તક આપવા અને તેમને એક મર્યાદિત જીવન જીવવા માટે ઉપયોગી બનાવવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.*

1. **સોસાયટી ફોર ધ પ્રમોશન ઑફ એરિયા રિસોર્સ સેન્ટર્સ (SPARC) :***તેની રચના* 1984 *માં કરવામાં આવી હતી. જેમાં મુખ્ય ઉદ્દેશ સમાજના નિર્વંશિત અને ગરીબ વર્ગોને સશક્ત બનાવીને તેમની સમાજમાં સ્થિરતા અને વિકાસ માટે અનુકૂળ પરિસ્થિતિઓ ઊભી કરવાનો. તો આ સંસ્થા ખાસ કરીને શહેરી ગરીબો અને મજૂરો માટે જરૂરી સુવિધાઓ, આવાસ, સ્વચ્છતા અને બિનસ્વસ્થ પરિસ્થિતિઓને સુધારવા પર ભાર મૂકે છે.* SPARC*એ ભારતની મોટી એનજીઓ પૈકીની એક છે જે શહેરના વિકાસમાં શહેરી ગરીબોની જીવનશૈલીને સરળ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ એનજીઓ મહિલા મિલન અને નેશનલ સ્લમ ડવેલર્સ ફેડરેશન* (National Slum Dwellers Federation) *સાથે કામ કરે છે.* SPARC *નું કાર્ય શહેરોમાં અવ્યવસ્થિત વસાહતોમાં રહેતા લોકોની વાસ્તવિક જરૂરિયાતો પર ધ્યાન કેંદ્રીત છે. તેઓ ગરીબી અને ભેદભાવનો સામનો કરી રહેલા સમુદાયોને મજબૂત બનાવી, શહેરી વિસ્તારોમાં ગુણવત્તાસભર જીવન માટે જરૂરી આધારભૂત અને બાંધકામ સુવિધાઓ પૂરી પાડવા માટે પ્રયત્નશીલ છે.* SPARC *દ્વારા મહિલાઓ અને બાળકો માટે ખાસ સુવિધાઓના આયોજનમાં પણ વિશેષ રસ છે, જેથી સમાજમાં સામાન્ય લોકોની કટોકટી અને પડકારોને દૂર કરવામાં સહાય થાય. આ સંસ્થા વિવિધ પ્રોજેક્ટ્સ અને કાર્યક્રમો ચલાવી રહી છે, જેમ કે બેઘર લોકો માટે નવું ઘર નિર્માણ, સુલભ અને સ્વચ્છ પાણી, સેનિટેશન અને આરોગ્ય સેવાઓની ઉપલબ્ધિ વગેરે.* SPARC *દ્વારા શહેરી વિસ્તારના ગરીબો*

*અને નિર્વાશિત સમુદાયો સાથે સંકલન કરીને તેમને તેમના અધિકારોની જાણકારી અપાવવાના પ્રયાસો કરવામાં આવે છે, જેથી તેઓ સરકારની સેવાઓનો પૂરેપૂરો લાભ લઈ શકે. સામાન્ય રીતે* SPARC *ગરીબ સમુદાયોના સશક્તિકરણ માટે વિવિધ પ્રકારના ટ્રેનિંગ, જાગૃતિ કેમ્પ્સ, કાર્યશાળાઓ, અને વહીવટીતંત્ર સાથે સંવાદ આરંભવા માટે વિશિષ્ટ પ્રયાસ કરે છે.* SPARC *નું મિશન માત્ર શહેરી ગરીબો માટે બાંધકામ પૂરું પાડવાનું નથી, પણ તેમના જીવનમાં સાચો ફેરફાર લાવવાનો છે, જેથી તેઓ આત્મનિર્ભર બનીને જીવનમાં આગળ વધી શકે.*

2. **આશા ઈન્ડિયા (Asha India):** *આશાના કાર્યક્રમના ક્ષેત્રો દિલ્હીની ઝૂંપડપટ્ટીમાં આરોગ્યસંભાળ, સશક્તિકરણ, શિક્ષણ, નાણાકીય સમાવેશ, પર્યાવરણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને આવરી લેતા સર્વગ્રાહી છે. આ કાર્યક્રમો પ્રોજેક્ટ સ્થળોએ ઝૂંપડપટ્ટીના કેન્દ્રમાં સ્થિત* 13*કેન્દ્રો દ્વારા અમલમાં મૂકવામાં આવે છે. આ કેન્દ્રો તમામ પ્રવૃત્તિઓ માટે હબ તરીકે કામ કરે છે અને રિસોર્સ કમ કેપેસિટી બિલ્ડીંગ ટ્રેનિંગ સેન્ટર તરીકે પણ કામ કરે છે. આશાના કાર્યક્રમો જમીનના અધિકારો, આરોગ્ય, શિક્ષણ અને આવક તેમજ તેમને પ્રભાવિત કરતા અંતર્ગત સામાજિક અને પર્યાવરણીય પરિબળોને સીધા સંબોધિત કરે છે. વિશ્વાસ, આશા અને પ્રેમના મૂલ્યોની વ્યવહારિક અભિવ્યક્તિ દ્વારા, અમારો ઉદ્દેશ્ય સર્વગ્રાહી સમુદાય આધારિત આરોગ્યસંભાળ, સશક્તિકરણ, નાણાકીય સમાવેશ, શિક્ષણ અને પર્યાવરણીય સુધારણાઓ દ્વારા ઝૂંપડપટ્ટી સમુદાયોને તેમના મૂળભૂત માનવ અધિકારો પ્રાપ્ત કરવા અને તેનો આનંદ માણવા તાલીમ, સંસાધન અને પ્રોત્સાહિત કરીને પ્રદાન કરવાનો છે. આમ, દિલ્હીની ઝૂંપડપટ્ટીમાં કામ કરતી સંસ્થા - આશા ઈન્ડિયા એ આરોગ્ય અને શૈક્ષણિક ક્ષેત્રે કાર્યરત એક નોન-પ્રોફિટ સંગઠન છે, જેનો ઉદ્દેશ્ય ગરીબી નિવારણ, સ્વાસ્થ્ય અને શિક્ષણમાં સુધારો કરવો છે. આશા ઈન્ડિયા માધ્યમ દ્વારા ગરીબોને સ્વાસ્થ્ય સેવાના વિસ્તરણ, મહિલાઓ અને બાળકો માટે વિશેષ કાર્યક્રમો, અને તેમના માટે શિક્ષણમાં સહાયરૂપ થવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ સંગઠન ખાસ કરીને મહિલાઓ અને બાળકોના વિકાસ માટે કાર્યરત છે, જેથી તેઓ સમાજમાં સહજ રીતે જીવન જીવવા માટે સક્ષમ બને.*

3. **અપનાલય (Apnalaya):** *'અપનાલય' ની સ્થાપના* 1972 *(તેનું નામ અપનાલય* 1976 *માં પડ્યું હતું)માં મુંબઈમાં ઓસ્ટ્રેલિયાના તત્કાલીન કોન્સ્યુલ જનરલ ટોમ હોલેન્ડ દ્વારા કરવામાં આવી હતી. જેમણે મુંબઈના નરીમાન પોઈન્ટની ઝૂંપડીઓમાં પરપ્રાંતિય મજૂરોના બાળકો માટે ડેકેર સેન્ટર સ્થાપ્યું.* 1973 *ની શરૂઆતમાં શાંતા ગુપ્તાની અધ્યક્ષતામાં સ્વયંસેવકોના નાના જૂથ દ્વારા ચલાવવામાં આવી રહ્યું હતું, અપનાલય શહેરી ગરીબો સાથે કામ કરે છે- મૂળભૂત સેવાઓ, આરોગ્યસંભાળ, શિક્ષણ અને આજીવિકા સુધી પહોંચને સક્ષમ બનાવવી; પોતાને મદદ કરવા માટે તેમને સશક્તિકરણ; અને સરકાર સાથે વકીલાત દ્વારા નાગરિક અધિકારોની જોગવાઈની ખાતરી કરવી વગેરે મિશન ધરાવે છે. આમ, મુંબઈમાં શહેરી ગરીબો માટે કામ કરતી અપનાલય એ નોન-પ્રોફિટ સંગઠન છે જે પછાત અને ગરીબ લોકોને શિક્ષણ, સ્વાસ્થ્ય, અને અન્ય સામાજિક સેવા પહોંચાડવા માટે કામ કરે છે. આ સંસ્થાનો ઉદ્દેશ્ય નગરોની કચરા બસ્તીઓમાં વસતા લોકોના જીવનમાં સુધારો લાવવાનો છે. આ માટે અપનાલય આરોગ્ય કેમ્પ, શિક્ષણ કાર્યક્રમો, અને કૌશલ્ય વિકાસના કાર્યક્રમો ચલાવે છે, જેથી લોકો પોતાના પગ પર ઊભા રહી શકે અને આત્મનિર્ભર જીવન જીવવા માટે સક્ષમ બને.*

4. **જનાગ્રહ (Janaagraha):**જનાગ્રહની સ્થાપના ડિસેમ્બર, 2001માં સ્વાતિ અને રમેશ રામનાથન દ્વારા કરવામાં આવી હતી. જનાગ્રહનું મિશન ભારતના શહેરો અને નગરોમાં 'જીવનની ગુણવત્તા'માં પરિવર્તન લાવવા માટે નાગરિકો અને સરકારો સાથે કામ કરવાનું છે. જનાગ્રહ દ્વારા વ્યાખ્યાયિત કરાયેલ 'જીવનની ગુણવત્તા' શબ્દના બે પરિમાણ છે. પ્રથમ છે 'શહેરી માળખાકીય સુવિધાઓ અને સેવાઓની ગુણવત્તા', એટલે કે રસ્તા, ગટર, પરિવહન, પાણી પુરવઠો વગેરે. બીજું છે 'નાગરિકતાની ગુણવત્તા' - એટલે કે, નાગરિક બાબતોમાં ભાગ લઈને શહેરી નાગરિકો ભજવી શકે તેવી ભૂમિકા. આમ, જનાગ્રહ એ એક નાગરિકો માટેની સંસ્થા છે, જે નાગરિકો અને સરકાર વચ્ચે સંવાદ વધારવા અને નગરોના વિકાસ માટે જનજાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે કાર્ય કરે છે. આ સંસ્થા નાગરિકોને સક્ષમ બનાવે છે કે તેઓ સરકારની નીતિઓમાં સહભાગી બની શકે અને તેમના વિસ્તારમાં ફરજિયાત સુધારા કરી શકે. જનાગ્રહ દ્વારા નગરોમાં પ્રવર્તતી સમસ્યાઓ જેમ કે સ્વચ્છતા, પાણી અને રસ્તા જેવી બાબતોમાં સુધારા માટે લોકોને જાગૃત બનાવવામાં આવે છે.

5. **એક્શનએડ એસોસિએશન (ActionAid Association):**ActionAid એસોસિએશન એ 1972 થી ભારતમાં ગરીબ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો સાથે કામ કરતી રાષ્ટ્રીય સ્તરે નોંધાયેલ સંસ્થા છે. ActionAidAssociation એ શોષણ, ગરીબી, તથા અન્યાયનો સામનો કરતા લોકોના અધિકારો અને જીવનસ્તર સુધારવા માટે સતત પ્રયત્નશીલ છે. તેનું કાર્યક્ષેત્ર વિશાળ છે, જેમાં મહિલાઓના અધિકાર, જાતિવાદ, ખાદ્ય સુરક્ષા અને શિક્ષણ જેવા વિવિધ મુદ્દાઓનો સમાવેશ થાય છે. ActionAid Association સ્થાનિક સમુદાયો સાથે જોડાઈને સમાજમાં સ્થાયી પરિવર્તન લાવવા માટે સંકલિત અભિગમ અપનાવે છે. તેનો મુખ્ય ઉદ્દેશ એ છે કે ગરીબ અને અન્યાયી વર્ગોને પ્રાપ્તિમાં સહાય કરવી અને તેમના માટે સમાજમાં સમાનતા અને ન્યાયની વ્યાપકતામાં વધારો કરવો. આ સંસ્થા સમાજમાં સામાજિક જાગૃતિ ફેલાવીને ગ્રામીણ વિસ્તારોના નાગરિકોને તેમને મળવા પાત્ર હક્કો અને તેમના કાયમી જીવન સુધારણા માટે મદદરૂપ થવા માટે સતત કાર્યરત છે.

6. **વોઈસ ઓફ સ્લમ (Voice of Slum) :-**વોઈસ ઓફ સ્લમ એ એક બિન-લાભકારી સંસ્થા છે જે ઝૂંપડપટ્ટી સમુદાયોને સશક્તિકરણ કરવા અને ગરીબીમાં જીવતા બાળકો માટે શૈક્ષણિક તકો પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે. વોઈસ ઓફ સ્લમ ઝૂંપડપટ્ટીના બાળકોના ઉત્થાન માટે અને તેમને વધુ સારા ભવિષ્ય માટે જરૂરી સાધનો પૂરા પાડવા માટે સર્વગ્રાહી શિક્ષણ કાર્યક્રમો, વ્યાવસાયિક તાલીમ અને સામુદાયિક જોડાણ પહેલ પ્રદાન કરે છે. Voice of Slum એ નાગરિક સુવિધાઓથી વંચિત બાળકો માટે શિક્ષણ અને જીવનની મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડે છે. શહેરોની ઝૂંપડપટ્ટીઓમાં રહેતા બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવાનો તેનો મુખ્ય ઉદ્દેશ છે. Voice of Slum સંસ્થા બાળકોના સ્વાસ્થ્ય, શિક્ષણ અને જીવન કૌશલ્યમાં સુધારણા લાવીને તેમનું સંઘર્ષમય જીવન સરળ બનાવવા માટે અવિરત પ્રયાસો કરી રહી છે.

7. **પારસ ઈન્ડિયા (PARAS INDIA) :-**પારસ ઈન્ડિયાની સ્થાપના 2007માં સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગોના ઉત્થાન અને ગૌરવ દ્વારા સમાજમાં પરિવર્તન કરવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી. આ એક રાષ્ટ્રીય સ્તરની બિન-સરકારી સંસ્થા છે. જે હાલમાં ભારતના પાંચ રાજ્યો - દિલ્હી- ચેન્નઈ,ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને બિહારમાં કામ કરી રહી છે. પારસ ઈન્ડિયા શિક્ષણના ક્ષેત્રે ખાસ કાર્ય કરે છે.તેઓ શાળા અને કોલેજ સ્તરે બાળકોને શૈક્ષણિક સહાય અને સારા શિક્ષણ માટે જરૂરી સાધનો પ્રદાન કરે છે.આ ઉપરાંત, માનવજીવનને સુંદર અને સ્વસ્થ

*બનાવવા માટે તેઓ સ્વાસ્થ્ય ક્ષેત્રે પણ મહત્વના પ્રયાસ કરે છે. ગામડાઓમાં આરોગ્ય કેમ્પોનું આયોજન, લોકોને સ્વચ્છતા અને આરોગ્ય અંગે જાગૃત બનાવવા માટે આ સંસ્થા સતત કાર્યરત છે. સંસ્થાનો એક અન્ય મહત્વપૂર્ણ ભાગ છે આર્થિક મદદ. પારસ ઈન્ડિયા વિવિધ વિકાસ કાર્યો અને પ્રવૃત્તિઓ દ્વારા નબળા વર્ગના લોકો માટે નવી રોજગારીની તકો ઊભી કરે છે. આ ઉપરાંત, મહિલાઓ અને યુવાનોને આત્મનિર્ભર બનવા માટે તાલીમ પણ આપવામાં આવે છે.*

*આમ, આ સ્વૈચ્છિક સંસ્થાઓએ શહેરી સ્લમ વિસ્તારમાં સુશિક્ષિતતા અને આરોગ્ય અંગે જાગૃતતા લાવવાનું કાર્ય આરંભ્યું છે. આ સુવિધાઓને લોકહિતમાં, તેમજ સ્થાનિક નાગરિકોની ભાગીદારીથી કાર્યક્ષમ બનાવવાનો પ્રયાસ કરે છે. સાથે જ તેઓ બાળશિક્ષણ, મહિલા સશક્તિકરણ અને યુવાનોને રોજગાર અંગેની માર્ગદર્શિકા આપીને તેમને નવી દિશામાં આગળ વધારવા માટે પ્રોત્સાહન આપે છે. આ સંસ્થાઓ માટે, શહેરી સ્લમ વિસ્તારમાં સામાજિક સુધારણા એ માત્ર સેવા નથી, પરંતુ એ કૌશલ્ય વિકાસ અને સમાનતાનું દ્રષ્ટિકોણ છે. આ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે જોડાયેલ સમાજસેવી અને સ્વયંસેવકો રોજબરોજની સમસ્યાઓ અને પડકારોનો સામનો કરીને સમાજના નબળા વર્ગોને સમાન અધિકાર અને આર્થિક અવસર આપવા માટે સતત પ્રયત્નશીલ રહે છે.*

## 4.4 શહેરી સ્લમ વિસ્તાર માટે કલ્યાણકારી યોજનાઓનો પરિચય

*સરકારે અને વિવિધ સામાજિક સંસ્થાઓએ શહેરી સ્લમ વિસ્તારના કલ્યાણ માટે વિવિધ યોજનાઓ શરૂ કરી છે, જેનો મુખ્ય હેતુ - લોકોનું જીવનમાન સુધારવું, સશક્તિકરણ કરવું, તથા આર્થિક અને સામાજિક વિકાસના અવસર પૂરાં પાડવા વગેરે છે. આ યોજનાઓમાં આરોગ્ય અને સ્વચ્છતા અંગે જાગૃતિ, વિનામૂલ્ય શિક્ષણ, મજૂરીમાં સુધારો, તથા આધુનિક ઘર મકાનની સુવિધા જેવા આશયો સમાવિષ્ટ છે. ભારતમાં ઝૂંપડપટ્ટીઓ પરની નીતિઓ ભારતમાં, શહેરી નીતિઓને રાષ્ટ્રીય યોજનાઓ તરીકે અમલમાં મૂકવામાં આવી છે અને તેમાંથી ઘણી પંચવર્ષીય યોજનાઓ દ્વારા* 2012 *સુધી સાકાર કરવામાં આવી છે.* 1950 *અને* 1960 *ના દાયકા દરમિયાન, ઝૂંપડપટ્ટીઓને વસ્તી વૃદ્ધિનું પરિણામ માનવામાં આવતું હતું.* 1990 *ના દાયકાથી અત્યાર સુધી, શહેરો અને ઝૂંપડપટ્ટીઓને આર્થિક વિકાસના સ્ત્રોત તરીકે જોવામાં આવે છે.*

*સરકાર અને સમાજ સેવાકારી સંસ્થાઓ દ્વારા સ્લમ વિસ્તારોના વિકાસ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાઓનો મુખ્ય ઉદ્દેશ્ય સ્લમ વિસ્તારોમાં રહેતા લોકોનું જીવનધોરણ સુધારવાનો છે.*

1. **ઈન્દિરા આવાસ યોજના :** *ઈન્દિરા આવાસ યોજના ભારત સરકારની એક મહત્વપૂર્ણ યોજના છે, જે ખાસ કરીને આવાસ વિનાના ગરીબ અને અણ આવાસિત પરિવારોને સસ્તા અને સુવિધાપૂર્ણ ઘરો પૂરા પાડવાનો પ્રયાસ કરે છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય છે ગરીબોના જીવનસ્તરમા સુધારો લાવવો અને તેમને રહેવા માટે યોગ્ય ઘર પૂરું પાડવાનો. આ યોજનામાં લાભાર્થીઓને સરકારી નાણાકીય સહાય આપવામાં આવે છે, જેથી તેઓ પોતાના ઘરોનું નિર્માણ કરી શકે.*

2. **ઝૂંપડપટ્ટીમાં સુધારો (Slum upgrading) :***ઝૂંપડપટ્ટીના વિસ્તારોમાં જીવનની ગુણવત્તામાં સુધારવા માટે ઘણું કામ કરવાનું જરૂરી છે. ઝૂંપડપટ્ટી સુધારણા કાર્યક્રમ હેઠળ, શ્રેષ્ઠ નિવાસ, પીવાના પાણી, બિનકાયદેસર વસવાટ માટે મંજૂરી, સ્વચ્છતા અને સ્વાસ્થ્યની સુવિધાઓ પૂરી પાડવા જેવા*

*મુદ્દાઓનો સમાવેશ થાય છે. આ કાર્યથી સમુદાયના લોકોમાં સહયોગ અને જોડાણ વધે છે, જેનાથી સહયોગી સમાજનું નિર્માણ થાય છે.*

3. **પોષણક્ષમ આવાસ (Affordable housing) :** *પોષણક્ષમ આવાસની સ્થાપનાનો ઉદ્દેશ્ય એ છે કે દરેક વ્યક્તિને તેમના આવાસ માટે વધારાના ખર્ચ વિના સારી સુવિધાઓ પ્રાપ્ત થાય. આ માટે, સરકારી પાયાનું કામ, સંસ્થાઓ અને ખાનગી ક્ષેત્રના ભાગીદારીની મદદથી આદર્શ આવાસના મોડલ બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ પ્રકારના આવાસો નમ્રતા અને સ્વચ્છતાનું પ્રતિનિધિત્વ કરે છે, જેથી લોકો આરામથી અને સુખી જીવન વ્યતીત કરી શકે.*

4. **શહેરી સ્વરોજગાર કાર્યક્રમ (The Urban Self Employment Programme) :** *શહેરી સ્વરોજગાર કાર્યક્રમનો ઉદ્દેશ્ય શહેરી વિસ્તારોમાં રહેનારા યુવાનો અને મહિલાઓને રોજગારની તક પૂરી પાડવાનો છે. આ કાર્યક્રમ હેઠળ, યુવાનોને કૌશલ્ય વિકાસ, તાલીમ, અને નાણાંકીય સહાય જેવી સેવાઓ આપવામાં આવે છે, જેથી તેઓ પોતાના વ્યવસાયો શરૂ કરી શકે. આ કારણે, સ્થિરતાનું નિર્માણ થાય છે અને આર્થિક વિકાસમાં સહકાર મળે છે.*

5. **જલ જીવન મિશન - શહેરી (Jal Jeevan Mission - Urban) :** *આ યોજનાનો ઉદ્દેશ્ય શહેરોમાં દરેક ઘરમાં પૂરતી માત્રામાં સ્વચ્છ પીવાનું પાણી પૂરું પાડવાનો છે. આ યોજના હેઠળ જૂના પાણીના પુરવઠાના નેટવર્કનું નવીનીકરણ અને નવા પાણીના પુરવઠાના નેટવર્કનું નિર્માણ કરવામાં આવે છે.*

6. **રાષ્ટ્રીય શહેરી પરિવહન નીતિ, 2006(National Urban Transport Policy, 2006) :** *રાષ્ટ્રીય શહેરી પરિવહન નીતિ,* 2006, *શહેરી વિસ્તારોમાં પરિવહન વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે તૈયાર કરવામાં આવી છે. આ નીતિ અંતર્ગત, જાહેર પરિવહનને ઉત્તમ અને સસ્તું બનાવવાનું, ટ્રાફિકની સમસ્યાઓને દૂર કરવાનો અને બાઈકિંગ તથા ફૂટપાથનો વિકાસ કરવાનો ઉદ્દેશ્ય છે. નીતિ સાથે જ, શહેરોમાં પરિસ્થિતિઓનું અનુકૂલન કરવા માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે.*

7. **સંકલિત આવાસ અને ઝૂંપડપટ્ટી વિકાસ કાર્યક્રમ (Integrated Housing and Slum Development Programme - IHSDP) :** *ઈન્ટિગ્રેટેડ હાઉસિંગ એન્ડ સ્લમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ* (IHSDP)*એ ભારતમાં એક સરકારી પહેલ છે. જેનો ઉદ્દેશ્ય ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોની જીવનશૈલીમાં સુધારો કરવાનો છે.* IHSDP *હાલની* VAMBAY *અને* NSDP*યોજનાઓને જોડે છે. તે જવાહરલાલ નેહરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન* (JNNURM)*હેઠળ આવરી લેવાયેલા શહેરો સિવાયના તમામ શહેરો અને નગરોને લાગુ પડે છે. કાર્યક્રમના લક્ષ્યો નીચે મુજબ છે:*

   a. *ઝૂંપડપટ્ટીના રહેવાસીઓને પર્યાપ્ત આશ્રય અને મૂળભૂત માળખાકીય સુવિધાઓ પ્રદાન કરવી*
   b. *શહેરી આવાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં જાહેર અને ખાનગી રોકાણને પ્રોત્સાહિત કરવું*
   c. *હાલની ઝૂંપડપટ્ટીઓને સુધારવી*
   d. *રહેવાસીઓને નવા આવાસ વિકાસમાં સ્થાનાંતરિત કરવું*

*આ યોજનાનો મૂળ ઉદ્દેશ્ય ઓળખાયેલા શહેરી વિસ્તારોના ઝૂંપડપટ્ટીના રહેવાસીઓને પર્યાપ્ત આશ્રય અને મૂળભૂત માળખાકીય સુવિધાઓ પૂરી પાડીને તંદુરસ્ત અને સક્ષમ શહેરી વાતાવરણ સાથે સર્વગ્રાહી ઝૂંપડપટ્ટીના વિકાસ માટે પ્રયત્ન કરવાનો છે.*

8. **શહેરી આશ્રય વિનાના માટે રાત્રિ આશ્રય (Night Shelter For Urban Shelterless) :** *શહેરી આશ્રય વિનાના લોકોને તાત્કાલિક આશ્રય અને સુરક્ષા પૂરી પાડવા માટે રાત્રિ આશ્રય ઘરોની રચના કરવામાં આવી છે. આ આશ્રય ઘરોમાં સુવિધાઓ સહિત ખોરાક, આરોગ્ય સેવાઓ અને શ્રેષ્ઠ જીવનની તક પૂરી પાડવામાં આવે છે. આ પ્રકારની યોજનાઓના માધ્યમથી, જરૂરી સેવાઓ અને આવાસ વિના રહેતા લોકોનું જીવન સુધારવાની કોશિશ કરવામાં આવે છે.*

9. **સ્વચ્છ ભારત અભિયાન (Swachh Bharat Abhiyan) :** *સ્વચ્છ ભારત અભિયાન ભારત સરકારની એક મહત્વપૂર્ણ પહેલ છે, જે દેશના તમામ પ્રદેશોમાં સફાઈ અને સ્વચ્છતા લાવવા માટે રચવામાં આવી છે. આ અભિયાનનો ઉદ્દેશ્ય હોટલ, શાળાઓ, હોસ્પિટલ અને અન્ય સામાજિક સ્થળોએ સ્વચ્છતા વધારવાની સાથે જ ગંદકી દૂર કરવાનો છે. રાષ્ટ્રીય અને સ્થાનિક સ્તરે લોકોને સંચાલિત કરવાં અને સ્વચ્છતા અંગે જાગૃત કરવાં એ આ અભિયાનનું મુખ્ય લક્ષ્ય છે.*

*શહેરી સ્લમ વિસ્તારોમાં રહેતા લોકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, જેમ કે ગરીબી, બિનરોજગાર, શૈક્ષણિક અભાવ, અને આરોગ્ય સુવિધાઓની અછત આ સંદર્ભમાં, કલ્યાણકારી યોજનાઓનો અમલ મહત્વપૂર્ણ છે, જે લોકોના જીવનની ગુણવત્તામાં સુધારો કરી શકે છે.*

1. **મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવીઃ** *આ યોજનાઓ હેઠળ સ્લમ વિસ્તારોમાં પીવાનું પાણી, વીજળી, સેનિટેશન અને ગટર વ્યવસ્થા જેવી મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.*

2. **આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવીઃ** *સ્લમ વિસ્તારોમાં આરોગ્ય કેન્દ્રો અને હોસ્પિટલો સ્થાપવામાં આવે છે અને મફત દવાઓ અને સારવારની સુવિધા પૂરી પાડવામાં આવે છે.*

3. **શિક્ષણની સુવિધાઓ પૂરી પાડવીઃ** *સ્લમ વિસ્તારોમાં શાળાઓ સ્થાપવામાં આવે છે અને બાળકોને શિક્ષણ મેળવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.*

4. **રોજગારીની તકો પૂરી પાડવીઃ** *સ્લમ વિસ્તારોમાં રહેતા લોકોને રોજગારીની તાલીમ આપવામાં આવે છે અને તેમને સ્વરોજગાર માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.*

5. **સામાજિક સુધારણાઃ** *સ્લમ વિસ્તારોમાં રહેતા લોકોને સામાજિક સુધારણા માટે જાગૃત કરવામાં આવે છે અને તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં સામેલ થવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.*

*આમ, આધુનિક શહેરી વિકાસની પદ્ધતિઓ તેમજ આર્થિક વિકાસના પાયા પર દેશના સમસ્ત વર્ગોને એક જ રીતે વિકસાવવા માટે આ યોજનાઓની રચના કરવામાં આવી છે.*

## 4.5 સારાંશ

*શહેરોના વિકાસ અને વૃદ્ધિ સાથે જ સમર્થ જનસમૂહના વિકાસ માટે પૂરતા પ્રમાણમાં સુવિધાઓ અને સંસાધનો ઉપલબ્ધ નથી હોતા, જેનો ખામીજન્ય પ્રભાવ સીધો સ્લમ વિસ્તારો પર પડે છે. આ વિસ્તારોમાં રહેતા લોકો ખૂબ જ મર્યાદિત સંસાધનોમાં પોતાનું જીવન ગુજારવા મજબૂર હોય છે. આવી પરિસ્થિતિમાં સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ઘણી યોજનાઓ અમલમાં મૂકવામાં આવે છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય સ્લમ વિસ્તારોના લોકોના જીવનસ્તરને સુધારવાનો હોય છે. આ સહાય કાર્યક્ષેત્રો અલગ-અલગ પ્રકારની પ્રવૃત્તિઓ અને યોજનાઓ દ્વારા જનહિતકારક પ્રવૃત્તિઓ માટે કાર્યરત છે. આ સંસ્થાઓ*

*દ્વારા શહેરી સ્લમ વિસ્તારના લોકો માટે આરોગ્ય, શિક્ષણ, રોજગાર, રહેવા માટે પાયાની સુવિધાઓ, સ્વચ્છતા અને પાણી જેવી જરૂરીયાતોને પૂરી કરવા માટે અનેક કાયમી અને તાત્કાલિક પ્રવૃત્તિઓ અમલમાં મૂકવામાં આવે છે. સરકારની વિવિધ યોજનાઓ જેમ કે પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન અને રાષ્ટ્રીય આરોગ્ય મિશનના માધ્યમથી આ વિસ્તારોમાં આરોગ્ય અને સ્વચ્છતા સુધારણા માટે અસરકારક પ્રયત્નો કરવામાં આવે છે. આ ઉપરાંત, નમામિ ગંગે અને સ્માર્ટ સિટીઝ મિશન જેવી યોજનાઓ દ્વારા સ્લમ વિસ્તારોના વ્યક્તિઓનાં જીવનમાં સુધારો લાવવા માટે ઘણા પ્રયાસો કરવામાં આવે છે. આ યોજનાઓનો ઉદ્દેશ્ય છે કે શહેરના દરેક નાગરિકને બિનભેદભાવ સાથે માનવ શ્રેષ્ઠતા સુધી પહોંચાડવી.*

*સ્વૈચ્છિક સંસ્થાઓની બાબતમાં વિશેષ વાત કરીએ તો તેઓ એક સામાજિક અને માનવતાવાદી દ્રષ્ટિકોણ સાથે આ વિસ્તારોમાં પ્રવર્તે છે. આ સંસ્થાઓ ઘણી વાર પ્રાથમિક શિક્ષણ કેન્દ્રો, આરોગ્ય શિબિરો, મહિલાઓ માટે રોજગારી કૌશલ્ય પ્રદર્શન કાર્યક્રમો અને બાળ વિકાસ માટેના કાર્યક્રમો ચલાવે છે, જેનો સીધો લાભ આકર્ષવા માટેના પ્રયાસો તરીકે સેવા યોજનાઓ પૂરી પાડે છે. આ સંસ્થાઓનો ઉદ્દેશ્ય નાગરિકોના જીવનમાં ધરમૂળ કે ઊંચા લેવલે પરિવર્તન લાવવાનો અને સ્લમ વિસ્તારોમાં સમાનતા અને માનવહિત માટે સતત કાર્યરત રહેવાનો છે.*

*સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતી આ વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો દ્વારા સ્લમ વિસ્તારોના લોકો માટે યોગ્ય આવકની તકો, રહેણાક અને જીવનની પાયાની જરૂરિયાતો પૂરી પાડી શકાય છે. આમ, શહેરી સ્લમ વિસ્તારોના લોકો માટે આ સંસ્થાઓના સહકાર અને સહાય દ્વારા જીવનમાં ગુણવત્તા સુધારવામાં સફળતા પ્રાપ્ત કરી શકાય છે.*

## 4.6 તમારી પ્રગતિ ચકાસો

- **વિસ્તારપૂર્વક ઉત્તર લખો.**

1. *શહેરી સ્લમ વિસ્તાર માટે કાર્ય કરતી સરકારી સંસ્થાઓ વિશે માહિતી આપો.*
   ..........................................................................
   ..........................................................................
   ..........................................................................
   ..........................................................................
   ............................
2. *શહેરી સ્લમ વિસ્તાર માટે કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ વિશે વર્ણન કરો.*
   ..........................................................................
   ..........................................................................
   ..........................................................................
   ..........................................................................
   ............................
3. *શહેરી સ્લમ વિસ્તાર માટે કલ્યાણકારી યોજનાઓનો પરિચય જણાવો.*
   ..........................................................................
   ..........................................................................

..................................................................

..................................................................

..................................................................

- **યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તરો આપો.**

1. NULM નું આખું નામ જણાવો.
   (અ)Neo Urban-Rural Livelihood Mission
   (બ)National Urban Livelihood Mission
   (ક) National Urbanarea Live Mission

2. NSDPનું આખું નામ જણાવો.
   (અ) નવીન સ્લમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ
   (બ) નેશનલ સ્લમ ડિઝાસ્ટર પ્રોગ્રામ
   (ક) નેશનલ સ્લમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ

3. વાલ્મીકિ આંબેડકર આવાસ યોજના (VAMBAY)ક્યારે શરૂ કરવામાં આવી હતી?
   (અ) 2 ડિસેમ્બર, 2001
   (બ) 2ડિસેમ્બર, 2004
   (ક) 2ડિસેમ્બર, 2006

4. કઈ યોજના સમાવિષ્ટ અને સમાન શહેરો સાથે "ઝૂંપડપટ્ટી મુક્ત ભારત" ની કલ્પના કરે છે?
   (અ) અમૃત મિશન
   (બ) રાજીવ આવાસ યોજના
   (ક) પ્રધાનમંત્રી આવાસ યોજના – શહેરી

5. સોસાયટી ફોર ધ પ્રમોશન ઑફ એરિયા રિસોર્સ સેન્ટર્સ (SPARC)ની રચના ક્યારે કરવામાં આવી હતી?
   (અ) 1980
   (બ) 1982
   (ક) 1984

6. ‘અપનાલય’ ની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી?
   (અ) 1972
   (બ) 1974
   (ક) 1976

7. પારસ ઈન્ડિયાની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી?
   (અ) 2000
   (બ) 2007
   (ક) 2009

8. *રાષ્ટ્રીય શહેરી પરિવહન નીતિ ક્યારે અમલમાં મૂકવામાં આવી?*
*(અ)* 2002
*(બ)* 2004
*(ક)* 2006

## 4.7 ચાવીરૂપ શબ્દો

1. **શહેરી સ્લમ વિસ્તાર** - *શહેરોમાં ઘન વસાહતવાળી તે જગ્યા, જ્યાં લોકો અવ્યવસ્થિત ગૃહોમાં જીવન વિતાવે છે અને મૂળભૂત સુવિધાઓનો અભાવ છે.*
2. **સ્વૈચ્છિક સંસ્થા** - *બિન-સરકારી અને સ્વયંસેવી સંગઠનો જે શહેરી ગરીબી, આરોગ્ય, શિક્ષણ વગેરેમાં સુધારા માટે કાર્યરત હોય છે.*
3. **સરકારી યોજના** - *શહેરી ગરીબી અને સ્લમ વિસ્તારોના વિકાસ માટે સરકાર દ્વારા શરૂ કરેલી વિશેષ યોજના, જેમાં વસવાટ અને આરોગ્ય સુવિધાઓ માટે પ્રયત્ન કરે છે.*
4. **સમુદાય આધારિત વિકાસ** - *શહેરી સ્લમ વિસ્તારોના રહેવાસીઓની ભાગીદારીથી હાથ ધરવામાં આવેલ વિકાસપ્રવૃત્તિ, જે તેમનું જીવન સ્તર ઉંચું લાવવા માટે છે.*
5. **સ્વાસ્થ્ય અને સ્વચ્છતા યોજના** - *શહેરી સ્લમ વિસ્તારોમાં સ્વાસ્થ્ય અને સ્વચ્છતા માટે આરોગ્ય સુવિધાઓ પ્રદાન કરવી અને સફાઈ અભિયાન ચલાવવું.*
6. **આર્થિક સહાય અને આવકવધારો** - *શહેરી ગરીબો માટે નોકરીઓ અને કાર્યસંચારો ઉત્પન્ન કરી, તેમનું આવક સ્તર વધારવા માટે યોજનાઓ.*
7. **પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ** - *શહેરી સ્લમ વિસ્તારોના બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સરકાર અને એનજીઓ દ્વારા પ્રવર્તિત શૈક્ષણિક કાર્યક્રમ.*

## 4.8 સંદર્ભ સૂચિ


1. ActionAid Association - https://www.actionaidindia.org/
2. Apnalaya - https://apnalaya.org/
3. Asha India - https://asha-india.org/
4. ‘CIVIC AMENITIES IN URBAN SLUMS’, (04 DEC 2023) Press Information Bureau - Government of India; PIB Delhi https://pib.gov.in/PressReleseD[a]ailm.aspx?PRID=1982359&reg=3&lang=1
5. Department of Urban Development (UD); Government of NCT of Delhi https://udd.delhi.gov.in/ud/national-urban-livelihood-missionnulm#:~:text=National Urban Livelihood Mission(NULM,Department of Urban Development (UD)
6. Integrated Housing & Slum Development Programme - IHSDP - https://udd.gujarat.gov.in/projects_IHSDP.php
7. Janaagraha - https://www.janaagraha.org/
8. Ministry of Housing & Urban Affairs; Urban Development & Poverty Alleviation https://pib.gov.in/newsite/erelcontent.aspx?relid=1041
9. PARAS INDIA - https://www.parasindia.in/

10. Rajiv Awas Yojana (RAY); Scheme Guidelines - 2013-2022; Ministry of Housing & Urban Poverty Alleviation; Government of India https://mohua.gov.in/upload/uploadfiles/files/RAYGuidelines.pdf
11. Slum Rehabilitation Authority-Brihanmumbai, Govt. of Maharashtra https://sra.gov.in/page/innerpage/about-us.php
12. Voice Of Slum - https://voiceofslum.org/

## 4.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. *(બ)* National Urban Livelihood Mission
2. *(ક) નેશનલ સ્લમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ*
3. *(અ)* 2 *ડિસેમ્બર,* 2001
4. *(બ) રાજીવ આવાસ યોજના*
5. *(ક)* 1984
6. *(અ)* 1972
7. *(બ)* 2007
8. *(ક)* 2006

## એકમ-5

## શહેરી સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય માટે ઉપયોગી સમાજકાર્યની પદ્ધતિ, જ્ઞાન, કુશળતાનો પરિચય

-: રૂપરેખા :-


**5.0 ઉદ્દેશો**

**5.1 પ્રસ્તાવના**

**5.2 શહેરી સ્લમ વિસ્તાર અને ક્ષેત્રકાર્ય**

**5.3 ક્ષેત્રકાર્યમાં ઉપયોગી સમાજકાર્યની પદ્ધતિ**

**5.4 સમાજકાર્યનું જ્ઞાન અને કુશળતાઓ**

**5.5 સારાંશ**

**5.6 તમારી પ્રગતિ ચકાસો**

**5.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**5.8 ચાવીરૂપ શબ્દો**

**5.9 સ્વાધ્યાય લેખન**

**5.10 સંદર્ભસૂચિ**


### 5.0 ઉદ્દેશો

*પ્રસ્તુત એકમનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થી મિત્રો તમે...*

- *શહેરી સ્લમ વિસ્તાર અને ક્ષેત્રકાર્ય વિશે સમજ મળશે.*
- *ક્ષેત્રકાર્યમાં ઉપયોગી સમાજકાર્યની પદ્ધતિની સમજ મળશે.*
- *સમાજકાર્યનું જ્ઞાન અને કુશળતાઓનો ઉપયોગ કયાં કરવો તે જાણવા મળશે.*

### 5.1 પ્રસ્તાવના

*વ્યાવસાયિક સમાજકાર્ય અભ્યાસક્રમના પાયા સમાન શહેરી સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય કેવી રીતે કરવાનું હોય તેનો પરિચય મેળવવો આવશ્યક બની જાય છે. ભારતમાં વસવાટ કરતી વસ્તીનો મોટો હિસ્સો શહેરી વિસ્તારમાં વસવાટ કરતો થયો છે. એટલે કે પરિસ્થિતિ અનુસાર સમાજકાર્ય કરવા માટે શહેરી – સ્લમમાં કાર્યરત થઈ શકે તેવા કાર્યકર તૈયાર કરવા ખૂબ જ જરૂરી બને છે. તેથી આ અભ્યાસક્રમમાં પણ આપ શહેરી - સ્લમ સમુદાયમાં કામગીરી કરવાનું જ્ઞાન અને કુશળતા મેળવો તે જરૂરી છે.*

### 5.2 શહેરી સ્લમ (ઝૂંપડપટ્ટી) વિસ્તાર અને ક્ષેત્રકાર્ય

**ઝૂંપડપટ્ટી :** *આર્થિક કંગાલિયતની કાયમી પરિસ્થિતિ જીવતા લોકોના વસવાટોનો સમૂહ. વિશ્વમાં માનવજીવનના પ્રારંભથી આશ્રયસ્થાન, રહેઠાણ કે આવાસ વ્યક્તિ અને કુટુંબના કેન્દ્રમાં રહેલ છે. સામંતશાહીનો અસ્ત, વિશ્વભરના મૂડીવાદી દેશોમાં ઔદ્યોગિક ક્રાંતિ અને ત્રીજા વિશ્વના દેશોમાં*

*શહેરીકરણને કારણે ઝૂંપડપટ્ટીનો ઉદભવ એક અનિવાર્ય ઘટના બની. તેણે અનેક સમસ્યાઓ સર્જી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની વ્યાખ્યા પ્રમાણે ગીચ વસ્તી, નિમ્ન જીવનની પરિસ્થિતિ, ગંદકીનો નિકાલ કરવાની વ્યવસ્થાનો અભાવ અને એવી અનેક બાબતોને કારણે જોખમાતું આરોગ્ય તથા ભયમાં મૂકાતી માણસોની જિંદગી અને નીતિમત્તાવિહીન વાતાવરણ જ્યાં હોય તેવું રહેઠાણ તે ઝૂંપડપટ્ટી.*

**ઝૂંપડપટ્ટીની વ્યાખ્યા :**

*"ઝૂંપડપટ્ટી" શબ્દને ભારતીય સંદર્ભમાં જોઈએ તો પ્રાદેશિક ભિન્નતાને આધારે તેને માટે જુદા જુદા શબ્દો પ્રયોજાયા છે, જેમ કે, કૉલકાતા અને લખનૌમાં "બસ્તી", ચેન્નાઈમાં "ચેરી", કાનપુરમાં 'આહતા", દિલ્હીમાં "કત્રા', મુંબઈમાં "ઝૂંપડપટ્ટી' તથા મધ્યપ્રદેશમાં "ઝુગ્ગી ઝોંપડી". ભારતની જેમ ત્રીજા વિશ્વના અનેક દેશોમાં વીસમી સદીની શરૂઆતથી વધતી જતી શહેરી વસ્તી એક તરફ સમૃદ્ધિનું અને બીજી તરફ અમાનવીય વાતાવરણ સર્જતી ઝૂંપડપટ્ટીનું પ્રતીક છે. આપણું વિશ્વ ઘણું ઝડપથી શહેરી બનતું જાય છે. વીસમી સદીની શરૂઆતમાં વિશ્વની વસ્તીના* 8% *લોકો શહેરોમાં રહેતા હતા તે* 1995*માં* 50% *થયા.* 2020 *સુધીમાં વિશ્વની પોણા ભાગની વસ્તી શહેરોમાં રહેતી હશે એવું અંદાજવામાં આવ્યું છે.*

*વર્તમાન સમયમાં વિકસતા દેશોમાં શહેરી વસ્તીને રહેવા માટે જમીન અને રહેઠાણની તેમજ પાણી, ગટર અને આરોગ્યવિષયક પ્રાથમિક સુવિધાઓની અકલ્પ્ય અછત સર્જાઈ છે. આ પ્રશ્ન વિકરાળ અને અમાનવીય સ્વરૂપ ધારણ કરતો જાય છે. ઝૂંપડપટ્ટીઓ શા માટે સર્જાય છે એ સમજવા માટે ઐતિહાસિક અવલોકન આવશ્યક છે. એક સર્વસંમત મત એવો છે કે ઝૂંપડપટ્ટી ઔદ્યોગિક ક્રાંતિ પછીના શહેરીકરણની નીપજ છે. જોકે ઔદ્યોગિક ક્રાંતિની પૂર્વે પણ એવા વસવાટના વિસ્તારો હતા જેને આપણે વર્તમાન ઝૂંપડપટ્ટી સાથે સરખાવી શકીએ.*

*ભારત જેવા ગરીબ દેશમાં ઝૂંપડપટ્ટીના શ્રમજીવી લોકો સસ્તી મજૂરી પૂરી પાડનારો વર્ગ છે. સંગઠિત કરતાં અસંગઠિત ક્ષેત્રે કામ કરનારા લોકોનું પ્રમાણ વધુ હોય છે. બાળમજૂરી એ વર્તમાન ઝૂંપડપટ્ટીનું એક મહત્વનું લક્ષણ છે. ભારતમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને મફત હોવા છતાં મોટાં શહેરોન ઝૂંપડપટ્ટીનાં બાળકોને કુટુંબના ભરણપોષણ માટે ભયજનક પરિસ્થિતિમાં કામ કરવું પડે છે.*

*ભારતીય બંધારણે પ્રત્યેક વ્યક્તિને ગૌરવપૂર્ણ જીવનનો અધિકાર આપ્યો હોવા છતાં આજનાં ભારતીય શહેરોમાં લોકોને ઝૂંપડપટ્ટીઓમાં રહેવું પડે છે. શહેરની સુંદરતાને નામે, ટ્રાફિકના પ્રશ્નના નામે કાયદાઓના રક્ષણ તળે આજે ઝૂંપડાવાસીઓનાં આશ્રયસ્થાનોને નાબૂદ કરવાની પ્રવૃત્તિઓ સરકારી આદેશ અનુસાર ચાલે છે. આ સંજોગોમાં કૃષિક્ષેત્રે જમીનની ટોચમર્યાદા જેવા કાયદાઓનો પૂરેપૂરો અમલ કરી સામાન્ય માણસને માથે છાપરું મળી રહે અને જીવનની લઘુતમ સુવિધાઓ સૌને મળે તેવા સરકારી, બિનસરકારી પ્રયત્નો આવશ્યક છે એમ આ ક્ષેત્રના અભ્યાસીઓનું મંતવ્ય છે.*

*ભારતના આર્થિક પાટનગર ગણાતા મુંબઈ શહેર માટે ધારાવી તથા આર્થિક રીતે સમૃદ્ધ ગણાતા અમદાવાદ શહેર માટે ગુલબાઈ ટેકરા અને વાડજ નજીકની ઝૂંપડપટ્ટીઓ 'વિકાસનો વિરોધાભાસ' પૂરો પાડે છે.*

## 5.3 ક્ષેત્રકાર્યમાં ઉપયોગી સમાજકાર્યની પદ્ધતિ

*સમાજકાર્યની મુખ્ય ત્રણ પદ્ધતિઓ છે..*

1. *સામાજિક વૈયક્તિક કાર્ય પદ્ધતિ*
2. *સામાજિક જૂથકાર્ય પદ્ધતિ અને*
3. *સામુદાયિક સંગઠન પદ્ધતિ*

**1. સામાજિક વૈયક્તિક કાર્ય પદ્ધતિઃ**

*દરેક વ્યક્તિની પોતાની સામાજિક, આર્થિક અને ભૌતિક પરિસ્થિતિઓ અંગેની પ્રતિક્રિયા અલગ- અલગ હોય છે. તેમજ દરેક વ્યક્તિની સમસ્યા બીજી વ્યક્તિઓથી પણ અલગ હોય છે. સમાજકાર્યમાં વ્યક્તિગત સમસ્યાઓના સંદર્ભમાં વૈયક્તિક સેવાઓની વ્યવસ્થા કરવામાં આવે છે.*

*ગોર્ડન હેમિલ્ટ* (1951)*સામાજિક વૈયક્તિક કાર્ય પદ્ધતિની વ્યાખ્યા કરતાં જણાવે છે કે,, "સમાજકાર્ય વૈયક્તિક કાર્ય પદ્ધતિ એ સમાજકાર્યનું એક સાધન અને ક્ષેત્ર છે. તે એક એવી પ્રક્રિયા છે.જેના દ્વારા વ્યક્તિની પ્રગતિ તેની વિશેષ પરિસ્થિતિને અનુરૂપ અને સામાજિક વાતાવરણમાં સમાયોજનની સ્થાપનાથી થાય છે. "*

*મેરી રિચમન્ડ* (1915)*ના મતે, "વિભિન્ન વ્યક્તિઓને માટે તેમની સાથે રહીને તેના સહયોગથી વિભિન્ન પ્રકારનું કાર્ય કરવાની એક કળા છે. તેનો ઉદેશ એક જ સાથે વ્યક્તિઓની અને સમાજની ઉન્નતિ કરવાનું છે. "*

*પર્લમેન* (1957, *પા.*4) *કહે છે કે,, "સમાજિક વૈયક્તિક કાર્ય પદ્ધતિ એક પ્રક્રિયા છે, જેનો ઉપયોગ માનવ કલ્યાણ સંસ્થાઓ કરે છે. જેના દ્વારા વ્યક્તિઓને સહાય કરવામાં આવે છે અને તેઓ સામાજિક કાર્યત્મકતાનો સામનો કરી સમાજમાં સમાયોજન સ્થાપિત કરી શકે."*

*દા.ત. આ પ્રક્રિયા અને સાધનનો ઉપયોગ નીચેની પરિસ્થિતિમાં કરવામાં આવે છે.* (1)*અપરાધી બાળક* (2)*રક્તપિત, ક્ષય કે અન્ય રોગીઓના પુનવર્સન, મનોરંજન અને સારવાર* (3)*ભિક્ષાવૃતિ* (4)*અવિવાહિત માતાઓ* (5)*કૌટુંબિક કુસમાયોજન* (6)*મનોચિકિત્સા કાર્ય વગેરે.*

**2. સામાજિક જૂથકાર્ય પદ્ધતિઃ**

*માનવી સમૂહમાં રહે છે. માનવી કુંટુંબ, જ્ઞાતિ, સંગઠનો, સમાજ વગેરે સાથે રહીને મોટો થયો છે. માનવી માત્રને માટે જૂથજીવન (સમૂહજીવન)નું બુનિયાદી મહત્ત્વ છે. સમૂહજીવનમાં સભ્યો વચ્ચે પારસ્પરિક આદાન-પ્રદાન થાય છે. સામાજિક સમૂહ કાર્ય પદ્ધતિ એ સમાજકાર્યની એક મહત્ત્વની પદ્ધતિ છે. આ પદ્ધતિ દ્વારા વ્યક્તિઓને સહાયતા કોઈ જૂથના માધ્યમથી અને સમૂહના સભ્ય હોવાના સંબંધે આપવામાં આવે છે. સામાજિક સમૂહ કાર્ય પદ્ધતિ એક પ્રકારની પદ્ધતિ અને પ્રક્રિયા છે, જેના માધ્યમથી સમાજ કાર્યકર્તા સરકારી કે સ્વૈચ્છિક સંસ્થાઓની વ્યવસ્થામાં વ્યક્તિઓ અને સમૂહોની સહાયતા એવી રીતે કરે છે કે, તેનામાં બીજા લોકો સાથે સફળ સંબંધો બાંધવાની ક્ષમતાઓનો વિકાસ થઈ શકે. તેમજ પોતે પોતાની જરૂરિયાતોને તથા સ્થિતિઓને અનુરૂપ શક્તિનો ઉપયોગ કરી શકે અને આત્મવિકાસ કરી શકે. સામાજિક સમૂહ કાર્ય પદ્ધતિમાં વ્યક્તિ સમાજ કાર્યકરની સહાયતાથી પોતાના વ્યક્તિત્વનો વિકાસ,*

*પરિવર્તન અને સંવર્ધન માટે સમૂહના સાધનના સ્વરૂપમાં ઉપયોગ કરવાનો છે. સમાજ કાર્યકર સમૂહના સભ્યોની પારસ્પરિક ક્રિયા-પ્રતિક્રયાના સંદર્ભમાં નિર્દેશન કાર્ય કરીને વ્યક્તિની પ્રગતિ અને આખા સમૂહના ઉત્થાન માટે પ્રયત્નશીલ રહે છે. ભાવનાઓ, રુચિઓ, પસંદ-નાપસંદ વગેરેની અભિવ્યક્તિ માટેની તક મળે છે. સામાજિક જૂથકાર્ય પદ્ધતિના સર્વસામાન્ય ઉદેશ આ પ્રમાણે છે.*

(1) *જીવન ઉપયોગી જરૂરિયાતોની પૂર્તિ કરવી.*

(2)*જૂથના સભ્યોને મહત્ત્વ આપવું.*

(3)*સામંજસ્ય સ્થાપિત કરવા માટે જૂથની શક્તિઓનો વિકાસ કરવો.*

(4)*આત્મવિશ્વાસ અને સ્વનિર્ભરતાને વિકસાવવી.*

(5)*પ્રજાકીય નેતૃત્વ વિકસાવું.*

(6)*સામાજિક સંબંધોને સુદઢ બનાવવા તથા મનોસામાજિક સમસ્યાઓનું સમાધાન કરવું.*

*સમૂહ સમાજકાર્યની ઉપયોગિતા એ બાબતે છે કે, તેમાં લોકશાહીની સદભાવના સક્રિયતા સાથે વ્યક્તિ અને સમૂહનો આત્મવિકાસ થાય છે. નેતૃત્વની ક્ષમતામાં વધારો થાય છે અને લોકોના નવરાશના સમયે રચનાત્મક કાર્યથી ઉપયોગી કાર્યની તક મળે વધુ જરૂરી છે. દા.ત. કુંટુંબ, જ્ઞાતિ મંડળો, મહિલા મંડળો, સ્વસહાય જૂથો, યુવા જૂથો, વ્યાવસાયિક જૂથો વગેરે સામાજિક સમૂહ કાર્ય પદ્ધતિના ઉદાહરણો છે.*

**3. સામુદાયિક સંગઠન પદ્ધતિઃ**

*સામુદાયિક સંગઠન* **પદ્ધતિ** *સમાજ કાર્યની એક* **પદ્ધતિ** *છે અને સાથે તેનું કાર્યક્ષેત્ર પણ છે. બંન્ને અર્થમાં સમુદાય શબ્દનો ઉપયોગ થાય છે. અન્ય વ્યવસાયોના સંદર્ભમાં પણ તેનો ઉપયોગ થાય છે. શિક્ષણનો પણ પ્રક્રિયા સાથે કાર્યક્ષેત્ર સંદર્ભમાં ઉપયોગ થાય છે. તેમજ ચિકિત્સા એક પ્રક્રિયા પણ છે. અને કાર્યક્ષેત્ર પણ. કાયદા-કાનૂનનાં સંદર્ભમાં પણ આવું જ છે. દા.ત. વેપારી સમુદાય, ધાર્મિક સંગઠનો, મહિલા સમુદાય, આદિવાસી સમુદાય વગેરે. સામુદાયિક સંગઠન સમાજકાર્યનું એક અંગ અને પદ્ધતિ છે.*

*સામુદાયિક સંગઠન પદ્ધતિમાં કોઈ ભૌગોલિક ક્ષેત્રના સામાજિક સંસાધનોનો તેના સંપૂર્ણ અને આંશિક રીતે સમાજ કલ્યાણ સંબંધી આવશ્યકતાઓની પૂર્તિમાં પ્રભાવશાળી રીતે ઉપયોગ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. તેના ક્રિયાત્મક સંગઠનમાં હકીકતોનું નિરીક્ષણ, સમન્વય, સ્તર સુધાર, વ્યાખ્યા, સમાજકલ્યાણ સંબંધી કાર્યક્રમોનો વિકાસ, સામાજિક કાર્યની ક્રિયાત્મક સંરચનાઓમાં પરિવર્તન અને સામાજિક કાનૂનોનું સંશોધન-સંવર્ધનનો પણ સમાવેશ થાય છે.*

**સામુદાયિક સંગઠન પદ્ધતિના તબક્કાઓ નીચે મુજબ છે.**

1. *સમુદાયનો પદ્ધતિસર અભ્યાસ/સર્વે કરવો.*
2. *સમુદાયની સામાજિક જરૂરિયાતોને શોધવી અને પ્રાથમિકતા નક્કી કરવી.*
3. *જરૂરિયાતોની પૂર્તિ માટે ઉપલબ્ધ સાધનોની તપાસ કરવી. (આંતરિક અને બાહ્ય)*
4. *સમાજકલ્યાણના કાર્યક્રમોમાં અવરોધક સામાજિક સમસ્યાઓ અને સામાજિક નબળાઈઓનું નિવારણ કરવું અથવા અટકાવવી.*

5. *જરૂરિયાતો અને સાધનોનું સ્પષ્ટરૂપથી દર્શાવવી અને નિરંતર પરિવર્તન પામતી જરૂરિયાતોની પૂર્તિ માટે સાધનોનો સતત જોડાણ કરતાં રહેવું.*

*સામુદાયિક સંગઠનકર્તા સમુદાયમાં સૌ પ્રથમ જાગૃતિ ઊભી કરે છે. આ સમુદાયની સહાયતા એવી રીતે કરવામાં આવે છે કે, સમુદાય પોતાની જરૂરિયાતો, સંસાધનો અને સમસ્યાઓનું સમાધાનના ઉપાયોથી પરિચિત થાય. સમુદાયને શિક્ષિત કરીને અને તેને પોતાના સર્વ સામાન્ય ઉદ્દેશ્યોની પ્રાપ્તિ માટે કાર્યોન્મુખ કરવા માટે સામુદાયિક સંગઠનકર્તાએ પોતાની પ્રક્રિયા, વ્યવસ્થા, માધ્યમો અને પદ્ધતિઓનો અમલ અને પ્રયોગ કરવો પડે છે.*

*સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઉપયોગ વિભિન્ન ક્ષેત્રોમાં કરવામાં આવે છે. તેના કેટલાંક કાર્યક્ષેત્રો છે. જેમ કે આર્થિક ક્ષેત્ર, શિક્ષણ, આરોગ્ય, રોડ-રસ્તાઓ અને આવાસો, મનોરંજન, સામાજિક સેવા વગેરે ક્ષેત્રોમાં સામુદાયિક સંગઠન પદ્ધતિ ઉપયોગ થાય છે.*

**4 સમાજ કલ્યાણ વહીવટી પદ્ધતિઃ**

*સમાજ કલ્યાણ વહીવટી પદ્ધતિએ સમાજકાર્યની ગૌણ પદ્ધતિ છે. આ એક એવી પદ્ધતિ છે. જેના માધ્યમથી નિર્ધારિત લક્ષ્યોની પ્રાપ્તિ અને સામાજિક નીતિને લાગુ પાડવા. સેવાઓ પ્રદાન રમતાઓનો ઉપયોગ કરવામાં આવે છે, શિક્ષણ, વ્યવસાયોમાં સેવાર્થીને સમાજ કલ્યાણ વહીવટ પદ્ધતિને સમજવા કેટલીક ચિકિત્સાલય, ન્યાયાલય, સુપારગૃહ વગેરે અનેક વિભાવનાઓને સમજીએ.*

*"સમાજ કલ્યાણ વહીવટ કાર્ય કરવામાં સહાયતા પ્રદાન કરે છે. તથા વધવામાં યોગદાન આપવા સ્વરૂપે તેને પરિભાષિત કરવામાં આવે છે કે, જે કોઈ કાર્ય દ્વારા પ્રત્યક્ષ સેવા આપવા માટે અનિવાર્ય છે."*

*સમાજ કલ્યાણ વહીવટનો મુખ્ય ઉદેશ રાષ્ટ્રની સુરક્ષા, કાનૂન અને વ્યવસ્થાનું સંરક્ષણ કરવું તેમજ આર્થિક વિકાસ અને સામાજિક વિકાસને સુનિશ્ચિત કરવાનું છે. સંચાલિત સેવાઓના વહીવટને 'જન પ્રશાસન'* (public Administrate)*કહેવામાં આવે છે, પરંતુ સમાજ સેવાઓથી સંબંધિત વહીવટને 'સામાજિક વહીવટ' કહેવામાં આવે છે. આ સામાજિક સેવાઓ સરકાર દ્વારા અથવા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સંચાલિત કરવામાં આવે છે. સમાજ કલ્યાણ વહીવટ સામાજિક વહીવટનો એક ભાગ છે. વહીવટ મનોરંજન વગેરેનું સંચાલન અને નિયંત્રણ કરે છે. અને કોઈ ભેદભાવ કર્યા વગર કાર્ય કરે છે. જે પીડિતો, ગરીબો, આશ્રિતો, પછાત વર્ગો, અનુસુચિત જાતિ, અમાન્ય પ્રજાજનોને . સમાજ કલ્યાણ અથવા જન કલ્યાણ વહીવટનો અભિપ્રાય નાતિ, રોગીઓ વગેરેને પ્રદાન કરવામાં આવે છે.*

*સમાજ કલ્યાણ વહીવટના કાર્યો સર્વ પ્રથમ* 1916*માં હેનરી ફેયાલે રજૂ કર્યા છે. તેના મતે વહીવટ સેવાનો હેતુ કલ્પના અને આયોજન કરવું, સંગઠન બનાવવું, આદેશ આપવા, આશા રાખવી., તથા નિયંત્રણ કરવા છે. લ્યુથર ગુલિકે તેનાથી આગળ ચાલીને સમાજ કલ્યાણ વહીના સાત કાર્યોનું વર્ણન કર્યું છે. જે એક જાદુઈ સુત્ર 'પોસ્ટકાર્બ'* (POSTCORB)*પ્રસ્તુત કર્યું છે.*

**5 સમાજકાયનું સંશોધન પદ્ધતિઃ**

*સમાજકાર્ય સંશોધન પદ્ધતિ સમાજકાર્યની એક સક્ષમકારી અને મહત્ત્વપૂર્ણ પદ્ધતિછે. સંશોધન એટલે 'સત્તાની શોધ', 'નવું જ્ઞાન મેળવવાનો પદ્ધતિસરનો પ્રયાસ'.આ એક એવો પ્રયાસ છે.જેનો ઉદ્દેશ*

અભ્યાસ અને નિરીક્ષણ-પરીક્ષણ દ્વારા નવી જાણકારી પ્રાપ્ત કરવાનો છે.આ એક એવી પ્રક્રિયા છે કે, જેના દ્વારા આપણે સમાજકાર્યના ક્ષેત્રમાં ઊભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ શોધવાનો પ્રયાસ કરવામાં આવે છે.

**6 સામાજિક ક્રિયા**

ઐતિહાસિક વિકાસની દષ્ટિથી સમાજકાર્યનું વર્તમાન વૈજ્ઞાનિક સ્વરૂપનું અવલોકન કરવાથી એ ખ્યાલ આવે છે કે, 1922 માં જ મેરી રિચમન્ડ સામાજિક ક્રિયાનો ઉલ્લેખ સમાજકાર્યની મુખ્ય ચાર પદ્ધતિઓમાંની એક પદ્ધતિ તરીકે કર્યો હતો. 1940માં જોન ફિચે એક કોન્ફરન્સમાં સામાજિક ક્રિયાની પ્રકૃતિ (સ્વરૂપ) ઉપર એક મહત્ત્વપૂર્ણ નિબંધ રજૂ કર્યો. એક વર્ષ પછી તેમણે સોશિયલ વર્ક ઈયર બુકમાં સમાજિક આંદોલન ઉપર એક નિબંધ લખ્યો, તેના કેટલાંક દિવસો પછી સમાજકાર્યના ક્ષેત્રમાં સામાજિક વ્યાપાક ચર્ચા શરૂ થઈ. ઈ.સ-1945માં કેનિથ એલિયમ પ્રેને સોશ્યલ વર્ક એન્ડ સોશ્યલ એક્સન વિષય સંદર્ભે એક લેખ લખ્યો. જેના આધારે એવું મનાવા લાગ્યું કે સામાજિક ક્રિયા સામુદાયિક એક ભાગ નથી. આ સમાજકાર્યની એક અલગ પદ્ધતિ છે. ત્યાર બાદ એ સ્પષ્ટપણે સ્વીકારવા લાગ્યુ કે સામુદાયિક સંગઠન હેઠળનું કાર્ય એક સીમિતક્ષેત્રમાં કરવામાં આવે છે, જ્યારે સામાજિક ક્યાનું કાર્ય વિશાળ ક્ષેત્રમાં કરવામાં આવે છે. જેમાં અસસ્પૃશ્યતા નિવારણ, દહેજ, બાલવિવાહ, પર્યાવરણ પ્રદૂષણ વગેરેનો સમાવેશ થાય છે.

## 5.4 સમાજકાર્યનું જ્ઞાન અને કુશળતાઓ

સમાજકાર્યના જ્ઞાનનો અર્થ એ છે કે આ સમાજમાં કામ કરવા માટે તે જરૂરી તથ્ય, સિદ્ધાંતો અને પદ્ધતિઓની સારી સમજ હોવી. જે વ્યક્તિ, કુટુંબ, સમુદાય અને સમાજ સાથે કામ કરવા માટે જરૂરી છે. આ જ્ઞાન પ્રયોગશીલ છે અને તે થિયરી (સિદ્ધાંતો) અને પ્રેક્ટિસ (અભ્યાસ)નું સંયોજન છે.

**1. સિદ્ધાંતો (Theories):** માનવ વ્યવહાર, વિકાસ અને સામાજિક પદ્ધતિઓ માટેના સિદ્ધાંતો, જેમ કે ઈકોસિસ્ટમ થિયરી, સિસ્ટમ થિયરી, સાઈકોસોશિયલ થિયર વગેરે. આ સિદ્ધાંતોથી સમજ મળે છે કે લોકો કેમ અને કેવી રીતે વર્તન કરે છે અને તે પરિપ્રેક્ષ્યને કેવી રીતે બદલવો.

**2.પ્રકૃતિ(Nature):** વ્યક્તિગત, કુટુંબ અને સમુદાયની સમસ્યાઓનું આકલન કરવા માટે જરૂરી જ્ઞાન. સામાજિક નિદાન અને પ્રવેશ માટેની પદ્ધતિઓ.

**3. પદ્ધતિઓ (Methods):**

1. કેસ વર્ક(Case Work): વ્યક્તિગત મદદ માટેની પદ્ધતિ
2. ગ્રુપ વર્ક(Group Work): જૂથ સાથેની કામગીરી
3. સામુદાયિક સંગઠન (Community Organization):સમુદાયને સંગઠિત અને સક્ષમ બનાવવાની પ્રક્રિયા.

**1.કેસ વર્ક (Case Work):**

- વ્યક્તિગત અને પરિવારના સ્તરે મદદ પૂરી પાડવી.

- *લોકોની જરૂરિયાતો અને સમસ્યાઓનું મૂલ્યાંકન કરીને તેમને જરૂરી સહાય અને માર્ગદર્શન આપવું.*
- *સ્લમ વિસ્તારમાં આ પદ્ધતિનો ઉપયોગ માનસિક સ્વાસ્થ્ય, ઘરના મુદ્દાઓ, અને રોજગાર સંબંધી સમસ્યાઓ હલ કરવા માટે થાય છે.*

**2. ગ્રુપ વર્ક (Group Work):**

- *ઝૂંપડપટ્ટીના લોકો સાથે જૂથના સ્વરૂપે કામ કરવું.*
- *સામુહિક ચર્ચા, સપોર્ટ ગ્રુપ અને ટ્રેનિંગ પ્રોગ્રામ દ્વારા વ્યક્તિઓને કૌશલ્ય વિકસાવવામાં મદદ કરવી.*
- *આ પદ્ધતિ દ્વારા લોકો વચ્ચે સહકાર, સમર્થન અને એકતાનું માળખું બાંધવામાં મદદ થાય છે.*

**3. સામુદાયિક સંગઠન (Community Organization):**

- *સમુદાયના સ્તરે સમસ્યાઓનું નિરાકરણ લાવવું અને સમાજને સક્ષમ બનાવવો.*
- *સ્લમ વિસ્તારના લોકોને સંગઠિત કરીને તે લોકોની જરૂરિયાતો અને અધિકારો માટે એડવોકેસી કરવી.*
- *લોકોને વિવિધ નીતિઓ અને યોજનાઓ વિશે જાણકારી આપવી.*

**4. માનવ અધિકાર અને નીતિ (Human Rights and Policy):***સમાજકાર્યમાં, માનવ અધિકારો અને સામાજિક ન્યાય ખૂબ મહત્વના છે. નીતિ અને કાયદા, જેમ કે બાળ અધિકાર, મહિલાઓના અધિકાર, શ્રમિક અધિકાર વગેરે.*

**5.સામાજિક સંશોધન (Social Research):***સમાજકાર્યમાં સંશોધન માટેનું જ્ઞાન જરૂરી છે, જેથી સમયસર સમસ્યાઓની ઓળખ કરી શકાય અને યોગ્ય હસ્તક્ષેપ કરવો શક્ય થાય.*

*આ તમામ પાસા ઓનો ઉપયોગ કરીને, સમાજકાર્યના નિષ્ણાતો વ્યક્તિગત, જૂથ અને સમાજના સ્તરે ન્યાયપ્રદ પરિવર્તન લાવવાનો પ્રયાસ કરે છે.*

**સમાજકાર્ય મૂલ્યો :**

1. *પ્રત્યેક વ્યક્તિ મૂલ્યવાન છે તેનું ગૌરવ થવું જોઈએ.*
2. *સમાજ કલ્યાણમાં વ્યક્તિની જવાબદારી*
3. *સામાજિક ન્યાય*
4. *લોકશાહી મૂલ્યો*
5. *સમાજકાર્યના સિદ્ધાંતો*
   - *સ્વીકૃતિનો સિદ્ધાંત*
   - *વૈયક્તિકીકરણનો સિદ્ધાંત*
   - *પ્રત્યાયન*
   - *ગોપનીયતા*

**સમાજકાર્યની પ્રયુક્તિઓ :**

- *નિરીક્ષણ*
- *મુલાકાત*
- *ચર્ચા*
- *અભ્યાસ*

**સમાજ કાર્યકરની કુશળતાઓ :**

1. *સંબંધ સ્થાપન કુશળતા*
2. *શરૂઆતનો હેતુ વર્ણવવાની કુશળતા*
3. *પ્રશ્ન પૂછવાની કુશળતા*
4. *સ્પષ્ટતા મેળવવાની કુશળતા*
5. *લાગણીને પ્રતિબિંબિત કરવાની કુશળતા*
6. *વર્ણનાત્મક માહિતીને આયોજિત કરવાની કુશળતા*
7. *મુદ્દો /સમસ્યાને પ્રતિબિંબકરવી.*
8. *મુલાકાતની કુશળતા*
9. *સમસ્યાને ઓળખવાની કુશળતા*
10. *મૂલ્યાંકનની કુશળતા*
11. *પ્રત્યાયનની કુશળતા*
12. *અહેવાલ લેખનની કુશળતા*

## 5.5 સારાંશ

*સમાજકાર્યનો ઉદ્દેશ જરૂરિયાતમંદ લોકોને સહાયભૂત થવાનો હોય છે. સહાયની જરૂર છે કે કેમ તે જાણવા માટે પરિસ્થિતિ તેમજ વ્યક્તિ વિશે જ્ઞાન હોવું જોઈએ. જે પરિબળો કે પરિસ્થિતિને કારણે વ્યક્તિ પોતાની સ્થિતિને સુધારવા માટે કે આપત્તિમાં ટકી રહેવા માટે અસમર્થ બની જાય છે તેને સમજી લેવી પડે. શહેરી સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય માટે સામાજિક કાર્યકરને મક્કમ પદ્ધતિઓ, વ્યાપક જ્ઞાન અને વિવિધ કુશળતાઓની જરૂર પડે છે. આ અભિગમોથી તે સ્થાનિક લોકોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપી શકે છે અને સમુદાયને સક્ષમ બનાવી, બહેતર જીવનશૈલી તરફ આગળ લઈ જઈ શકે છે.*

## 5.6 તમારી પ્રગતિ ચકાસો

1. *સમાજકાર્યની મુખ્ય પદ્ધતિ કેટલી છે.*
   - A. *એક*
   - B. *બે*
   - C. *ત્રણ*
   - D. *ચાર*
2. *ભારતનો સૌથી મોટો સ્લમ વિસ્તાર કયો છે.*
   - A. *ધારાવી*
   - B. *ગુલબાઈ ટેકરા*

C. અસારવા

D. જુના વાડજ

3. સ્લમ વિસ્તારમાં કામ કરવાની કાર્યકરની કુશળતાઓ કઈ કઈ છે.

A. મુલાકાત કરવાની કુશળતા

B. સમસ્યા ઓળખવાની કુશળતા

C. પ્રત્યાનની કુશળતા

D. ઉપરોક્ત તમામ

## 5.7તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. C. ત્રણ 2. A. ધારાવી 3. D.ઉપરોક્ત તમામ

## 5.8 ચાવીરૂપ શબ્દો

**1. સ્લમ (Slum):** *સ્લમ એટલે ઝૂંપડપટ્ટી અથવા ગરીબ નગરી વિસ્તાર, જ્યાં લોકો ખરાબ રહીશી પદ્ધતિઓ અને ઝૂંપડાંમાં રહે છે. આ વિસ્તારમાં સવલતોની અછત હોય છે, જેમ કે પીવાનું પાણી, સ્વચ્છતા, આરોગ્ય સેવાઓ, અને વહીવટી સુવિધાઓની કમીઓ.*

**2.શહેર (Sheher):** *શહેર એટલે મેટ્રોપોલિસ અથવા નગર, જે વિસ્તારમાં મોટી જનસંખ્યા અને આધુનિક સુવિધાઓ હોય છે. શહેરમાં ઉદ્યોગ, વેપાર, શિક્ષણ, અને આરોગ્ય સેવાઓનો વિકાસ વધુ હોય છે.*

**3. ક્ષેત્રકાર્ય (Field Work):***ક્ષેત્રકાર્ય એ સામાજિક કાર્યના અભ્યાસ અને પ્રેક્ટિસનો મહત્વનો ભાગ છે, જ્યાં વિદ્યાર્થીઓ અથવા નીતિનિર્ધારકોની ટીમ સમુદાયમાં જઈને વ્યાવહારિક કામ કરે છે. આમાં કેસ વર્ક, ગ્રુપ વર્ક, અને સામુદાયિક સંગઠન જેવા વિવિધ પદ્ધતિઓનો સમાવેશ થાય છે.*

**4.કુશળતા (Skill):** *કુશળતા એટલે ખાસ જાણકારી અને નિપુણતા, જે વ્યક્તિના વ્યાવસાયિક કાર્ય અને કામગીરીમાં મદદરૂપ થાય છે. સમાજકાર્યમાં જરૂરી કુશળતાઓમાં સંબંધ સ્થાપન, સમાજશાસ્ત્રીય મૂલ્યાંકન, પરિપ્રેક્ષ્યનું નિદાન અને આગાહી કરવાની ક્ષમતા સામેલ છે.*

**5.સમાજકાર્ય (Social Work):** *સમાજકાર્ય એ વ્યાવસાયિક સેવા છે, જે વ્યક્તિગત, જૂથ અને સમુદાયના કલ્યાણ માટે કાર્ય કરે છે. તેનો ઉદ્દેશ્ય છે સામાજિક ન્યાય, માનવ અધિકાર, સમાજમાં સુધારા અને સમર્થન સેવાઓ પૂરી પાડવી. આમાં કેસ વર્ક, ગ્રુપ વર્ક, કાઉન્સેલિંગ, સામાજિક સંશોધન અને એડવોકેસી પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.*

## 5.9સ્વાધ્યાય લેખન

1. શહેરી સ્લમ વિસ્તારનો અર્થ સમજાવો.

........................................................................

........................................................................

........................................................................

……………………………………………………………………
…………………………
2. *શહેરી સ્લમ વિસ્તારમાં કામ કરવાની સમાજ કાર્યકરની કુશળતાઓ જણાવો.*
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
…………………………
3. *શહેરી સ્લમ વિસ્તાર માં સમાજકાર્યના જ્ઞાનનો ઉપયોગ સમજાવો.*
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
*શહેરી સ્લમ વિસ્તારમાં સમાજકાર્યની પદ્ધતિની ઉપયોગિતા સમજાવો.*
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………

## 5.10 સંદર્ભગ્રંથ


1. https://gujarativishwakosh.org
2. *શહેરી (સ્લમ) ક્ષેત્રકાર્ય* - MSW -204 - *ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી - અમદાવાદ*
3. *સમાજકાર્યનો ઈતિહાસ અને દર્શન* MSW-101 -*ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી – અમદાવાદ*

## એકમ-6

## શહેરી સ્લમ વિસ્તારના ક્ષેત્રકાર્યનું મૂલ્યાંકન, અહેવાલ લેખન અને જાણવા શીખવા મળેલ બાબત

-: રૂપરેખા :-

**6.1 ઉદ્દેશો**

**6.2 પ્રસ્તાવના**

**6.3 શહેરી સ્લમ વિસ્તાર અને મુલાકાત**

**6.4 શહેરી સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય માટે ઉપયોગી પ્રયુક્તિઓ**

**6.5 ક્ષેત્રકાર્ય અને અહેવાલ લેખન**

**6.6 સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય ગોઠવણી**

**6.7 ક્ષેત્રકાર્ય માટે સ્લમ વિસ્તારની પસંદગી**

**6.8 તમારી પ્રગતિ ચકાસો**

**6.9 સારાંશ**

**6.10 ચાવીરૂપ શબ્દો**

**6.11 સંદર્ભ સૂચિ**

### 6.1 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસ બાદ વિદ્યાર્થીઓ…*

- *શહેરી સ્લમ વિસ્તાર એટલે શું તે વિષે માહિતગાર થઈ શકશે.*
- *શહેરી સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય અંગેની માહિતી મેળવી શકશે.*
- *શહેરી સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્યનું મૂલ્યાંકન કઈ રીતે કરવું તે અંગે જાણકારી મેળવી શકશે .*
- *અહેવાલ લેખન તેમજ તે અંગેની જાણવા - શીખવા મળેલ બાબતો અંગે વિદ્યાર્થીઓ જાણી શકશે.*

### 6.2 પ્રસ્તાવના

*પ્રસ્તુત એકમમાં સમાજકાર્ય શિક્ષણમાં શહેરી સ્લમ અંગેની માહિતી તેમજ ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓ કઈ છે તે વિશે સમાજકાર્યમા વિદ્યાર્થીઓ માહિતી મેળવી શકશે અને ક્ષેત્રકાર્ય દ્વારા તે મૂલ્યાંકન કરીને અહેવાલ લેખન તેમજ તેના દ્વારા જે જાણવા - શીખવા મળતી બાબતો છે તે ચકાસી અને શહેરી સ્લમ વિસ્તારનું સહભાગી નિરીક્ષણ, જૂથચર્ચા, વિસ્તારની મુલાકાત, સ્લમની ચકાસણી કરીને તેઓ સમાજકાર્યના જ્ઞાન, સિદ્ધાંત, મૂલ્યો ,ભૂમિકા અને કુશળતાઓનો ઉપયોગ કરીને અસરકારક રીતે અહેવાલ મેળવી શકાશે. ક્ષેત્રકાર્યની કામગીરી કે પ્રવૃતિઓનું દસ્તાવેજીકરણ કરવું એ પણ સમાજકાર્ય શિક્ષણનો ભાગ છે.*

## 6.3 શહેરી સ્લમ વિસ્તાર અને મુલાકાત

*સમાજકાર્ય પારંગત અભ્યાસમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ જુદા - જુદા અભ્યાસ, વિષય અને વિસ્તારમાંથી આવે છે. આવા સંજોગોમાં વ્યાવસાયિક સમાજકાર્ય અભ્યાસક્રમના પાયા સમાન ક્ષેત્રકાર્ય કેવી રીતે કરવાનું હોય તેનો પરિચય મેળવવો આવશ્યક બની જાય છે. જેની સમજ અને પ્રત્યક્ષ અનુભવ તમને આ શહેરી -સ્લમ સમુદાયની અભિમુખતા મુલાકાત દ્વારા થઈ શકશે.*

*ભારતમાં વસવાટ કરતી વસ્તીઓનો મોટો હિસ્સો શહેરી વિસ્તારમાં વસવાટ કરતો થયો છે. એટલે કે પરિસ્થિતિ અનુસાર સમાજકાર્ય કરવા માટે શહેરી – સ્લમમાં કાર્યરત થઈ શકે તેવા કાર્યકર તૈયાર કરવા ખૂબ જ જરૂરી બને છે. તેથી આ અભ્યાસક્રમમાં પણ આપ શહેરી – સ્લમ સમુદાયમાં કામગીરી કરવાનું જ્ઞાન અને કુશળતા મેળવો તે જરૂરી છે. તેવી આપણા અભ્યાસક્રમમાં સત્ર - 1 માં શહેરી - સ્લમ સમુદાયમાં ક્ષેત્રકાર્યનું આયોજન ગોઠવાયું છે.*

*તમારે ગ્રામીણ સમુદાયની અભિમુખતા મુલાકાત સુપરવાઈઝરની દેખરેખમાં રહીને કરવાની છે. તમારી આ મુલાકાતમાં તેઓ સીધા પણ જોડાઈ શકે છે. આ અભિમુખતા મુલાકાત તમને શહેરી— સ્લમ ક્ષેત્રકાર્ય કરવા માટે પ્રેરણા, ટેકનિક અને ઉત્સાહ વધારવા લાયક બને તેવા પ્રયત્ન કરવા.*

### 6.3.1 અભિમુખતા માટેની મુલાકાત માર્ગદર્શિકા

*શહેરી – સ્લમ ક્ષેત્રકાર્ય અભિમુખતા મુલાકાત પ્રોફાઈલ માર્ગદર્શિકા :-*

*વિદ્યાર્થીનું નામ :-*

*સુપરવાઈઝરનું નામ :-*

*મુલાકાત તારીખ :-* *વાર :-* *સમય :-*

1) *શહેરનું નામ (શહેરી સ્લમ વિસ્તારનું નામ) :-*

*જિલ્લા મથકથી શહેરી સ્લમ વિસ્તારનું અંતર :-*

*સરનામું :-*

2) *શહેરના સ્લમ વિસ્તારના બોર્ડ મેમ્બર / કોર્પોરેટરનું નામ :-*

3) *શહેરી – સ્લમ વિસ્તારની વસ્તી વિષયક માહિતી :-*

*કુલ વસ્તી :-*

*પુરુષ :સ્ત્રી :* *બાળકો :-*

*કુટુંબનું કદ :-* *કુલ કુટુંબો :-* *જ્ઞાતિ પ્રમાણે કુટુંબો :-*

*ધર્મ પ્રમાણે કુટુંબો :-*

**4) શૈક્ષણિક માહિતી :-**

*સાક્ષરતા દર :* *સ્ત્રી :* *પુરુષ :*

*શહેરી - સ્લમ વિસ્તારમાં શૈક્ષણિક સુવિધાની વિગતો :-*

*જેમાં વિદ્યાર્થી સંખ્યા, શિક્ષકોની સંખ્યા, સુવિધાઓ વગેરે.......*

*પ્રાથમિક શાળા:*

*માધ્યમિક શાળા:*

*ઉચ્ચતર માધ્યમિક શાળા:*

*સ્નાતક:*

*અનુસ્નાતક:*

*અન્ય:*

**5) સ્લમની માળખાકીય સુવિધાઓ :**

*શૌચાલયની સ્થિતિ :*

*સ્ટ્રીટ લાઈટ :*

*રોડ-રસ્તા*

*પીવાના પાણીની વ્યવસ્થા :*

*ગટર / પાણીના નિકાલ માટેની વ્યવસ્થા :*

*કુલ ઘરો :*

*કાચા ઝૂંપડા :*

*અર્ધ પાકા મકાનો :*

*પાકા મકાનો :*

*પોતાના મકાનો :*

**6) આરોગ્ય વિષયક માહિતી :-**

*સ્લમ વિસ્તારની  બિમારી :*

*સ્લમ વિસ્તારના કયાં કારણે થતી બિમારી / રોગ :*

*સ્લમ વિસ્તારમાં આરોગ્ય વિષયક સુવિધાઓ :*

*આંગણવાડી :*

*આશા વર્કર / લીંક વર્કર) :*

*નર્સ બહેન (એ.એન.એમ) :*

*સબ સેન્ટર*

*પી.એચ.સી.*

*સી.એચ.સી.*

*સ્લમના લોકોમાં વ્યસનનું પ્રમાણ અને સ્થિતિ :*

*સ્લમ વિસ્તારમાં સ્વચ્છતાની સ્થિતિ :*

**7) સ્લમ વિસ્તારમાં અમલીકૃત યોજનાઓ અને તેની માહિતી :- (દરેક યોજનાઓ પ્રમાણે વિગતો મેળવવી)**

*યોજનાનું નામ :*

*લાભાર્થી પ્રકાર :* *પ્રમાણ :*

*લાભનો પ્રકાર :* *પ્રમાણ :*

*8) સ્લમ વિસ્તારના લોકોની વ્યાવસાયિક / આજીવિકા / આવકના સ્રોત વિશેની માહિતી :-*

*9) સ્લમમાં કાર્યરત સરકારી કે બિન સરકારી સંસ્થાઓ વિશેની માહિતી.*

## 6.4 શહેરી સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય માટે ઉપયોગી પ્રયુક્તિઓ

*ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં જઈને કરવાની કામગીરી કે પ્રવૃત્તિઓ માટે કેવી પ્રયુક્તિઓ હોઈ શકે તેમાં જેમાં તમને મુલાકાતની પ્રયુક્તિઓ, સહભાગી સ્લમ વિસ્તારની ચકાસણીની પ્રયુક્તિઓ અને સમાજકાર્યના મૂલ્યો, સિદ્ધાંતો, ભૂમિકા, સમસ્યા ઓળખની પ્રક્રિયા અને કુશળતાઓ અંગેની જાણકારી મળશે.*

### 6.4.1 મુલાકાત :-

**1) રચિત મુલાકાત :-**

*રચિત મુલાકાત અગાઉથી પ્રમાણભૂત થયેલા ચોક્કસ પ્રશ્નો લઈને મુલાકાત દ્વારા માહિતી મેળવવામાં આવે છે. આ પ્રકારની મુલાકાતમાં સમગ્રદોરા તમારા હાથમાં હોય છે. આ પ્રકારની મુલાકાત દ્વારા તમને જે પ્રકારની માહિતી જોઈએ છે તે મળે છે. તેમજ તેનું પૃથ્થકરણ અને અર્થઘટન કાર્ય સરળ બને છે.*

**2) અરચિત મુલાકાત :-**

*અહિંયા તમારે પરિસ્થિતિ અને માહિતી આપનારને ધ્યાનમાં રાખીને મુલાકાત પ્રશ્નોમાં બાંધછોડ કરવાની છે. પરિસ્થિતિ પ્રમાણેનું અનુકૂલન સાધવું એ આ મુલાકાતનું લક્ષણ છે. અણધારી મળતી માહિતીને સ્પષ્ટ કરવા માટે બીજા પૂરક પ્રશ્નો યોજી શકાય છે. તેથી સમાજકાર્ય ક્ષેત્રકાર્યમાં સામાન્ય રીતે આ પ્રકારને વધુ પસંદ કરવામાં આવે છે. જેનાથી ગુણાત્મક પ્રકારની અને પરિસ્થિતિને વધુ સ્પષ્ટ કરતી જાણકારી પ્રાપ્ત થાય છે.*

- **મુલાકાત સમયે ધ્યાનમાં રાખવાની બાબતો :-**

1) *ક્ષેત્રકાર્યમાં મુલાકાતનો હેતુ અને કેવી જાણકારી મેળવવાની છે તે પ્રથમ સ્પષ્ટ કરી લેવું જોઈએ.*
2) *ક્ષેત્રકાર્યના હેતુઓ અનુરૂપ મુલાકાતનો પ્રકાર અને મુલાકાત નક્કી કરવી જોઈએ.*
3) *જરૂરી માહિતી વ્યવસ્થિત રીતે મળે તે માટે સ્પષ્ટ રૂપરેખા તૈયાર કરવી.*
4) *પૂર્વસંમતિથી અને મુલાકાત આપનારની સગવડ પ્રમાણે મુલાકાતનો સમય ગોઠવવો જોઈએ.*
5) *પ્રાપ્ત માહિતીની નોંધ કઈ રીતે લેવાની છે, તે અંગે પૂરતી પૂર્વ તૈયારી કરી લેવી જોઈએ.*
6) *માહિતી આપનારનો સહકાર અને વિશ્વાસ પ્રાપ્ત કરતા તેની સાથે તાદત્મ્ય કેળવવું.*
7) *માહિતી આપનારને શાંતિથી અને રસપૂર્વક સાંભળવા.*
8) *સામાન્ય જાણકારીથી શરૂઆત કરીને પછી અઘરી જાણકારી મેળવવી જોઈએ.*
9) *મુલાકાત આપનારને કંટાળો લાગે ત્યારે મુલાકાત પડતી મૂકવી જોઈએ.*

### 6.4.2 ફોકસ ગ્રુપ ડીસ્કસન (FGD)કેન્દ્રવર્તી જૂથ ચર્ચા :-

*ક્ષેત્રકાર્ય શહેરી – સ્લમ વિસ્તારમાં જઈને કરવાની કામગીરી છે અને તેના માટે જરૂરી માહિતી હોવી જરૂરી છે. સ્લમ વિસ્તારમાં રહેલા તમામ વસાહતીઓની, સામાજિક સમસ્યાઓ, ભૌતિક*

સમસ્યાઓ, તેઓનું આર્થિક રોજગારીના સ્રોતો, શૈક્ષણિક સામાજિક ગતિશીલતા વગેરેનો અભ્યાસ કરવો જરૂરી બને છે. જેના માટે માહિતી મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ. જેમાં પ્રાથમિક માહિતી –જે આંકડાકીય રીતે માહિતી ઉપલબ્ધ હોય છે. જે નગરની, વોર્ડની કે કસ્બાની કચેરીમાંથી તેની માહિતી મળતી હોય છે. મળતી માહિતીમાંથી તે મુદ્દાઓને મુખ્ય ગણીને તેની ખરાઈ કરવાના (સાચા તથા ખોટાની પરખ માટે) અસરકારકતાં જૂથ સાથે બેસીને વ્યક્તિગત અથવા સામૂહિક પ્રશ્નોના ઉકેલની દિશા માટેનું પણ આ પગથિયું છે. અહીંયા પરિસ્થિતિ અને માહિતી આપનારને ધ્યાનમાં રાખીને મુલાકાત પ્રશ્નોમાં બાંધછોડ કરવાની હોય છે. મુદ્દાઓ ભલે નિશ્ચિત હોય, પરંતુ પરિસ્થિત પ્રમાણેનું અનુકૂલન સાધવું એ આ મુલાકાતનું લક્ષણ છે. અણધારી મળતી માહિતીને સ્પષ્ટ કરવા માટે બીજા પૂરક પ્રશ્નો પણ લઈ શકાય છે. તેથી સમાજકાર્ય ક્ષેત્રકાર્યમાં સામાન્ય રીતે આ પ્રકારને વધુ પસંદ કરવામાં આવે છે. જેનાથી ગુણાત્મક પ્રકારની અને પરિસ્થિતિને વધુ સ્પષ્ટ કરતી જાણકારી પ્રાપ્ત થાય છે.

**6.4.3 નિરીક્ષણ :**

નિરીક્ષણ એ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ વિશેની માહિતી મેળવવાની પ્રક્રિયા છે. વાસ્તવિક ઘટના કે પરિસ્થિતિ સમગ્રપણે નિકટથી અને હેતુપૂર્વક જોવી તે નિરીક્ષણ કહેવાય. આ નિરીક્ષણના બે પ્રકાર

1) સહભાગી નિરીક્ષણ
2) અસહભાગી નિરીક્ષણ

સહભાગી નિરીક્ષણમાં તમારે સ્લમમાં લોકો સાથે ભળી જઈને તેમની પ્રવૃત્તિઓમાં સહભાગી બનીને નિરીક્ષણ કરવાનું છે. આમાં તમારે સ્લમ વિસ્તારનાં સભ્ય તરીકે અને ક્ષેત્રકાર્યના વિદ્યાર્થી એમ બે ભૂમિકા ભજવવાની છે.

અસહભાગી નિરીક્ષણ તમને સ્લમ વિસ્તારમાં બનતી ઘટનાઓ, બનાવો, ભૌતિક પરિસ્થિતિ, જન્મ, લગ્ન, મરણની વિધિઓ વગેરેની જાણકારી મેળવવામાં મદદરૂપ થાય છે. ક્ષેત્રકાર્ય દરમિયાન તમારે કેટલીક પરિસ્થિતિમાં સહભાગી તો કયારેક અસહભાગી નિરીક્ષણની મદદથી સ્લમ વિસ્તારની પરિસ્થિતિ અને જરૂરી જાણકારી – સમજ મેળવવી.

**6.4.4 સર્વેક્ષણ :**

નગર સમાજશાસ્ત્રની શરૂઆતથી જ નગરીય પર્યાવરણ અને નગર સમુદાયોના સર્વેક્ષણાત્મક અભ્યાસોને પ્રાધાન્ય મળ્યું છે. પ્રારંભના તબક્કામાં એવા અભ્યાસો મુખ્યત્વે નગરજીવનની સુધારણાના લક્ષ્ય સાથે સંકળાયેલા હતા. આ પદ્ધતિની મદદ વડે નગર સમુદાય અગર તો નાગરી જીવનની કોઈ પણ બાબતને લગતા આંકડાઓ અને હકીકતલક્ષી માહિતી એકઠી કરવામાં આવે છે, અને જે એકઠી થયેલી માહિતી હોય છે તેનું સરળ વર્ગીકરણની મદદથી વર્ણનાત્મક આલેખન થાય છે. કેટલીક વખતે જે તે અભ્યાસ સાથે સંકળાયેલી ઘટનાને લગતી હકીકતદર્શી માહિતીને આધારે તેના લક્ષણો પણ તારવવામાં આવે છે. આ પદ્ધતિથી થતાં સંશોધનો સૈદ્ધાંતિક ધારણાઓ ઉપર આધારિત ન હોવાથી મોટા ભાગે તે નાગરી માળખાની સર્વસામાન્ય એવી સમજૂતી આપવામાં સમર્થ હોતા નથી. તેથી હવે નગર સમાજશાસ્ત્રીઓ નગર અને નગરજીવનની વાસ્તવિક પરિસ્થિતિઓને લગતી માહિતી પૂર્વ પરિભાષિત ખ્યાલો (પ્રિડિફાઈન્ડ ઓબ્જેક્ટિવસ) અને ધારણાઓના સંદર્ભમાં એકઠા કરવાનું વધુ ઉપયોગી જણાવે

છે. જો કે સર્વેક્ષણ પદ્ધતિની મદદ વડે એકઠા કરાયેલા આંકડાઓ અને માહિતીનું આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓથી વિશ્લેષણ કરી ઉચિત અર્થઘટન કરવામાં આવે તો વધુ અર્થપૂર્ણ તારણો પ્રાપ્ત કરી શકાય છે. આ દિશામાં રોબર્ટ થાર્ક, બર્ગેસ અને બોગાર્ડસનો ફાળો ખૂબ જ અગત્યનો રહ્યો છે. બોગાર્ડસ તો આગળ જઈને સામાજિક અંતર માપન અર્થે તેમના નામથી ઓળખાતો "બોગાર્ડસ સ્કેલ" પણ વિકસાવ્યો. બોગર્સે પણ સર્વેક્ષણ પદ્ધતિ એકઠા કરેલા આંકડાઓના આંકડાશાસ્ત્રીય માપનમાં ખૂબ રસ દર્શાવ્યો છે, કારણ કે તેઓ માનતા હતા કે નગર સમુદાયો અને નાગરી જીવનને લગતા હકીકતદર્શી આંકડાઓનું આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓથી માપન કરીને વિશ્વસનીય આગાહી અને સુધારણા માટેના અસરકારક પગલાં સૂચવવામાં ખૂબ મદદ રહે છે.

### 6.4.5 પરિસ્થિતિ શાસ્ત્રીય પદ્ધતિ:-

નગર સમાજશાસ્ત્રમાં પરિસ્થિતિશાસ્ત્રીય પદ્ધતિથી થતા અભ્યાસોમાં "કુદરતી વિસ્તારો" નો ખ્યાલ કેન્દ્ર સ્થાને હોય છે. નગર સમુદાય તેની બાંધણીમાં એક બીજાથી ભિન્ન એવા અનેક કુદરતી રીતે વિકસેલા વિસ્તારોનો રચાયેલો હોય છે. એવો દરેકે દરેક વિસ્તાર તેના રહીશો, સંસ્થાકીય ક્રિયાઓ, ભૌતિક લાક્ષણિકતાઓ, જીવન ધોરણો, ભાવાત્મક બાબતો અને પરંપરાઓ વગેરેના સંદર્ભોમાં પરિસ્થિતિશાસ્ત્રીય પદ્ધતિનાં સંશોધનો માટે ઉચિત આધાર પ્રદાન કરે છે. મોટે ભાગે નગર સમુદાયની બાંધણીમાં રહેલા આ વિસ્તારો એકબીજાથી ભિન્ન પડતા હોય છે. આ હકીકત પાછળનું પ્રમુખ કારણ એ હોય છે કે નગરના આયોજન વિનાના કુદરતી વિકાસમાં પણ એક દોર રહેલો હોય છે તેવી નગર વિકાસની પ્રક્રિયામાં ઔદ્યોગિક વેપારિક વસાહતો અને શૈક્ષણિક સંસ્થાઓ વગેરેના વર્ચસ્વ ધરાવતા ભિન્ન વિસ્તારો સ્વાભાવિક રીતે જ ઉપસી આવે છે. પોલિન યંગ કહે છે કે "આ કુદરતી વિસ્તારો નગર આયોજનનું પરિણામ હોતા નથી પણ નગર વિકાસના ઉદભવતા સ્વરૂપનાં ગત્યાત્મક પાસાંના' ભાગ રૂપે અસ્તિત્વમાં આવે છે." એટલે કે એવા વિસ્તારો જે તે નગરની ભૌતિક પરિસ્થિતિઓ સાથેના સમાયોજનની પ્રક્રિયા દરમિયાન વિકસતા હોય છે. પરિસ્થિતિ શાસ્ત્રીય પદ્ધતિથી થતા નગર સમુદાયોના અભ્યાસમાં આ ધારણા કેન્દ્રસ્થાને હોય છે. આ પદ્ધતિ વડે નગરની આંતરિક રચના અને વિકાસની પ્રક્રિયા દરમિયાન તેમાં આવતા ફેરફારોનો અભ્યાસ થાય છે. વળી, ગ્રામ અને નગર સમુદાયો વચ્ચેના તફાવતો નગરના જુદા - જુદા વિસ્તારોના સ્થળકીય વિસ્તરણની લાક્ષણિકતાઓ અને નગર સમુદાયનો વર્ચસ્વ પ્રદેશ દર્શાવવામાં પણ આ પદ્ધતિ ઉપયોગી થાય છે.

### 6.4.6 વસ્તીશાસ્ત્રીય પદ્ધતિ :-

વસ્તીશાસ્ત્રીય પદ્ધતિથી થતા સંશોધનોમાં નગરની વસ્તીના બંધારણ, વસ્તીનું કદ, જન્મદર, મૃત્યુદર, અને સ્થળાંતર વગેરેનો સંદર્ભમાં નગર સમુદાયોનો અભ્યાસ થાય છે. વળી, વસ્તીની વૃદ્ધિના પ્રવાહો તપાસી નગર સમુદાયોમાં આવતા પરિવર્તનોની દિશા જાણવાના પ્રયાસો પણ થાય છે. આ પદ્ધતિ વડે નાગરી વસ્તી વૃદ્ધિ મુખ્યત્વે ત્રણ સ્ત્રોતોથી તપાસવામાં આવે છે.

1) કુદરતી વૃદ્ધિ
2) સ્થળાંતર અને
3) પુનઃ વર્ગીકરણ

કુદરતી વૃદ્ધિ ત્યારે શકય બને છે, જયારે કે જે નગરમાં મૃત્યુ દરથી જન્મ દર ઉચો હોય છે.સ્થાળાંતરથી વસ્તી ત્યારેજ વધે છે, જયારે નગરમાં સ્થળાંતર કરીને આવનારા લોકોની સંસ્થા નગર

છોડીને અન્યત્ર જનારા લોકો કરતા વધારે હોય છે અને પુનઃવર્ગીકરણ મારફતે નગરની વસ્તી ત્યારે વધે છે, જ્યારે ગ્રામ તરીકે નોંધાયેલ સમુદાયોને નગરમાં સમાવી લઈને નગરના ભાગ તરીકે ગણવાનું શરૂ થાય છે. આધુનિક ઔદ્યોગિક યુગમાં ખાસ કરીને વિકસતા સમાજોમાં નગરોની વસ્તીની વૃદ્ધિ મોટા ભાગે નગર તરફી સ્થળાંતરને કારણે થઈ રહી છે. પ્રસ્તુત પદ્ધતિની મદદથી નગર સમુદાયોના અભ્યાસોમાં આંકડાશાસ્ત્રીય રીતોથી વિશ્લેષણ કેન્દ્ર સ્થાને હોય છે. એટલે કે વિવિધ આંકડાશાસ્ત્રીય રીતોનો ઉપયોગ કરી નગરની વસ્તીને લગતા લક્ષણો અને નગરના વસ્તી વિષયક બંધારણ આવતા પરિવર્તનનો વ્યાપ અને તેની દિશા તપાસવામાં આવે છે. વળી, વસ્તીની વૃદ્ધિની જીવન ધોરણ ઉપર પડતી અસરોનું પણ માપન થાય છે. તે ઉપરાંત પ્રજાતિ, જ્ઞાતિ, લગ્ન વિષયક દરજ્જો, જન્મસ્થળ, વ્યવસાય, આવક, શિક્ષણ વગેરેના પરિવર્યો વડે પણ નગરની વસ્તીનું વિશ્લેષણ કરવામાં આવે છે. એવાં સંશોધનોમાં મુખ્યત્વે વસ્તી ગણતરી વડે એકઠા થયેલા આંકડાઓ ઉપર આધાર રાખવો પડે છે. તેથી આ પદ્ધતિ વડે તારવેલા તારણો મોટે ભાગે દૈતીયિક માહિતી ઉપર આધાર રાખે છે. એવી માહિતીની વિશ્વસનિયતા અને પ્રામાણિકતા તપાસી અર્થપૂર્ણ તારણો પ્રાપ્ત કરવા ઘણી અગત્યની બાબત હોય છે. કેટલાક વિદ્વાનો એવું માને છે કે વસ્તીશાસ્ત્રીય સંશોધન પદ્ધતિમાં, આંકડાઓમાં અને આંકડાશાસ્ત્રીય રીતોને એટલું વધારે પ્રાધાન્ય મળી જતું હોય છે કે સીધી રીતે દેખાતી વાસ્તવિકતાઓ પણ આંકડાઓની જાળમાં છૂપાઈ જાય છે.

**6.4.7 તુલનાત્મક પદ્ધતિ :**

સમાજશાસ્ત્રીય સંશોધનોમાં તુલનાત્મક પદ્ધતિ પ્રયોગાત્મક સંશોધન પદ્ધતિની અગત્ય ધરાવે છે. આ પદ્ધતિની મદદથી સામાજિક પર્યાવરણની જટિલતા વચ્ચે પણ વિશ્વસનીય અને પદ્ધતિસર રીતે જુદી-જુદી ઉપકલ્પનાઓ અને ખ્યાલોનું પરીક્ષણ કરી શકાય છે. વળી એક પરિવર્ત્યની ક્રિયાશીલતાનો જુદી - જુદી પરિસ્થિતિઓ હેઠળ અભ્યાસ કરી ઉચિત સિદ્ધાંતો અને ખ્યાલો તારવવામાં પ્રસ્તુત પદ્ધતિની સમાજશાસ્ત્રીય અભ્યાસોમાં આગવી ઉપયોગિતા રહેલી છે. આ અર્થમાં નગર સમાજશાસ્ત્રની સંશોધન પદ્ધતિઓમાં પણ તુલનાત્મક પદ્ધતિનું ઘણું મહત્ત્વ રહેલું છે. સ્થળ અને કાળના ભેદ વિના માનવસમાજમાં નગરોનું અસ્તિત્વ માનવ ઈતિહાસ જેટલું જ જુનું ગણાવી શકાય છે. તેમ છતાં સમયે સમયે અને સ્થળે સ્થળે નગરોનું વર્ચસ્વ, કાર્યો, વસ્તીવિષયક બંધારણ વગેરે. સરખાં રહ્યો નથી. તુલનાત્મક અભ્યાસ પદ્ધતિની મદદથી સ્થળ અને કાળના સંદર્ભમાં નગર - નગર વચ્ચે રહેલી આધારભૂત સમરૂપતા અને તફાવતો તારવી શકાય છે. એવી માહિતી નગર સમુદાય અને નગર જીવનની વૈજ્ઞાનિક સમજૂતીમાં ખૂબ જ ઉપયોગી થઈ રહે છે. આધુનિક યુગની જ વાત કરીએ તો નાગરી પર્યાવરણ અને નગરીકરણની અસરો આજે વિશ્વવ્યાપી હોવા છતાં તેના પરિણામો સર્વસમાજોમાં એકસરખાં જોવા મળતાં નથી. વિકસતા સમાજોમાં નગરીકરણનાં પરિણામો વિકસિત સમાજોની તુલનામાં ભિન્ન પ્રકારના છે તેમજ વિકસતા સમાજોમાં પણ અંદરોઅંદર આ બાબતમાં સમરૂપતા જોવા મળતી નથી. એવી પરિસ્થિતિમાં તુલનાત્મક પદ્ધતિની મદદ વડે નાગરી પર્યાવરણ અને નગરીકરણની સાર્વત્રિક હોય તેવી સામાન્ય અસરો અને સ્થાનિક એવી વિશિષ્ટ પ્રકારની તારવી શકાય છે. એન્સલમ સ્ટ્રોસ નગર સમાજશાસ્ત્રના સંશોધનમાં તુલનાત્મક પદ્ધતિની ઉપયોગિતા દર્શાવતા કહે છે કે નાગરી પર્યાવરણ અને નગરીકરણની અસરોને લગતા વિશ્વસનીય સિદ્ધાંતીકરણ અર્થે તુલનાત્મક પદ્ધતિનો ઉપયોગ થવો જોઈએ. તેઓ કહે છે કે છૂટક - છૂટક ઘટનાઓના અભ્યાસોને સ્થાને ઉચિત તુલના કરી શકાય એવા બે નિદર્શનો ઉપયોગ કરી તે ઘટનાની પદ્ધતિસર સમજૂતી હાંસલ કરવી જોઈએ. આ જ રીતે ફિલીપ હાઉઝર પણ નગર સમાજશાસ્ત્રની સંશોધન પદ્ધતિઓમાં તુલનાત્મક સંશોધન પદ્ધતિની ખાસ

અગત્ય દર્શાવે છે. તેઓ કહે છે કે વિશેષ કરીને વિશ્વના અર્ધવિકસિત સમાજોની પ્રગતિ અર્થે તુલનાત્મક દૃષ્ટિબિંદુથી ઉદ્યોગીકરણ અને નગરીકરણની અસરોનું મખન અને દિશા સમજવી ખૂબ જ જરૂરી છે.

**6.4.8 સહભાગી સ્લમ વિસ્તારની ચકાસણીની પદ્ધતિઓ :**

સહભાગી સ્લમની ચકાસણી (PRA)થી સ્થાનિક લોકો પોતાના જીવનના અનુભવો, જ્ઞાન અને પરિસ્થિતિ વિશેની સમજણને એકબીજા સાથે ચર્ચા વિચારણા કરી, તેમાં સુધારા - વધારા કે પરિવર્તન લાવવાની કાર્યક્ષમતાને સારી રીતે ઓળખતા થાય છે. અહિંયા તમારે ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં પી.આર.એ. ના માધ્યમથી લોકોને પોતાના સ્લમ વિસ્તારનો ઉપરોક્ત મુજબના મુદ્દાઓની પરિચય કરાવતા કરાવતા તમારે પરિચય મેળવવાનો છે. સમાજકાર્ય વૃતાંતના એકમનું અને ૪ માં અપાયેલી જાણકારી અને સમજને મેળવવામાં પી.આર.એની નીચે મુજબની પદ્ધતિઓ ઉપયોગી બનશે.

1) સહભાગી નકશા બનાવવા (Mapping)
2) દિન ચર્ચા (Daily Work)
3) સમય રેખા (Timeline)
4) ઋતુ ચક્ર (Seasonal Cycle)
5) ગુણાંકન અને અગ્રતાક્રમ(Ranking and Matrix)
6) ગોળ રેખા કૃતિ(Pie chart / Chapatti Diagram)
7) સંપતિ અથવા સુખાકારીનો નિશ્ચિત ક્રમ(Wealther Ranking)
8) વેન રેખાકૃતિ (Venn Diagram)
9) જોડાણ દર્શાવતી રેખાકૃતિ(Linkage Dingram)
10) ઐતિહાસિક અવલોકન (Historical Diagram)
11) પદ ચલન (Transect Walk)

- **પીઆરએની પ્રક્રિયા સમયે ધ્યાનમાં રાખવાની અગત્યની બાબતો.**

1) આરામપ્રદ સ્થળ અને સમયની પસંદગી કરો, જરૂરી સાધન સામગ્રી સાથે રાખો.
2) બધા લોકો / જૂથો પ્રક્રિયામાં જોડાય તેવા પ્રયત્નો કરી અને પ્રક્રિયા સતત ગતિશીલ રહે તે માટે પ્રયત્નશીલ રહો.
3) લોકોને પોતાની વાત કહેવાની તક અને સમય આપતા સતત અવલોકન કરતાં રહો.
4) લોકો પાસેથી અને લોકો સાથે રહી શીખવું તેમજ લોકોને પ્રક્રિયાની જવાબદારી સત્તા અધિકાર સોંપવા.
5) લોકોની સાથે વિશ્વસનીય વાતાવરણ ઉભું કરતાં તેઓ કરી શકે તેવું આશ્વાસન, પ્રોત્સાહન અને વિશ્વાસ આપતા રહો.
6) પીઆરએ માટે એક ટીમ બનાવો અને ટીમની મદદથી જ પીઆરએ કરાવો.
7) પ્રક્રિયાનું વિગતવાર દસ્તાવેજીકરણ કરવું.

### 6.5 ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન :

સમાજકાર્યમાં અહેવાલ લેખન આગવી અને મહત્વની બાબત છે.

ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનમાં દૂરવર્તી અભ્યાસ હોવાથી દૈનિક કે કલાકોમાં દર પાંચ કલાકની કામગીરી પ્રમાણેનો અહેવાલ અને સત્રાંત અહેવાલ લેખન કરવું.

**6.5.1ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનનું મહત્વ.**

1) ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન એ એક પૂરાવા કે સાબિતિ તરીકે ઉપયોગી છે.
2) ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન તમને પ્રત્યક્ષકાર્ય દરમિયાન રહી જતી મર્યાદાઓ અને વધારે સારું શું કરી શકાય જેનાથી મર્યાદાઓ ઓછી કરી શકાય તેનું દર્શન કરાવે છે.
3) ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનથી મળેલ માહિતિનું વર્ગીકરણ, પૃથ્થકરણ કરવું સહેલું બને છે.
4) ક્ષેત્રકાર્ય અહેવાલ લેખન દ્વારા સમાજકાર્ય જ્ઞાન અને ક્ષેત્રકાર્યમાં તેનો અમલ વગેરે બાબતોની સમજણમાં વધારો થાય છે.
5) ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનથી તમને માર્ગદર્શન આપવામાં સુપરવાઈઝરને યોગ્ય મદદ મળે છે.
6) ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનથી લોકોની સમસ્યાઓના સંદર્ભમાં તમે એક તારણ ઉપર આવી શકો છો, તેમજ આ માહિતીના આધાર પર તમને ઉકેલની પ્રક્રિયા કરવામાં મદદ મળે છે.

- **દૈનિક અહેવાલ કે કલાક અહેવાલ.**

સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય દરમિયાન નીચે મુજબના માળખામાં દૈનિક કે કલાક અહેવાલ બનાવી સુપરવાઈઝરને નિયમિત મૂલ્યાંકન માટે બતાવવા અને સત્રના અંતે યુનિવર્સિટીમાં જમા કરાવવા.

**દૈનિક કે કલાક અહેવાલ લેખનનું માળખું**

અહેવાલ નંબર :

તારીખ :

વાર :

સમય :

સ્થળ :

વિદ્યાર્થીનું નામ :

માર્ગદર્શકનું નામ :

| | | |
|---|---|---|
| **ક્ષેત્રકાર્યનાં ઉદેશ્ય** | : | જે દિવસે ક્ષેત્રકાર્યમાં જઈએ તે દિવસે તેના ઉદેશ્ય નોંધવા આવશ્યક. |
| **કાર્ય પ્રક્રિયા** | : | ક્ષેત્રકાર્ય દરમ્યાન સામાજિક ક્રિયા, આંતરક્રિયા કરેલ કાર્યનો અહેવાલ લખવો. |
| **મુલાકાત લીધેલા વ્યક્તિઓ** | : | મુલાકાત લીધેલ વ્યક્તિઓની માહિતી મેળવી. |

**સ્વ-મૂલ્યાંકન** : *મળેલ નવી જાણકારી, સમજ, વિકસેલ કુશળતા, થયેલ સારો કે ખરાબ અનુભવ વગેરે.*

**ભાવિ આયોજન** : *નવી બાબત અને આગામી કાર્ય માટે આયોજન કરવાનું છે. શું કરવાના છો તેને જણાવતા આયોજન બનાવવું*

**6.5.2 સત્રાંત અહેવાલ :**

*માળખામાં સત્રાંત અહેવાલ બનાવી સુપરવાઈઝરને જમા કરાવવો.*

*સ્લમ વિસ્તારના ક્ષેત્રકાર્ય સત્રાંત અહેવાલ માળખું :*

*સ્લમના ક્ષેત્રકાર્યનો સમયગાળો :-*

*તારીખ :-* *થી તારીખ :-*

*વિદ્યાર્થીનું નામ :-*

*પરીક્ષા નંબર :-*

*ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારનું નામ :*

*માર્ગદર્શકનું નામ :*

*સેન્ટર*

*વિભાગ*

*મહા વિદ્યાલય.*

*ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય, અમદાવાદ*

*વર્ષ :* ______________________

*વિદ્યાર્થીઓ પરિચય :- (એક પાનામાં લખવો.)*

................................................................................
................................................................................
................................................................................
................................................................................
................................................................................

1) *પૂરું નામ :*

2) *જન્મ તારીખ અને સ્થળ :*

3) *વતન અને રહેઠાણનું સરનામું :*

4) *કુટુંબની આવકનો સ્રોત :*

5)મહત્ત્વ શૈક્ષણિક લાયકાત : ડીગ્રી_______________, મુખ્ય વિષય : ________________

6)સમાજકાર્યમાં જોડાવાની પ્રેરણા ક્યાંથી અને કેવી રીતે મળી :

7) રસ અને શોધના ક્ષેત્રો :

8) પુસ્તકોનું વાંચન :

1)અભ્યાસ સુધીમાં વાંચેલા પુસ્તકોની યાદી

2) સત્ર –2દરમિયાન વાંચેલા પુસ્તકોની યાદી

(લેખનનું નામ, પ્રકાશન વર્ષ, પુસ્તકનું નામ, પ્રકાશકનું નામ અને સ્થળ)

1) પ્રસ્તાવના :
2) સત્ર -2ના ક્ષેત્રકાર્ય હેતુઓ :-
3) ક્ષેત્રકાર્યમાં અહેવાલ લેખનનું મહત્ત્વ :- (દૈનિક કે કલાકો અને સત્રાંત બંન્ને અહેવાલને ધ્યાનમાં રાખીને મુદ્દાસર લખવું)
4) સ્લમ વિસ્તારનું નામ અને સરનામું :- સ્લમ વિસ્તાર સુધી પહોંચવાના વિકલ્પો. (દા.ત. સ્થાનિક વાહન, ઓટો રીક્ષા, એસ.ટી. વગેરે…)
5) સ્લમ વિસ્તારનો ઈતિહાસ :- સ્લમ વિસ્તારનું નામ, જ્ઞાતિ, ધર્મ, વ્યવસાય, ઐતિહાસિક સ્થાન.
6) ભૌગોલિક સ્થાન :- દિશા, નકશો, જિલ્લા અને તાલુકાથી અંતર વગેરે…
7) સ્લમ વિસ્તારની વસતીનું વિશ્લેષણ :- (જાણકારીને કોષ્ટક, આલેખ, ચિત્રના માધ્યમથી મૂકી શકાય.) કુલ વસ્તી, બાળકો. સ્ત્રી-પુરુષ પ્રમાણે, જ્ઞાતિ પ્રમાણે, ધર્મ પ્રમાણે, શિક્ષણ પ્રમાણે, વ્યવસાય પ્રમાણે, મજૂરી પ્રમાણે, ખેત મજૂરી ઉદ્યોગોમાં મજૂરી, અન્ય મજૂરી), નોકરિયાત પ્રમાણે, આર્થિક સ્થિતિ પ્રમાણે, (એપીએલ, બીપીએલ, અંત્યોદય, અન્ય) જમીન માલિકી પ્રમાણે બહારથી સ્થળાંતરિત પ્રમાણે વગેરે..
8) સ્લમ વિસ્તારમાં ભૌતિક સુવિધા - સગવડતાઓ અને તેની સ્થિતિનું વર્ણન : (નકશો બનાવીને મૂકવો અને દરેકની વિગતવાર જાણકારી આપવી.) પોસ્ટ, વિજળી, બેંક, રસ્તા, વાહન - વ્યવહાર,સરકારી ખાનગી, બજાર, દુકાનો, સ્ટ્રીટ લાઈટ, શાળા, દવાખાનું, પાણીની વ્યવસ્થાના સાધનો, આંગણવાડી, જાહેર વિતરણ વ્યવસ્થા (પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર) વગેરે…
9) સ્લમમાં ઔદ્યોગિકરણ અને તેની અસરો (હકારાત્મક અને નકારાત્મક) : (નકશો મૂકી શકાય. ઔદ્યોગિકરણને સ્લમ વિસ્તારના લોકો સાથેના સંબંધને સ્પષ્ટ કરતાં સમજાવવું જોઈએ.) ઉપયોગોના પ્રકારો, સામાજિક અસરો, આર્થિક અસરો.
10) ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં કાર્યરત મંડળો અને સ્વૈચ્છીક સંસ્થાઓનો પરિચય :

અ) મંડળો : મહિલા મંડળો, યુવક મંડળ, અન્ય મંડળોના પરિચયનાં સભ્યોની સંખ્યા અને નામો, હોદ્દેદારો, કામગીરી - પ્રવૃત્તિઓ, ફાયદાઓ કે મુશ્કેલીઓ વગેરે અંગેની સમજ આપવી.

બ) સ્લમ વિસ્તારમાં સ્વૈચ્છિક સંસ્થાના પરિચયમાં નામ, સ્થળ, પ્રકાર, વિસ્તારમાં સંસ્થા દ્વારા કરવામાં આવતી કામગીરી-પ્રવૃત્તિઓ, ફાયદાઓ, મર્યાદાઓ કે મુશ્કેલીઓ વગેરે અંગેની સમજ આપવી.

11) ક્ષેત્રકાર્ય સ્લમની સ્થિતિ અને સંસ્થાઓની કામગીરી :- (આંકડાકીય જાણકારીને કોષ્ટક, આલેખમાં અને નકશો, ચિત્રોનો ઉપયોગ કરી વર્ણનાત્મક જાણકારી આપવી.)

અ) સ્લમ વિસ્તારની શૈક્ષણિક સ્થિતિ અને શૈક્ષણિક સંસ્થાઓ, તેની કામગીરી, અસરકારકતા અને મર્યાદા.

બ) સ્લમ વિસ્તારની આર્થિક સ્થિતિ અને સામાજિક સંસ્થાઓ, તેની કામગીરી, અસરકારકતા અને મર્યાદા.

ક) સ્લમ વિસ્તારની આર્થિક સ્થિતિ અને આર્થિક સંસ્થાઓ તેની કામગીરી અસરકારકતા અને મર્યાદા

ડ) સ્લમ વિસ્તારની આરોગ્ય સ્થિતિ અને આરોગ્ય સંસ્થાઓ તેની કામગીરી અસરકારકતા અને મર્યાદા.

ઈ) સ્લમ વિસ્તારથી રાજકીય સ્થિતિ અને રાજકીય સંસ્થાઓ તેની કામગીરી અસરકારકતા અને મર્યાદા

12) ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારની સમસ્યાઓ અને સમાજ કાર્યકર તરીકે ઓળખેલી હસ્તક્ષેપ જરૂરિયાત (વર્ણનમાં આંકડાકીય જાણકારી, નકશો, આલેખો, ચિત્રોનો ઉપયોગ કરી શકાય.)

અ) સમાજકાર્યમાં સમસ્યા ઓળખની પ્રક્રિયા

બ) ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં ઓળખેલ સમસ્યાઓ અને દરમિયાનગીરીની જરૂરીયાત.

13) ક્ષેત્રકાર્ય દરમિયાન લીધેલ સંસ્થા અને સરકારી વિભાગોની મુલાકાત : (દરેક સંસ્થા અને વિભાગ મુલાકાત માટે અલગ અલગ લખવું)

અ) મુલાકાત હેતુ

બ) મુલાકાતથી મળેલ જાણકારી અને પરિચય

ક) ક્ષેત્રકાર્યમાં મુલાકાત જાણકારી અને સંસ્થા કે વિભાગની ઉપયોગિતા

14) સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્યમાં ઉપયોગમાં લીધેલ સમાજકાર્યનું જ્ઞાન અને ઉપયોગિતા :-

(દરેક મુદ્દાઓને અલગ અલગ રીતે તમારા ક્ષેત્રકાર્ય અનુભવોના ઉદાહરણ સાથે સમજાવો.)

અ) સમાજકાર્યના સિદ્ધાંતોનો ઉપયોગ કર્યો.

બ) સમાજકાર્યની કુશળતાઓનો ઉપયોગ કર્યો.

ક) સમાજકાર્યની ભૂમિકાનો ઉપયોગ કર્યો.

ડ) સમાજકાર્યના મૂલ્યોનો ઉપગોક કર્યો.

15) સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય દરમિયાન થયેલા વિશિષ્ટ, નોંધનીય અનુભવો (મુદ્દાસર લખવું)

16) ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારનું સ્લમ વિકાસની દષ્ટિએ વિશ્લેષણ.

(દરેક પાંચ મુદ્દાઓ જણાવવા)

Strength –શક્તિ Weakness - નબળાઈ / મર્યાદાઓ

Opportunity– તક Threat -પડકારો

17) વ્યાવસાયિક સમાજ કાર્યકર તરીકે તમારું પોતાનું વિશ્લેષણ..

Strength – શક્તિ Weakness - નબળાઈ / મર્યાદાઓ

Opportunity – તક Threat -પડકારો

18) સ્લમ વિસ્તાર ક્ષેત્રકાર્યની દષ્ટિને ઉપયોગિતા

19) સ્લમ વિસ્તાર ક્ષેત્રકાર્યમાં પડેલી મુશ્કેલીઓ અને સૂચનો

20) સુપરવિઝનની જરૂરિયાત અને ઉપયોગિતા

21) સમયસારણી :- તારીખ, વાર, સમય, હેતુ અને તારણ (કામના દિવસો, કામના કલાકો, અહેવાલ લેખનના કલાકો, આવવા - જવાના કલાકો વગેરે બાબતોને આવરી લેતાં લખવું.

- **મૌખિક પરીક્ષામાં મૂલ્યાંકન સમયે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવી**

1) વિદ્યાર્થી કાર્યકર્તાએ પ્રથમ સત્રમાં જે રીતે ગ્રામ પંચાયત સાથે કાર્યક્ષેત્ર કર્યું તે જ રીતે બીજા સત્રના ક્ષેત્રકાર્ય માટે નજીકના કોઈ શહેર/તાલુકામાં સ્લમ વિસ્તાર પસંદ કરવાનો રહેશે.
2) વિદ્યાર્થી કાર્યકર્તાએ બીજા સત્રમાં સુપરવાઈઝરની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ, ક્ષેત્રકાર્ય માટે આવવા - જવાનો અને અહેવાલ લેખનનો સમય બાદ કરતા કુલ 150 કલાકનું ક્ષેત્રકાર્ય કરવાનું રહેશે.
3) આ દૂરવર્તી શિક્ષણ પદ્ધતિ હોવાથી યુનિવર્સિટી તરફથી તમને ક્ષેત્રકાર્ય માટે કોઈ નક્કી વાર, સમય કહેવામાં આવતો નથી, પરંતુ વિદ્યાર્થી કાર્યકર્તાએ તેમની સમયની અનુકુળતા પ્રમાણે જાતે જ ક્ષેત્રકાર્યમાં જવા માટેનું સમય પત્રક બનાવવાનું રહેશે અને માર્ગદર્શક સાથે તેની ચર્ચા કરવી આવશ્યક છે. જેથી માર્ગદર્શક તમને મદદ - માર્ગદર્શક - દેખરેખ નિયંત્રણની કામગીરી માટે તેઓ પણ એક સમયપત્રક બનાવી શકે અને તમને યોગ્ય માર્ગદર્શક આપી શકે.
4) વિદ્યાર્થીએ આપવામાં આવેલ માળખા અનુસાર અહેવાલ લેખન કરીને યુનિવર્સિટી દ્વારા પ્રમાણિત થયેલા દસ્તાવેજીકરણનું મૂલ્યાંકન કરવું.
5) ક્ષેત્રકાર્યના, સુપરવિઝનના અહેવાલ લેખનના અને ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનના હેતુઓને ધ્યાને રાખીને મૂલ્યાંકન કરવું.
6) વિદ્યાર્થી સાથે ખૂબ ટેકનીકલ કે સૈદ્ધાંતિક બાબતોમાં વધુ ન જતા તેના વલણ, અભિમુખતા અને કુશળતામાં આવેલ બદલાવને સમજવો.

7) *વિદ્યાર્થીઓની જૂથમાં મૌખિક પરીક્ષા ન લેતા વ્યક્તિગત રીતે મૂલ્યાંકન કરવું.*
8) *ક્ષેત્રકાર્ય મૂલ્યાંકન માટે કોઈ લેખિત પરીક્ષાનું આયોજન ન કરવું.*
9) *ક્ષેત્રકાર્યનું મૂલ્યાંકન મૌખિક પરીક્ષા* (VIVA) *દ્વારા થશે. જેમાં આંતરિક મૂલ્યાંકન (ક્રેડિટ* - 50 *માર્ક) અને બાહ્ય મૂલ્યાંકન (ક્રેડિટ* 50*માર્ક) થશે. તેમાં વિદ્યાર્થી કાર્યકરતી ક્ષેત્રકાર્યમાં નિયમિતતા, અહેવાલ લેખન (દૈનિક અને સત્રાંત અહેવાલ) અને ક્ષેત્રકાર્યમાં કરેલી કામગીરીને ધ્યાનમાં લઈને મૂલ્યાંકન કરવામાં આવશે.*

## 6.6 સ્લમ વિસ્તારના ક્ષેત્રકાર્યની ગોઠવણી :

### 6.6.1પૂર્વ ચકાસણી પત્રક :

*આ પત્રકમાંના પ્રશ્નોનો હેતુ વિદ્યાર્થી કાર્યકરના જ્ઞાન, કુશળતા અને વલણની કસોટી લેવાનો છે. જે તમારા શૈક્ષણિક મૂલ્યાંકનનો ભાગ નથી, પરંતુ તમારામાં આવતા વ્યાવસાયિક બદલાવને સમજવા માટે જરૂરી છે.*

**જ્ઞાન :**

1) *સ્લમ એ કયા કારણે રચાય છે?*
A)*ગરીબી* B) *નિરક્ષરતા*
C)*વસ્તી વધારો* D) *અન્ય*

2) *સ્લમ ફક્ત મોટા શહેરોમાં જ હોય છે?*
A)*હા*B) *ના* C) *કહી ના શકાય*

3) *એક સ્લમમાં કોઈ એક જ જ્ઞાતિના લોકો રહેતા હોય છે.*
A) *સાચું* B)*ખોટું* C)*ખબર નથી*

4) *સ્લમના લોકોની આજીવિકાનો મુખ્ય સ્ત્રોત કયો છે?*
A) *છુટક મજૂરી* B) *નોકરી*
C) *ધંધો* D) *અન્ય*

5) *સ્લમમાં લોકો સૌથી વધુ પૈસા કયા ક્ષેત્રમાં વાપરે છે ?*
A)*સામાજિક રિવાજ* B) *શિક્ષણ*
C) *વ્યસન* D) *અન્ય*

**કુશળતા :**

1) *સ્લમના ક્ષેત્રકાર્ય દરમિયાન કઈ કુશળતા મહત્ત્વની છે ?*
A)*પ્રશ્નો પૂછવાની* B)*ધ્યાનથી સાંભળવાની*
C) *સંબંધ સ્થાપવાની* D) *અન્ય*

2) *સ્લમના ક્ષેત્રકાર્યની દરમિયાન સમાજકાર્યનું કયું મૂલ્ય જાળવવું સૌથી વધુ મહત્ત્વ છે ?*

A) *વ્યક્તિ ગૌરવ* B) *સામાજિક ન્યાય*
C)*વ્યક્તિની વિકાસમાં ભાગીદારી* D)*અન્ય*

3) શું તમે જૂથના લોકોને સંબોધીને કોઈ વિષય પર બોલી શકો છો ?

A)હાB) ના C)પ્રયત્ન કર્યો નથી.

4) શું તમે લોકો દ્વારા આડકતરી રીતે કહેવાતી સમસ્યાનું યોગ્ય અર્થઘટન કરી શકો છો ?

A)હા B) ના

C) સમજ પડતી નથી. D)ક્યારેક

**વલણ :**

1) સ્લમના લોકોમાં વ્યસનનું પ્રમાણ વધુ હોય છે.

A) સહમત B) અસહમત C) કહી ના શકાય.

2) સ્લમમાં ગંદકીનું પ્રમાણ વધુ હોય છે.

A) સહમત B)અસહમત C) કહી ના શકાય.

3) સ્લમના લોકો તેના બાળકોના શિક્ષણ પ્રત્યે બેદરકાર હોય છે.

A) સહમત B) અસહમત C) કહી ના શકાય.

4) સ્લમના લોકો સરકાર સામે પોતાના પ્રશ્નોની રજૂઆત કરી શકતા નથી, કારણકે

A) તે અભણ છે. B)રજૂઆતની કળા નથી.

C) તેઓ સમસ્યાઓથી ટેવાઈ ગયા છે. D)અન્ય

## 6.7 ક્ષેત્રકાર્ય માટે સ્લમ વિસ્તારની પસંદગી

તમે જયારે સમાજકાર્ય પારંગતના દૂરવર્તી અભ્યાસક્રમમાં જોડાવ છો, ત્યારે તમારા ક્ષેત્રકાર્યનો શહેરી - સ્લમ વિસ્તાર નક્કી કરવો અગત્યનું બની જાય છે. તમારે ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારની પસંદગી મોટા ભાગે પોતાના વિસ્તાર સિવાયના વિસ્તારને પ્રાથમિકતા આપવી જોઇએ. તેમજ તમારા રહેઠાણ કે વતનથી ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારનું અંતર વધારે ન રહે તેની કાળજી પણ રાખવી જોઈએ. ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તાર સુધી પહોંચવાની અગવડતાઓ હોઈ શકે એટલે કે સગવડતાઓ / સુવિધાઓ ઓછી હોય તેવા વિસ્તારની ક્ષેત્રકાર્ય તરીકે પસંદગી કરવામાં આવે તો વધુ ઉપયુક્ત બની રહેશે. પરંતુ આવી પસંદગી સમયે તમારા રહેઠાણથી દૂર ન હોય તે જોવું. વિદ્યાર્થીને ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તાર નક્કી કરવાની નિર્ણય પ્રક્રિયામાં સુપરવાઈઝર ફેસિલિટેશન ભૂમિકાથી તેમને મદદરૂપ થશે

## 6.8 તમારી પ્રગતિ ચકાસો.

1) પી.આર.એ. ની પદ્ધતિ જણાવો.

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

2)ક્ષેત્રકાર્યની પ્રયુકતિ અને પદ્ધતિ જણાવો.

........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................

3)ક્ષેત્રકાર્યની અગત્યની પાંચ સૂચનો જણાવો.

........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................

4)ક્ષેત્રકાર્ય અહેવાલ લેખનનું મહત્વ જણાવો.

........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................

## 6.9 સારાંશ

*આ એકમમાં તમે સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્યની પ્રયુક્તિઓ અને ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનનો પરિચય કર્યો તમે ક્ષેત્રકાર્ય સ્લમ વિસ્તારમાં જઈને કરવાની કામગીરી કે પ્રવૃત્તિ માટે મુલાકાત, નિરીક્ષણ અને સહભાગી શહેરી ચકાસણીની પ્રયુક્તિઓનો ઉપયોગ કરી તેની જાણકારી મેળવી. ક્ષેત્રકાર્યની કામગીરી કે પ્રવૃત્તિઓનું દૈનિક અને સત્રના અંતે સત્રાંત અહેવાલ લેખન કરી દસ્તાવેજીકરણ કર્યું. ક્ષેત્રકાર્ય મૂલ્યાંકનના હેતુઓ, પદ્ધતિઓ અને તેમાં રાખવાની કાળજીની સમજ મળી. ઉપરાંત સ્લમ વિસ્તારમાં ક્ષેત્રકાર્ય કરતાં સમયે સમાજકાર્યની આચારસંહિતા મુજબની સૂચનાઓ અમલમાં મૂકી.*

## 6.10 ચાવીરૂપ શબ્દોઃ

| | | |
|---|---|---|
| **સ્લમ** | : | *ગરીબ સાધનહીન લોકોનો અસ્વચ્છ વિસ્તાર* |
| **તુલનાત્મક પદ્ધતિ** | : | *અભ્યાસના અન્ય વિષયો સાથે સમાનતાઓ અને તફાવતોનું વિશ્લેષણ કરીને સંપૂર્ણ અથવા આંશિક રીતે સમાનતા સ્થાપિત કરવાનો સમાવેશ થાય છે.* |
| **નિરીક્ષણ** | : | *નિરીક્ષણ એટલે જોવું, અવલોકન કરવું. કોઈ વસ્તુને સમજવા માટે તેનું મૂલ્યાંકન કરવામાં આવે છે તેને સરળ ભાષામાં નિરીક્ષણ કહે છે.* |
| **મુલાકાત** | : | *મુલાકાત એ પ્રત્યક્ષ વાતચીત દ્વારા માહિતી પ્રાપ્ત કરવાની પદ્ધતિ છે.* |

## 6.11 સંદર્ભ સૂચિ

1. Balsara j.f.:problems of rapid urbanization in india
2. Desai A.R. : Rural sociology in india.
3. દવે,જે.કે., શાહ,એ.જી..(1996). 'નગર સમાજશાસ્ત્ર' અમદાવાદ અનડા.
4. દેસાઈ એ.આર. અને ડૉ.નીરા દેસાઈ (સંપાદકો)
5. દોશી,હરીશ: નગર સમાજશાસ્ત્ર